ભાગ ૩



# સમાધિ શતક

આચાર્ય યશોવિજયસૂરિ

આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ - ૬૩

# સમાધિ શતક

ભાગ-૩

આચાર્ય યશોવિજયસૂરિ

• સૌજન્ય •

ગુરુભક્તો તરફથી...

**સમાધિ શતક (ભાગ-૩)**

**મૂલ્ય : ૮૦-૦૦ રૂ.**

**પ્રથમ આવૃત્તિ : જૂન, ૨૦૧૨**

**પ્રાપ્તિસ્થાન**


- **સેવંતીલાલ એ. મહેતા**
  ૪-ડી, સિદ્ધગિરિ એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ, સુરત
  ફોન : ૨૬૬૭૫૧૧ (મો.) ૯૮૨૪૧ ૫૨૭૨૭
  E-mail : omkarsuri@rediffmail.com
  mehta_sevantilal@yahoo.co.in

- **સરસ્વતી પુસ્તક ભંડાર**
  હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

- **ધીરૂભાઈ વડેચા**
  ૧૦૧, શ્રી ભુવન, પહેલે માળે, ૨૮૯, એસ.વી.પી. રોડ, મુંબઈ-૦૪
  ફોન : ૨૩૮૭૬૩૧૫ (મો.) ૯૩૨૩૧ ૭૬૩૧૫

- **આચાર્યશ્રી ૐકારસૂરિ આરાધના ભવન**
  વાવ પંથક વાડી, દશાપોરવાડ સોસાયટી,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
  સુરેશભાઈ કે. મહેતા ફોન : ૨૬૫૮૦૦૫૩ (મો.) ૯૪૨૯૩ ૫૫૯૫૩

- **વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ**
  હાઈવે, ભીલડીયાજી (બ.કાં.)-ગુજરાત
  ફોન : ૨૭૪૪-૨૩૩૧૨૯


મુદ્રક : **કિરીટ ગ્રાફિક્સ**
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, પાનકોરનાકા, અમદાવાદ-૧ (મો.) ૯૮૯૮૪૯૦૦૯૧

## તારક છાયા

**શ્રી શત્રુંજય મંડન પરમ તારક**
**શ્રી આદિનાથ ભગવાન**

## દિવ્ય આશિષ

પૂજ્યપાદ, વચનસિદ્ધ યુગપુરુષ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, નિઃસ્પૃહ શિરોમણિ
મુનિપ્રવરશ્રી **વિનયવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, ભક્તિયોગાચાર્ય, સંયમૈકદષ્ટિ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **ભદ્રસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, વિદ્વદ્વર્ય મુનિપ્રવર શ્રી **જનકવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, સંયમૈકનિષ્ઠ મુનિપ્રવરશ્રી **હ્રીંકારવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, તપસ્વિરત્ન મુનિપ્રવરશ્રી **વિલાસવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, શાસનધુરીણ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **ૐકારસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, વર્ધમાનતપોનિધિ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **ભદ્રંકરસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, આગમપ્રજ્ઞ શ્રુતસ્થવિર
પ્રવર્તક મુનિપ્રવરશ્રી **જંબૂવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, આરાધનારત મુનિરાજશ્રી **જિનચન્દ્રવિજયજી** મહારાજા સાહેબ

## આશિષ

પૂજ્યપાદ, પ્રશાન્તમૂર્તિ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **અરવિન્દસૂરીશ્વરજી** મહારાજા
પૂ. સાધ્વીજી **કલ્પલતાશ્રીજી** મહારાજ (માતુશ્રી મહારાજ)

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૪૮ | શુભનો વેગ અને શુદ્ધ | ૨ |
| ૪૯ | સાધના છે મઝાની, મઝાની | ૯ |
| ૫૦ | સાક્ષીભાવ ભણી | ૧૭ |
| ૫૧ | 'મુજ લોચન અમીય ઠરંતા...' | ૨૩ |
| ૫૨ | તમે છો આનંદઘન ! | ૩૨ |
| ૫૩ | આકાશને કોણ ચીતરી શકે ? | ૩૭ |
| ૫૪ | બાહિર નૈનાં ક્યોં ખોલે ? | ૪૩ |
| ૫૫ | સૂકા પાંદડા જેવું આ વ્યક્તિત્વ ! | ૫૦ |
| ૫૬ | ભીતરી આનન્દ : કેવો તો મધુર ! | ૫૭ |
| ૫૭ | સાધનાનું પ્રવેશદ્વાર | ૬૪ |
| ૫૮ | આપીડન, પ્રપીડન, નિષ્પીડન | ૭૧ |
| ૫૯ | શો અર્થ આ દોડનો ? | ૭૮ |
| ૬૦ | જીવન્મુક્તિ ભણી | ૮૩ |
| ૬૧ | 'ગુરુ નિરંતર ખેલા...' | ૯૦ |
| ૬૨ | આત્મદર્શિતાથી આત્મરમણતા સુધી | ૯૬ |
| ૬૩ | ભીતરી મહાવિદેહ | ૧૦૨ |
| ૬૪ | આત્માનુભૂતિ ભણી | ૧૦૯ |
| ૬૫ | પરમ આનંદના લોકમાં | ૧૧૬ |
| ૬૬ | આન્તરયાત્રા | ૧૨૨ |
| ૬૭ | જગતને જોવાની ભિન્ન ભિન્ન દષ્ટિઓ | ૧૨૮ |
| ૬૮ | તને ઓળખ, તને ભૂલી જા ! | ૧૩૫ |
| ૬૯ | 'નેતિ નેતિ'નો લય | ૧૪૧ |
| ૭૦ | પરમ ભાવની પ્રાપ્તિ | ૧૪૮ |
| ૭૧ | રસ અને રીઝ | ૧૫૫ |
| ૭૨ | આત્મભાવ ભણીનું પ્રયાણ | ૧૬૦ |
| ૭૩ | 'વેધકતા વેધક લહે...' | ૧૬૬ |
| ૭૪ | ઉપાદાન શુદ્ધિનો મઝાનો માર્ગ | ૧૭૨ |
| ૭૫ | રાગ, દ્વેષની શિથિલતા | ૧૭૮ |
| ૭૬ | તમે સ્વમાં જ હો... | ૧૮૩ |


• • •

## ૪૮

## આધાર સૂત્ર

*આતમજ્ઞાને મન ધરે,*
*વચન-કાય-રતિ છોડ;*
*તો પ્રગટે શુભ વાસના,*
*ગુણ અનુભવકી જોડં[1]...(૪૮)*

વચનની અને કાયાની રતિને છોડીને સાધક આત્મજ્ઞાનમાં મનને સ્થિર રાખે છે. અને એથી શુભ ભાવના અને ગુણાનુભૂતિનું દ્વન્દ્વ પ્રગટે છે.

૧. જોડિ, B - F

# ૪૮

## શુભનો વેગ અને શુદ્ધ

સીતાજીને વનવિહારમાંથી પાછા ફરવાનું મહારાજા દશરથે સુમંત દ્વારા કહેવડાવ્યું ત્યારે સુમંતને સીતાજીએ કહેલું : 'નહિ મગ શ્રમ, ભ્રમ, દુઃખ મન મોરે...' (રામચરિત માનસ - ૨/૯૮/૧) મને નથી તો માર્ગમાં ચાલવાનો શ્રમ, નથી કોઈ મંજિલ

સંબંધી ભ્રમ અને નથી કોઈ માનસિક પીડા... છતાં, આપની આજ્ઞા હોય તો મને એ સ્વીકાર્ય છે. મહારાજાએ વનવિહારની હા પાડી.

સાધના પણ સુપેરે ન થાય ત્યારે આ ત્રણ પીડાઓ અન્તસ્તરને ઘેરી વળે : શ્રમ, ભ્રમ, દુઃખ. સાધના સુપેરે થાય તો આપણેય સીતાજીના જેવો અનુભવ કરીએ. માર્ગમાં ચાલીએ ને તરોતાજાં થઈએ.

• • •

સાધના છે મઝાની.

બાળક મમ્મીની ગોદમાં બેસી પાંચ કિલોમીટર ફરી આવે. થાક લાગે એને ?

આપણી સાધના આવી છે. 'એ' જ કરાવે છે સાધના. 'એ'ની સાથે – પરમપ્રિયની સાથે ચાલવાનું. મઝા જ મઝા હોય ને !

પરમપ્રિયનો હાથ આપણી પીઠ પર ફરતો હોય ત્યારે અવાક્ થઈ જવાય. શું આ બની શકે ? ક્યાંક મારી અવધારણા તો આ નથી ? 'આશ ધરીને હું પણ આવ્યો, નિજ કર પીઠ થપેટીએ....' જેવી સ્તવનાની પંક્તિઓ રટીને આવ્યો હોઈશ અને મને એનો આભાસ તો નહિ થતો હોય ?

અને પછી, 'એ' પોતે જ પ્રતીતિ કરાવી દે કે એ ખુદ 'એ' જ હતો. ને ત્યારે યાદ આવે પૂ. આનંદઘન મહારાજની પંક્તિ : 'પ્રેમ પ્રતીત વિચારો ઢૂકડી...' જોકે, એમણે કહ્યું છે એથી પણ ઢૂકડી/નજીક ઈશપ્રેમની પ્રતીતિ તમને થયેલ હોય.

પૂ. આનન્દઘનજી મહારાજે તો પરમપ્રિયના માર્ગ પર દોડવાનું કહ્યું છે અને સાથોસાથ એ દોડનાં એક એક પગલાંને ગુરુ પાસે પ્રમાણિત કરાવવાનું

કહ્યું છે. ('દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ; પ્રેમ પ્રતીત વિચારો ઢૂકડી, ગુરુગમ લેજો રે જોડ..) અને એટલે જ આપણને થાય કે હું તો આ રીતે દોડ્યો પણ નથી... તો પછી આ વાસ્તવ છે કે ભ્રમણા છે ? પરંતુ સ્પષ્ટ પ્રતીતિ મળે. લાગે કે પ્રભુ વરસી જ રહ્યા છે. આપણને પ્રભુએ અપવાદ રૂપ ગણ્યા છે. આપણે 'એ'ના જ છીએ ને ! 'થોડું લખ્યું ઝાઝું કરી માનજો...' એમ પ્રીતિ-વ્યવહારમાં લખાતું હોય છે. પ્રભુએ સાચમાચ આપણી રજ જેવી સાધનાને મેરુ સમાન લેખી.

સાધના...

પ્રભુની હૂંફાળી આંગળી પકડીને થતી યાત્રા... અને માટે જ આરામદાયક યાત્રા... શ્રમમુક્ત યાત્રા.

● ● ●

'નહિ મગ શ્રમ, ભ્રમ, દુઃખ મન મોરે...'

યાત્રા પ્રભુ સાથેની. યાત્રા ગુરુદેવ સાથેની... ભ્રમણાનો અવકાશ જ ક્યાં રહ્યો ?

ગુરુની આ કરુણા તો જુઓ કે તેઓ સાધનાના શિખરેથી નીચે ઊતરે છે, તલાટીએ આવે છે અને આપણને લઈને ઉપર ચઢે છે.

સવાલ એ થાય કે ગુરુની આ વ્યાપિની કરુણા - જે આજે આપણને ઉપર ચઢાવી રહી છે - પહેલાં આપણા હાથ થામવા કેમ નહોતી આવી?

સદ્ગુરુ તો તૈયાર જ હતા. આપણે ક્યાં તૈયાર હતા ?

સંત કબીરની એક પંક્તિ છે : 'ગુરુ કૃપાલ કૃપા જબ કિન્હી, હિરદે કમલ વિકાસા; ભાગા ભય, દશોં દિશિ જાગા...' કૃપાળુ ગુરુએ જ્યારે કૃપા

કરી ત્યારે હૃદયકમળ વિકસ્યું, ભય ભાગ્યો, દશે દિશા પ્રસન્ન થઈ ઊઠી... 'ગુરુ કૃપાલ કૃપા જબ કિન્હી...' અહીં 'જબ'નો શો અર્થ થાય તેવો પ્રશ્ન ઊઠે. ગુરુ જો કૃપાવતાર હોય તો સતત કૃપા તેઓ વરસાવ્યા જ કરે. ક્યારેક કૃપા વરસાવે તેવું કેમ બને ?

હકીકતમાં 'જબ' શબ્દ શિષ્યના સ્તર પર ખૂલે છે. કૃપાળુ ગુરુદેવની કૃપાધારાને જ્યારે શિષ્યે ઝીલી...

અને એ 'જ્યારે'ની ખબર શિષ્યને ક્યારેય નહિ પડે. એણે ગુરુની પાસે રહ્યા કરવું પડશે. ઉપનિષદ્. અને એક ક્ષણ આવશે જ્યારે ગુરુ એના પર વરસી પડશે.

• • •

'નહિ મગ શ્રમ, ભ્રમ, દુઃખ મન મોરે...' માર્ગનો શ્રમ નહિ, ભટકવાનો ડર નહિ, માનસિક કોઈ પીડા નહિ. 'મંજિલ મળશે કે નહિ' ની કોઈ અધીરાઈ નથી.

હકીકતમાં, અહીં માર્ગ જ મંજિલ બને છે અને એટલે જ ભક્તોએ મંજિલ - મોક્ષ - કરતાં માર્ગને / ભક્તિને વધુ પ્યારો ગણેલ છે. ધનપાલ કવિ 'ઋષભ પંચાશિકા'માં કહે છે : 'होही मोहुच्छेओ तुह सेवाए धुवत्ति नंदामि । जं पुण न वंदिअव्वो, तत्थ तुमं तेण झिज्झामि...' પ્રભુ ! તારી સેવા કરતાં મોક્ષ મળશે એનો મને આનંદ છે. પણ ત્યાં તારી ભક્તિ છૂટી જશે તેનું શું ? અહીં ભક્તને મંજિલની ચિંતા નથી. માર્ગ પ્રત્યે તેનો ખૂબ લગાવ દેખાય છે. માર્ગ પ્રત્યેની ઉત્કટ તમન્ના. હવે કઈ ચિંતા ? 'નહિ મગ શ્રમ, ભ્રમ, દુઃખ મન મોરે...'

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને મમળાવીએ : 'આતમજ્ઞાને મન ધરે, વચન-કાય રતિ છોડ; તો પ્રગટે શુભ વાસના, ગુણ અનુભવકી જોડ...'

મનને આત્મગુણોમાં સ્થાપવું. વચન અને કાયા બહિર્ભાવની રતિમાં લાગેલા છે, તેમાંથી તેમને મુક્ત કરાવવાના. તો...? તો, એક મઝાનું દ્વન્દ્વ પ્રગટે છે શુભ વાસના અને ગુણાનુભૂતિનું.

'વચન-કાય-રતિ છોડ...' એક છે વચનરતિ, એક છે વચનાનન્દ. એક છે કાયરતિ, એક છે કાયાનન્દ.

કો'કે કહ્યું : તમે બહુ સરસ બોલ્યા. તમને એ વચન સાંભળતાં અહંકાર ઉત્પન્ન થયો. આ થઈ વચનરતિ.

પરંતુ, પરમાત્માના પ્યારા, પ્યારા વચનને સાંભળતાં અપાર હર્ષ જાગી ઊઠે ત્યારે ઊપજે છે વચનાનન્દ.

કાયાના સ્તર પર અનુકૂળ કંઈક વેદન થયું તો કાયરતિ. સારું ખાધું, સારું પીધું; રતિભાવ ઊછળ્યો, તો એ કાયરતિ.

અને, કાયા સાધનામાં વપરાય અને ખમાસમણ આદિ ક્રિયા કરતાં રોમે રોમે હર્ષ ઊછળે, તો તે છે કાયાનન્દ.

'વચન-કાય-રતિ છોડ...' વચનરતિ અને કાયરતિને છોડવી છે... હવે ? 'આતમજ્ઞાને મન ધરે...' મનને આત્મજ્ઞાનમાં મૂકી દેવું. આત્મસ્વરૂપના મજ્જનમાં... આત્મગુણોની અંદર : ઊંડે, ઊંડે.

વચનનાન્દ અને કાયાનન્દ આવ્યા એટલે શુભમાં ઝબોળાવાનું થયું. આત્મગુણોનું મજ્જન એટલે શુદ્ધની સફર.

'તો પ્રગટે શુભ વાસના, ગુણ અનુભવકી જોડ...' મહત્ત્વનો શબ્દ છે અહીં વાસના. શુભમાં વેગ આવવો જોઈએ. શુભમાં મન લીન બની જવું જોઈએ. ભક્તની વ્યાખ્યા આપતાં, એટલે જ, ભક્તિસૂત્રમાં નારદ ઋષિ કહે છે : 'તન્મયાઃ'... તેમાં ડૂબેલ હોય, તે ભક્ત. હું અને તું-માં ડૂબેલ આપણે... નારદ ઋષિ કહે છે : હવે 'તે'માં ડૂબો. તે એટલે પરમાત્મા...

શુભમાં વેગ આવ્યો કે શુદ્ધને સ્પર્શાશે. શુભના રન-વે પર ચેતનાનું વિમાન દોડે અને શુદ્ધના આકાશમાં છલાંગે...

શુભમાં છે સાધનાની લંબાઈ અને પહોળાઈ : સ્વાધ્યાય અને અનુષ્ઠાનો. શુદ્ધમાં છે ઊંડાણ : આત્માનુભૂતિ.

'તો પ્રગટે શુભ વાસના, ગુણ અનુભવકી જોડ...'

શુભ બહુ જ મજાનું આપણી પરંપરામાં છે. મઝાનાં અનુષ્ઠાનો. મઝાનો સ્વાધ્યાય... હવે એમાં તન્મયતા ઉમેરવી છે. 'જ્ઞાનસાર' કે 'યોગસાર'ની એકાદ પંક્તિ પકડી... અને એને ઘૂંટીએ. આ ઘૂંટામણ સ્વાધ્યાયને અનુપ્રેક્ષાની મઝાની પાંખ આપશે. જેમ કે, યોગસારનો આ શ્લોકાર્ધ ઘૂંટીએ : 'आज्ञा तु निर्मलं चित्तं, कर्तव्यं स्फटिकोपमम्...' ચિત્તને એકદમ નિર્મળ બનાવવું તે પ્રભુની આજ્ઞા... ચિત્ત તન્ત્રનો પૂરેપૂરો કબજો આ વાક્ય લઈ લે એ રીતે આ વાક્યને ઘૂંટવું છે... પરિણામ હશે ભીતરી નિર્મળતા. શુભનો વેગ શુદ્ધમાં પરિણમ્યો.

■

## ૪૯

## આધાર સૂત્ર

*યોગારંભીકું અસુખ*
*અંતર, બાહિર સુખ;*
*સિદ્ધ-યોગકું સુખ હે*
*અંતર, બાહિર દુઃખ...(૪૯)*

યોગારંભીને બહાર સુખ હોય છે, ભીતર દુઃખ. સિદ્ધયોગીને ભીતર સુખ છે, બહાર દુઃખ હોઈ શકે.

પ્રારંભની યોગની ભૂમિકામાં રહેલ સાધકને દુઃખ એટલા માટે છે કે આટલી સરળ ને મધુર યોગની પ્રક્રિયા હતી, છતાં પોતે ચૂકી કેમ ગયો ? સુખ એ સન્દર્ભમાં કે યોગ દ્વારા મળતો આનંદ મળવો શરૂ થયો છે.

સિદ્ધયોગી માટે આ જ વસ્તુ શીર્ષાસનમાં ફેરવાઈ શકે. તેમની ભીતર તો સુખ જ સુખ છે. દ્રષ્ટાભાવ પૂરેપૂરો આવી ગયો હોય. અસુખ ક્યાંથી હોય ? હા, શરીરના સ્તર પર રોગજન્ય વેદના હોઈ શકે.

# ૪૯

## સાધના છે મઝાની, મઝાની

મહાન ધર્મનાયક ભગવાન હરિભદ્રસૂરિ મહારાજે સામાચારીમાં ભૂલ કરનાર એક મુનિવરને દંડ આપ્યો: એક મહિના સુધી તારે મારાં વસ્ત્રોનું પ્રતિલેખન નહિ કરવાનું.

મુનિરાજ ધ્રૂજી ગયા. રડી પડ્યા. 'ગુરુદેવ ! મને બીજું કોઈ પ્રાયશ્ચિત્ત ન આપી શકો આપ ? ગુરુદેવ ! મારી અશુદ્ધિને દૂર કરવાનું આ તો અમોઘ સાધન છે. આપનાં વસ્ત્રોને સ્પર્શું છું, ત્યારે તેમાંથી નીકળતાં આંદોલનો મારી અશુદ્ધિને ખંખેરી નાખે છે. ગુરુદેવ ! કૃપા કરો !

સિદ્ધયોગીનાં વસ્ત્રનાં આંદોલનોમાં આટલી તાકાત ! એમના શરીરમાંથી નીકળતાં આંદોલનો તો કેવાં સશક્ત હોય !

• • •

એક સિદ્ધયોગી, એક યોગનો પ્રારંભ કરનાર સાધક. આ કડી બેઉના ભીતરની સમૃદ્ધિની વાતો કરે છે. પહેલાં યોગારંભીના અન્તસ્તર પર કૅમેરા ફેરવાયો છે : 'યોગારંભીકું અસુખ અંતર, બાહિર સુખ...'

કડીના આ પૂર્વાર્ધના બે અર્થો થઈ શકે.

પહેલો સંદર્ભ એ રીતે ખૂલે કે સંસાર અભ્યસ્ત છે, સાધના અનભ્યસ્ત છે. તો, સાધનાના માર્ગે પગ મુકાય પણ ખરો, ચલાય પણ ખરું અને લડખડી પણ જવાશે. ત્યારે એમ પણ લાગે કે આપણા માટે આ અઘરું છે. જેમ કે મનની સ્થિરતાનો અભ્યાસ કરવાનો હોય. અભ્યાસમાં બેસાય અને થોડી જ વારમાં ખ્યાલ આવે કે મન તો ક્યાંય દૂર-દૂર જતું રહ્યું છે.

હવે ?

ફરી પકડી લાવો મનને. ફરી એ છટકે. 'पुनरपि ग्रहणम्, पुनरपि बहिर्गमनम्'. મન અનવરત ચાલ્યા કરે. સાધક થાકે. અહીં એને સાધના અઘરી લાગે. આ એક સંદર્ભ.

બીજો સંદર્ભ થોડા આગળ ગયેલ સાધકનો છે. એને ભીતર પીડા એટલા માટે થાય છે કે ઓહ ! આટલી સરળ સાધના પદ્ધતિ હતી અને પોતે એને

ચૂકી ગયો ! સુખ એ સંદર્ભમાં છે કે યોગ શરીરના ને મનના સ્તર પર સુખકર બની રહ્યો છે. યોગની સુખાકારિતાને સાધક અનુભવી રહ્યો છે. મનનું નિયંત્રણ હાથમાં આવવાથી કેટલાં બધાં બહારનાં દુઃખો પર નિયંત્રણ આવી ગયું !

હકીકતમાં, મન પરમાં જતું હતું / જાય છે એ જ તો તમામ ઉપાધિઓનું મૂળ છે ને ! એને પરમાં જવું ગમે છે. એને ભૂતકાળ અને ભવિષ્યકાળમાં જવાનું ગમે છે.

યોગ દ્વારા, શરૂમાં તો મન પરનું નિયંત્રણ અઘરું લાગ્યું. પણ જ્યાં પદ્ધતિ હાથમાં આવી ત્યાં...? હવે લાગે કે આવી સરળતા તો ક્યાંય નથી. મન તો કેવું કહ્યાગરું છે. !

તકલીફ એટલી જ હતી કે પહેલાં મનના સ્તર પરથી મનને પરમાં જ જવાની આજ્ઞા અપાતી. એ આજ્ઞા કેવી રીતે મનાઈ શકે ? એક નોકર બીજા નોકરને કંઈક કહેશે તો એ નોકર એ વાતને નહિ સ્વીકારે. પણ જો બૉસ એને કહેશે તો ...? તો એ તરત સ્વીકારશે. તેમ મનના સ્તર પરથી મનને કંઈક કહેવાશે તો મન એ નહિ સ્વીકારે, પણ ચિત્તના કે અસ્તિત્વના સ્તર પરથી-સૂચવાશે તો...? તો એ સ્વીકારાશે.

તો, આ સંદર્ભમાં પીડા થાય કે આવી સરસ સાધના મેં પહેલાં કેમ ન કરી ?

• • •

યાદ આવે ભક્તિયોગના ઉદ્‌ગાતા પૂજ્ય વીરવિજય મહારાજ : 'આવી રૂડી ભગતિ મેં પહેલાં ન જાણી...' અને ના જાણી એટલે જ તો 'સંસારની માયામાં મેં વલોવ્યું પાણી...' શો અર્થ હતો પાણી-વલોણાંનો ?

પાણી-વલોણું કર્યા જ કર્યું, કર્યા જ કર્યું, શું મળ્યું ? શું મળી શકે ? અહીં જ ભાવનની વિશેષતા સમજાય. બુદ્ધિ દ્વારા આપણને ખ્યાલ આવી જ જાય કે આનો કોઈ અર્થ નથી. પરંતુ અનાદિની સંજ્ઞા એવું વર્તુળ બનાવી નાખે, જ્યાં તમે વિચારી ન શકો. ને વર્તુળમાં ફર્યા કરો.

ભાવન... 'યોગશતક'માં પૂજ્ય હરિભદ્રાચાર્યે ભાવનને અસત્પ્રવૃત્તિ પર રોક લગાવનારું કહ્યું છે.[1]

• • •

ભાવન રસને મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ભક્તિના પર્યાય તરીકે લેખ્યો છે : 'સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો.'[2]

શું છે આ ભાવન રસ ?

શ્રુત જ્ઞાન અને ચિંતા જ્ઞાન પછી ભાવના જ્ઞાન આવે છે સાધના માર્ગ પર. ભાવન રસ છે ભક્તિમાર્ગ પર.

ભાવના જ્ઞાન... એક નાનકડી પંક્તિ લીધી : 'अस्ति चेद् ग्रन्थिभिज्ज्ञानम्...' ગાંઠોને ભેદે તે જ્ઞાન. ભીતર ઊતર્યા જ કરે આ પંક્તિ. ભીતર, ભીતર. હૃદયને એ ભીંજવે. આ ભીંજામણ સાધકને કઈ કક્ષાએ ઊંચકે છે એનું મજાનું ચિત્ર યોગશતક ટીકા આપે છે; ઔત્સુક્ય નિવૃત્તિ પદ દ્વારા.[3] સાધનાને મળેલો આ કેવો મઝાનો વળાંક ! સાધનાને લોકો જોડે સંબંધ ન રહ્યો. ઔત્સુક્ય નિવૃત્તિ. લોકોએ પોતાની સાધના માટે શું કહ્યું, શું નહિ એની સાથે સંબંધ સાધકને ન રહ્યો.

---

(૧) असप्पवित्तिविणिवित्तिसंजणगं; ગાથા : ૬૬, યોગશતક

(૨) પદ્મપ્રભ જિન સ્તવન

(૩) ગાથા : ૬૬

લોકો વચ્ચે ન હોય ત્યારે તમે હો છો અને હોય છે પ્રભુનું પ્યારું વચન. તમે એમાં ડૂબતા જાવ છો. ડૂબતા જાવ છો.

તો, સમીકરણો આવાં થશે :

સાધક વત્તા પ્રભુનું વચન તે ભાવના જ્ઞાન.

ભક્ત વત્તા પ્રભુનું વચન તે ભાવન રસ.

દેરાસરે ગયો છે ભક્ત. પ્રભુને એણે જોયા છે. અને એ ખોવાઈ ગયો છે પ્રભુમાં. પ્રભુમાં ખોવાવું, ઓગળવું, કણ કણ થઈ વિખેરાવું.

આ વિખેરાવું એટલે ચિત્તના દર્પણ પર લાગેલ ધૂંધળાપણાનું લુંછાવું, પોંછાવું. પછી ચિત્ત દર્પણમાં પ્રભુ ઝળકે. નરસિંહ મહેતાના શબ્દોમાં : ‘અચલ ઝળકે સદા અનળ દીવો...’

પ્રભુને જુઓ અને પ્રભુના ગુણોમાં ડૂબો. ભક્ત હવે છે પ્રભુની સાથે. ભાવન રસ પ્રભુની કૃપાધારાને મુશળધાર રીતે વરસવા માટે મજબૂર કરે છે. ભક્ત ભીંજાય છે. વિરહાશ્રુની ઝડી વરસી રહે છે. ને એ અશ્રુધાર કૃપાધારને ખેંચી લાવે.

એકવાર અનુભવ થયો, પછી ભક્ત વારંવાર એને માટે તલસતો હોય છે. અને એને માટે ભાવન રસનું સશક્ત માધ્યમ એને મળેલું છે. રસ, રીઝ (કૃપાધાર), રસ, રીઝ...આ ક્રમ ચાલ્યા કરે છે.[૪, ૫]

તો, આવો ભાવન રસ આત્મસાત્ થયા પછી એમ થાય કે આટલું બધું આ સરળ... ને મને આટલું મોડું કેમ મળ્યું ? ‘સિદ્ધયોગીકું સુખ હે અંતર,

---

(૪) રસ હોય તિહાં દોય (હોય) રીઝે જી. - પદ્મપ્રભ જિનસ્તવન.

(૫) मत्प्रसत्तेस्त्वत्प्रसाद-स्त्वत्प्रसादादियं पुनः । વીતરાગ સ્તોત્ર

બાહિર દુઃખ...' દ્રષ્ટાભાવ આવ્યો, જાગૃતિ પૂરેપૂરી છે; હવે અસુખ ક્યાં રહ્યું ? હા, શરીરના સ્તર પર વેદના હોઈ શકે.

શિવપુરી બાબાને પુછાયેલું : કાંટો વાગે તો તમને શું થાય ? બાબાએ સામે પૂછ્યું : થાય શું ? કાંટો વાગે તે જોવાનું. પછી તેમણે સમજાવ્યુંઃ પીડાનો બોધ હોઈ શકે, પરંતુ પીડા જોડે તાદાત્મ્ય નથી હોતું.

કેટલી સરસ વાત ! બહાર, શરીરના ખંડમાં કોલાહલ હોઈ શકે; ભીતરનો શયનખંડ શાંત, વાતાનુકૂલિત.

'શાન્તસુધારસ'ના સમછાન્દસ અનુવાદમાં સુહૃદ્દર, વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી ધુરન્ધરવિજયજી મહારાજે અનિત્ય ભાવના પર લખેલી પંક્તિઓ યાદ આવે :

મૂઢ ! તું મૂંઝ મા, મૂઢ ! તું મૂંઝ મા,
ચિંતવી વિભવ પરિવાર ગેહ;
વાયુકંપિત તૃણે ઉદકબિન્દુ જિસ્યું,
વિનય ! તું જાણજે જીવિત એહ...

પેખ નશ્વર સદા, વિષય સુખ મિત્રતા,
જોતજોતાં જતી હાસ્ય સાથે;
એહ સંસાર છે ક્ષણિક જિમ એક પળ,
ઝળહળે નિજથી મેઘ માથે...

સુખ અનુત્તર સુધીનું અતિશ્રેષ્ઠ જે,
કાળથી તેય પામે વિનાશ;
તો પછી અન્ય કઈ વસ્તુ સંસારની,
સ્થિર થતી તે તું મનમાં વિમાસ...

જેની સાથે રમ્યા, જેમને બહુ નમ્યા,
જેની સાથે કર્યા પ્રીતિવાદ;
તેમની દેખીએ ભસ્મ તોયે છીએ –
સ્વસ્થ, હા ! ધિક્ અમારો પ્રમાદ...

અનિત્ય ભાવનાનું પર્યવસાન નિત્ય આત્મતત્ત્વમાં થશે :
એક શાશ્વત ચિદાનન્દમય આત્મનું,
ધ્યાવતો રૂપ સુખ અનુભવું હું;
પ્રશમરસ અમૃતના પાન ઉત્સવ સદા
હો, અહીં સજ્જનોને હું ચાહું....

■

## ૫૦

# આધાર સૂત્ર

*સો કહીએ સો પૂછીએ,*
*તામેં ધરિયે રંગ;*
*યાતેં મિટે અબોધતા,*
*બોધરૂપ હુઈ ચંગ...(૫૦)*

તે જ પૂછો, તે જ કહો, તેમાં જ રસ રાખો કે જેથી અજ્ઞાન મનોહર એવા જ્ઞાનમાં પલટાય. (ચંગ = મનોહર, સુન્દર)

[યાતેં = જેથી]

# ૫૦

## સાક્ષીભાવ ભણી

દક્ષિણ ભારતના પ્રસિદ્ધ કવિ થિરુવલ્લુવર. લગ્ન પછી તેઓએ પત્નીને કહેલું : હું જમવા બેસું ત્યારે પાટલા પર સોયો અચૂક મૂકવો. પત્નીએ પ્રેમથી પતિની આજ્ઞા સ્વીકારી.

સવારે અને સાંજે બેઉ સમય પતિ જમવા બેસે ત્યારે બધી સામગ્રી સાથે સોયો પણ અચૂક મૂકે.

પચાસ વર્ષ લગ્નજીવનને પૂર્ણ થયાં. એટલા સમયમાં એકપણ વાર સોયાનો ઉપયોગ થયો નથી અને છતાં પત્નીને પૂછવાનું મન નથી થતું કે રોજ બન્ને સમય સોયાને મૂકવાની, લૂછવાની, આ બધી કડાકૂટ શા માટે ?

પતિએ પૂછ્યું : સોયો મૂકવાની આ કડાકૂટ શા માટે એવો પ્રશ્ન તને નથી થતો ? પત્ની કહે છે : કડાકૂટ શાની ? તમે કહો તે કરવામાં તો આનંદ જ આવે ને !

પત્નીને પ્રશ્ન પણ નથી થતો કે શા માટે પતિ આ મુકાવે છે ? પતિએ ખુલાસો કર્યો : ભાતનો એકપણ દાણો નીચે પડી જાય તો સોયા વડે એને લઈ પાણીના વાડકામાં ડબોડી શુદ્ધ કરી એ દાણો ખાઈ લેવો એ આશયથી સોયો મૂકવાનું કહેલું.

પતિને પચાસ વર્ષમાં એકપણ વાર સોયાનો ઉપયોગ ન કરવાનું થયું એ બહુ મોટી ઘટના ન હતી. પણ પચાસ વર્ષ સુધી આ રીતે સોયો મૂક્યા કરવો અને એ સંબંધી મનમાં પ્રશ્ન પણ ન થવો એ કંઈ નાનીસૂની ઘટના ન હતી.

• • •

સમર્પણ હોય છે ત્યાં પ્રશ્નો ઢળી પડે છે. ત્યાં હોય છે માત્ર સ્વીકાર.

ભક્ત પરમાત્માની બાજુથી જે વરસે છે, તેને ઝીલે છે. સાધક ગુરુદેવ દ્વારા અપાય છે તેને ઝીલે છે.

સંતનું શરીર રક્તપિત્ત વડે ઊભરાઈ ઊઠ્યું. ભક્તે પૂછ્યું : શાતામાં ? આનંદમાં ? સંત કહે છે : એકદમ આનંદમાં. 'અરે, પણ શરીર તો રક્તપિત્તના દર્દ વડે ઘેરાયું છે. લોહી-પરુ શરીરમાંથી ટપકી રહ્યા છે. આનંદ શી રીતે ?'

સંત કહે છે : અશાતાને / પીડાને આવવાની કોઈ બારી જ પરમચેતનાએ ખુલ્લી નથી રાખી ને ! એક બારી દ્વારા બધું આવી રહ્યું છે અને એ બારી દ્વારા જ્યારે 'એ' પોતે બધું મોકલી રહ્યા હોય ત્યારે એ બધું મઝાનું જ હોય ને ! 'મધુરાધિપતેરખિલં મધુરમ્.'

આ સરસ ભારતીય તત્ત્વજ્ઞાનનો દૃષ્ટિકોણ : 'એ' આપે તે સારું જ હોય...' અને એની સામી બાજુ, સારું તે જ હોય, જે પરમચેતના દ્વારા મળે. બીજું બધું વ્યર્થ, અસાર. આ થયો ભક્તનો દૃષ્ટિકોણ.

સાધક પાસે છે સાક્ષીભાવ.

શ્રીપાળકુમારને ધવલ શેઠ વહાણમાંથી દરિયામાં નાખે. કિનારે આવેલ શ્રીપાળજીની કોઈ પ્રતિક્રિયા નહોતી. માત્ર જોયા કરતા હતા તેઓ. વહાણમાંથી પડતી પોતાની કાયાને પણ જોઈ હતી તેમણે. અને રાજમહેલમાં સુખભોગમાં રહેલ કાયાને પણ તેઓ જોતા હતા. પ્લૅટફૉર્મ પર રહેલ મુસાફર આગગાડીને સરકતી જુએ તેમ.

• • •

કાયાને જોવી... એક મઝાની સાધના... જમતી વખતે શરીરને ભોજન કરતું તમે જોયું છે ? હાથ ઊંચકાઈ રહ્યો છે. રોટલી મોઢામાં જઈ રહી છે અને તમે જોઈ રહ્યા છો.

શરીર સાથેનું તાદાત્મ્ય તોડવા માટેનો આ મઝાનો ઉપાયઃ દ્રષ્ટાભાવ. સાક્ષીભાવ. તમે માત્ર જોનાર છો.

સાધુ સ્વાધ્યાય, વેયાવચ્ચ આદિમાં સતત ઓતપ્રોત રહે છે અને છતાં તેઓ થાકતા નથી. શું કારણ ? કારણ છે સાક્ષીભાવ. કારણ છે સમર્પિતતા. હું વેયાવચ્ચ કરું છું આ ભાવ હોત તો થાક લાગત.

• • •

કર્તૃત્વ છે બોજિલ ઘટના. સાક્ષીભાવ છે બોજવિહીન ઘટના. કર્તૃત્વમાં અપેક્ષાઓ છે. સાક્ષીભાવમાં નિરપેક્ષ દશા છે.

તમે કશુંક કર્યું. હવે અપેક્ષા રહેશે કે બીજાઓ એને સારું કહે. કો'કે એ કાર્યને સારું કહ્યું, તો તમારી ભીતર ગમાનાં આંદોલન પ્રસરશે. કો'ક તેને બરોબર નહિ કહે તો અણગમાનાં આંદોલનો ફેલાશે.

• • •

ગુરુ નિરપેક્ષતાની ધારા પર સાધકને દોડાવવા માંગે છે. સાક્ષીભાવની ધારા પર. રાજા ભર્તૃહરિ ગુરુ પાસે આવ્યા. વિનતિ કરી : મને સંન્યાસ આપો !

ગુરુ કહે છે : ઉકરડા પર પડેલ ચીંથરાની લંગોટી બનાવી નગરમાં ભિક્ષાએ જઈ આવ. પછી હું જોઉં.

લંગોટી પણ વ્યવસ્થિત કાપડની નહિ. ચીંથરાની. નગરમાં ફરવાનું. લોકો શું કહેશે તે વિચારવાનું નહિ.

લોકો જોઈને હસે તોય પ્રતિભાવ-વિહોણા રહેવાનું.

ભર્તૃહરિ એ પરીક્ષામાંથી પસાર થયા. ગુરુએ તેમને દીક્ષા આપી.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ : 'સો કહીએ સો પૂછીએ, તામેં ધરીએ રંગ; યાતેં મિટે અબોધતા, બોધરૂપ હુઈ ચંગ...' કંઈક બોલતાં પહેલાં કે કશુંક પૂછતાં પહેલાં સાધકના મનમાં એક વિચાર ઊઠશે : આ બોલવાથી, આ પૂછવાથી મારું અજ્ઞાન ઓછું થશે ? મારો અહંકાર આનાથી ઘટશે ?

વિદ્વાન વક્તાની સભામાં ચતુરાઈભર્યો પ્રશ્ન પૂછનારના ચહેરાને ઘણીવાર જોવાનું થાય. પ્રશ્ન પૂછ્યા પછી એ સજ્જનના મુખ પર જ્ઞાનનો(?) ભાર દેખાય. જેને વહેંચવા માટે તે આજુબાજુના શ્રોતાઓને જોતો હોય.

ઑશોને એક પત્રકારે પૂછેલું : તમે એક પુસ્તકમાં ભારતીયોને સર્વશ્રેષ્ઠ તરીકે બતાવ્યા છે. ને બીજા પુસ્તકમાં ભારતીયોને સહુથી હીન બતાવ્યા છે. તમારું કયું વિધાન સાચું ? ઑશો કહે : બેઉ વિધાન સાચાં છે. અને પછી હસતાં હસતાં કહ્યું : કારણ કે હું પણ ભારતીય છું અને તમે પણ ભારતીય છો.

કેવો કરુણ અંજામ ચતુરાઈભર્યા પ્રશ્નનો !

'સો કહીએ, સો પૂછીએ...' તે જ બોલો, તે જ પૂછો; જેથી અજ્ઞાન સંકોચાય. 'તામેં ધરીએ રંગ.' એ જ કાર્ય કરવાનું, જેથી અહંકાર ન વધે.

■

## ૫૧

## આધાર સૂત્ર

*નહિ કછુ ઈન્દ્રિય વિષયમેં,*
*ચેતનકું હિતકાર;*
*[1] તોભી જન તામેં રમે,*
*અંધો મોહ અંધાર[2]...(૫૧)*

ઈન્દ્રિયોના વિષયમાં - પરને જોવા, સાંભળવા આદિમાં - ચેતન માટે કલ્યાણકર શું છે ? કંઈ જ નથી. છતાં માણસ તેમાં ડૂબેલો રહે છે. મોહનું અંધારું કેવું તો સઘન છે !

૧. લોભી જન તામેં રમેં, B - F      ૨. અંધકાર, B

# ૫૧

'મુજ લોચન અમીય ઠરંતા...'

ભક્ત સૂરદાસજી ક્યાંક જઈ રહ્યા હોય છે. કહે છે કે તેમની આંખો કોઈ સ્ત્રીના રૂપ પર પડી. ખ્યાલ આવતાં જ તેઓ ચોંકી ઊઠે છે : 'મારી આંખો પ્રભુના દર્શન માટે જ છે; એ બીજું કંઈક

જુએ તો કેમ ચાલે ?' અને કથા કહે છે કે તેમણે પોતાની બેઉ આંખો ફોડી નાખી.

આવી કથાઓ પરંપરાના જે મઝાના આવરણમાં વીંટળાયેલી હોય છે, એ આવરણની પાર જઈએ ત્યારે કથાનો ઈંગિત સમજાય. સૂચિતાર્થ એ હોઈ શકે કે સૂરદાસજીએ પર રૂપ માટે પોતાની આંખો અંધ બનાવી દીધી. પછી એમની આંખો જુએ છે માત્ર પરમ-રૂપને.

સૂરદાસજીની જ એક પંક્તિ યાદ આવે : 'જિન આંખિન મેં નવિ રૂપ વસ્યો, ઉન આંખિન સેં સબ દેખિયો ક્યા ?' જે આંખોમાં પ્રભુનું રૂપ નહિ વસ્યું, એ આંખો વડે શું જોશો ?

મજાની વાત એ છે કે અહીં પંક્તિમાં પ્રભુનું રૂપ એવા શબ્દો નથી; માત્ર રૂપ શબ્દ છે અહીં. ભક્ત કવિ એ કહેવા માંગે છે કે પ્રભુનું રૂપ તે જ રૂપ; બાકીનું યા તો અરૂપ, યા કુરૂપ.

દેશ અને કાળને વીંધીને ભક્ત કવિની આ વાણીની અનુગુંજ પડઘાઈ છે જર્મન કવિ રિલ્કેની આ પ્રાર્થના-પંક્તિમાં : Put out my eyes, so that can see you. શ્રી હરીન્દ્ર દવેએ રસળતી ગુજરાતીમાં આ પ્રાર્થના અનૂદિત કરી છે : 'ઠારી દે આ દીપ નયનના, તવ દર્શનને કાજ, જો કાચ નથી આ ખપના...

• • •

ઈન્દ્રિયોને સાંકળવી જોઈએ પ્રભુની સાથે.

શ્રી યુગમંધર જિન સ્તવનામાં મઝાની કલ્પના કરી છે : 'શ્રવણાં સુખિયાં તુમ નામે, નયણાં દરિસન નવિ પામે; એ તો ઝઘડાને ઠામે...' પ્રભુ ! કાનને

તો તમારું નામ સાંભળવા મળ્યું અને એ રાજીના રેડ થઈ ગયા; પણ આંખોને તમારું દર્શન નથી મળતું. પ્રભુ ! આ તો ઝઘડાની વાત થઈ.

ઝઘડો પણ કેવો ? 'ચાર આંગલ અંતર રહેવું, શોકલડીની પરે દુઃખ સહેવું; પ્રભુ વિણ કુણ આગળ કહેવું ?' આંખ અને કાન વચ્ચે ચાર આંગળનું અંતર. એમાં એકને પ્રભુનામ મળે, બીજીને પ્રભુરૂપ ન મળે; આ કેવું ભારે દુઃખ ? પ્રભુ વગર આ દુઃખની વાત કોને કહેવી ?

ઝઘડાનું નિરાકરણ શી રીતે ? 'મોટા મેળ કરી આપે... કેવલ નાણ યુગલ થાપે...' મોટા પુરુષો પાસે જઈએ એટલે બે જણના ઝઘડાનો અંત આવી જ જાય. પ્રભુ ! તમે અમને કેવળ જ્ઞાન અને કેવળ દર્શન આપી દો. તમને પ્રત્યક્ષ જોઈશું. હવે ઝઘડો કેવો ને વાત કેવી ?

• • •

શ્રી શીતલનાથ પ્રભુની સ્તવનામાં પૂજ્ય માનવિજય મહારાજે ઈન્દ્રિયોના પ્રભુ સાથેના મનોહર સંબંધની કથા કહી છે.

'તુજ મુખ સન્મુખ નીરખંતાં, મુજ લોચન અમીય ઠરંતા; તેહની શીતલતા વ્યાપે, કિમ રહેવાયે કહો તાપે...'

પ્રભુના મુખને જોયું આંખોએ. અને આંખોમાં આંસુ થીજી ગયાં. એ દર્શનસુખની શીતલતા જ્યારે અસ્તિત્વમાં વ્યાપી ત્યારે તાપ-ઉકળાટ ક્યાં હોય ?

પહેલી વાર આ સ્તવના જોતો હતો ત્યારે 'અમીય ઠરંતા...' પદ પાસે અટકેલો. પ્રભુને જોતાં આંખો હર્ષાશ્રુને વરસાવે, છલકાવે. તો 'અમીય વરસંતા' કે 'અમીય છલકંતા' એવું પદ જોઈએ. 'અમીય ઠરંતા' પદ કેમ આવ્યું ?

પ્રશ્ન તો થયો. જવાબ મારી પાસે નહોતો. પ્રભુને જ પૂછ્યું. પ્રભુની કોર્ટમાં પ્રશ્નનો બૉલ ફેંક્યો. હવે એ જ્યારે જવાબ આપે ત્યારે... દહેરાસરે સ્તવના બોલતાં પ્રશ્ન ઊઠેલો. ઉપાશ્રયે ગયો. મારા આસન પર બેઠો. થોડી વારમાં એક શ્રાવિકા બહેન નાના બાબાને લઈ વંદન કરવા આવ્યાં. વંદન કરવા માટે એમણે બાબાને નીચે મૂક્યો. બાબાને તો સિંહાસન-ભ્રષ્ટ થયેલ રાજા જેવું દુઃખ લાગ્યું. મા-ની ગોદમાંથી ઠંડી ફરસ પર ! એણે રડવાનું શરૂ કર્યું. ભોળી, ભોળી આંખોમાં અશ્રુબિંદુ આવી ગયાં. ત્યાં જ મમ્મીએ એને ઊંચકી લીધો.... એ તો ખુશ ખુશ. મોંઢું હસું-હસું. પેલા અશ્રુબિંદુનું શું થયું ? એ થીજી ગયાં. ફ્રીજ થઈ ગયા. પાછળથી અશ્રુબિંદુનો પુરવઠો આવનાર ન હતો હવે. આ આંસુને, તેથી, આગળ વહેવાની જગ્યા મળવાની નહોતી. આંસુ આંખમાં કેદ થયાં.

અને મને જવાબ મળી ગયો !

'મુજ લોચન અમીય ઠરંતા...' પ્રભુના દર્શન માટેની વિરહ વ્યથા; આંખોમાં અશ્રુબિંદુઓ ઊભરાયાં. ત્યાં જ પ્રભુએ દર્શન આપી દીધું ! હવે આંસુનું શું થાય ? એ ઠરી ગયાં. થીજી ગયાં.

• • •

કર્ણેન્દ્રિયને કેવો આનંદ થાય પ્રભુનું નામ સાંભળતાં ? 'તુજ નામ સુણ્યું જબ કાને, હૈયું આવે તબ સાને; મૂર્ચ્છાયો માણસ વાટે, સજ્જ હુએ અમૃત છાંટે...' પ્રભુનું નામ સંભળાયું અને હૃદય સ્વસ્થ બન્યું. અમૃત-ભોજન મળ્યું ને કાનને ! મઝાની ઉપમા આપે છે : ગરમીને કારણે મૂર્ચ્છિત થયેલ માણસ, ઠંડું પાણી એના પર છાંટવામાં આવે અને સ્વસ્થ થાય તે રીતે...

યાદ આવે ચૈતન્ય દેવ : 'नयनं गलदश्रुधारया, वदनं गद्‌गदरुद्धया गिरा। पुलकैर्निचितं वपुः कदा, तव नामग्रहणे भविष्यति ?' પ્રભુ ! તારું નામ લેતાં (નામ સાંભળતાં) મારી આંખો શ્રાવણ-ભાદરવો વરસાવતી હોય, ગળે ડૂસકાં ભરાતાં હોય અને શરીર રોમાંચો વડે ઊભરાઈ ગયું હોય એવું ક્યારે બનશે ?

આ જ શૃંખલામાં યાદ આવે ભક્તિયોગાચાર્ય પૂ.રામવિજય મહારાજ : 'સુણતાં જનમુખ પ્રભુની વાત, હરખે મારા સાતે ધાત...' કેટલી અદ્‌ભુત આ વાત ! કોઈ પણ વ્યક્તિ પ્રભુના ઐશ્વર્યની વાત કરતી હોય અને સાંભળતાં સાતે ધાતુ હરખાઈ ઊઠે. લોહી, માંસ, ચરબી અને હાડકાં સુધી સુખાનુભૂતિ ઝલકે.

ઈર્ષા આવે આવા ભક્તોની... પ્રભુનું નામ સાંભળતાં રોમાંચ તો ઊઠતા જ. આ તો શિખરાનુભૂતિની વાત થઈ. લોહી, માંસ અને હાડકાં સુધી સુખાનુભૂતિ... !

• • •

ઘ્રાણેન્દ્રિયને પ્રભુ કેવો આનંદ આપે છે તેની વાત : 'શુભ ગન્ધને તર-તમ યોગે, આકુળતા હુઈ ભોગે; તુજ અદ્‌ભુત દેહ સુવાસે, તેહ મિટ ગઈ રહત ઉદાસે...'

ફૂલની સુવાસ કે અત્તરની સુવાસ; ભીતર હોય છે આકુળતા જ આકુળતા. વધુ પામવાની ઝંખના. બળાપો...

પણ -

પ્રભુના અદ્દ્ભુત દેહની સુવાસ માણતાં જ આકુળતા ઉદાસીનતામાં પરિણમે છે.

ઉદાસીનતા.

ઉદ્ + આસીનતા.

ઊંચે બેઠેલ હોવાપણું.

તમે માત્ર કાંઠે બેસીને ઘટનાઓના પ્રવાહને જોયા કરો.

પ્રભુની દેહની સુવાસ માણે નાક, અને તમને મળે ઉદાસીનભાવ, સાક્ષીભાવ.

• • •

રસનેન્દ્રિય કઈ રીતે પ્રભુ સાથે જોડાઈ ? 'તુજ ગુણ સંસ્તવને રસના, છાંડે અન્ય લયની ત્રસના...' પ્રભુ ! તારા ગુણોનું સ્તવન કરું છું અને બીજું બધું જ છૂટી જાય છે.

બસ, હૃદય તારી ભક્તિમાં એવું તો ઓતપ્રોત બની જાય કે તારી ભક્તિની સુગંધ વિના મારા હૃદયમાં બીજું કશું રહી ન શકે. નારદ ઋષિ યાદ આવે : 'तस्मिन् अनन्यता, तद्विरोधिषूदासीनता च...' તેને વિષે - પરમાત્માને વિષે અનન્ય બની જવું અને તેના સિવાયનાં બીજાં બધાં તત્ત્વોને વિષે ઉદાસીન બની જવું.

પ્રક્રિયા મઝાની છે.

ભક્તના જીવનમાં બીજો પુરુષ - તું કે તમે - હોતો નથી. હોય છે 'તે'. એટલે કે પ્રભુ. અને હોય છે 'હું'. અને પછી 'હું' ઓગળી જાય છે 'તે'માં.

પછી હોય છે માત્ર 'તે'. બીજું કોઈ છે જ નહિ; પછી બીજાં તત્ત્વોની લીનતા ક્યાંથી હોય ?

• • •

સ્પર્શેન્દ્રિય કઈ રીતે પ્રભુને સ્પર્શી અનુભૂતિને શિખરે પહોંચે છે તેની વાત : 'પૂજાએ તુજ તનુ ફરસે, ફરસન શીતલ થઈ ઉલસે...' પ્રભુની પૂજાના સમયે પ્રભુનો સ્પર્શ થાય અને સ્પર્શેન્દ્રિય શીતલ બને છે... ઉલ્લસિત બને છે.

બહુ માર્મિક શબ્દ છે 'તુજ તનુ...' તનુ. શરીર. હા, પ્રભુમૂર્તિ અહીં ક્યાં છે ? અહીં તો છે સાક્ષાત્ પરમાત્મા.

• • •

પાંચે ઈન્દ્રિયો ડૂબી ગઈ પ્રભુમાં...

આ પૃષ્ઠભૂ પર પંક્તિને ગણગણીએ :

'નહિ કછુ ઈન્દ્રિય વિષયમેં,

-ચેતનકું હિતકાર;

તો ભી જન તામેં રમે,

અંધો મોહ અંધાર...

ઈન્દ્રિયોના વિષયમાં જ જો માત્ર જવાનું હોય તો એનો કોઈ અર્થ નથી... ઈન્દ્રિયોને જો શબ્દોમાં ને દુન્યવી રૂપોમાં જ અટવાવી દેવાની હોય તો ઈન્દ્રિયો માત્ર અકલ્યાણ જ નોંતરી શકે. મોહનો અંધકાર કેવો ગહન

છે ! 'અંધો મોહ અંધાર...' યાદ આવે ઔપનિષદિક સૂત્ર : 'અસૂર્યા નામ તે લોકા અન્ધેન તમસાવૃતાઃ...'

આ અંધકારને પ્રકાશમાં બદલવાની વ્યવસ્થા આપણે આગળ જોઈ. ઈન્દ્રિયોને પ્રભુ પાસે સાંકળી દેવી. બસ, મોહનું 'અંધ તમસ્' છૂ !

પ્રભુ પોતે આપણા મોહના અંધારાને, પોતાનો ભીતરી આસ્વાદ આપી, કઈ રીતે લઈ લે છે એની વાત ભક્તિયોગાચાર્ય રામવિજય મહારાજે પરમતારક શ્રી શાંતિનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું છે : 'અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે...' આપણો તો અંધારા સાથેનો જુગજૂનો સંબંધ. અંધારાને છોડવા આપણે તૈયાર નહોતા. પ્રભુએ યુક્તિ-પ્રયુક્તિપૂર્વક આપણને સમજાવ્યા. કહો કે પ્રભુએ આપણી ચેતનાનું ઊર્ધ્વીકરણ કરાવ્યું. ચેતનાનો પ્રભુ જોડે સંબંધ. પ્રભુના ગુણોનો આસ્વાદ. મોહનું અંધારું છૂ !

■

# પર

## આધાર સૂત્ર

*મૂઢાતમસું તે પ્રબળ,*
*મોહે છાંડિ શુદ્ધિં[1];*
*જાગત હૈ મમતા ભરે,*
*પુદ્ગલમેં નિજ-બુદ્ધિ...(પર)*

મૂઢાત્માએ મોહની પ્રબળતા વડે આત્માની શુદ્ધિને ત્યજી દીધી છે. જાગતો છતાં, મમતાથી ભરેલો તે, પૌદ્ગલિક પદાર્થોમાં મારાપણાની બુદ્ધિ કરે છે.

૧. શુદ્ધ, A - B - F

# ૫૨

## તમે છો આનંદઘન !

કથાકારના પ્રવચનમાં ભીડ સારી જામતી. પણ દક્ષિણાની થાળી ખાલી-ખાલી રહેતી. એક વાર એ જ ગામમાં એક સંત આવ્યા. લુબલીન (પોલેન્ડનું એક શહેર)ના સંત તરીકે તેઓ પ્રસિદ્ધ હતા.

લોકોને ખ્યાલ આવતાં તેમના ઉતારે લોકોની ભીડ જામતી. પેલા કથાકાર પણ સંતનાં દર્શનાર્થે આવે છે. જુએ છે કે સંત તો અવધૂતની જેમ મૌન બેઠા છે. ભાવિકો એમની આગળ ભેટ ધરી રહ્યા હતા. કથાકારે જોયું કે પોતાની કથામાં આવી પોથી પર કશું ન મૂકનાર ભક્તો સંતનાં ચરણમાં સોના-ચાંદીના સિક્કા મૂકી રહ્યા હતા.

બધા ગયા પછી કથાકારે સંતને પૂછ્યું : આ જ ભક્તો... મારી કથામાં પૈસો પણ ન મૂકનારા, અહીં ઢગલો કરી જાય છે. કારણ શું ?

સંતે કહ્યું : પહેલાં તો આ બધું પડ્યું છે તે તમે લઈ લો. કારણ કે મારે એની જરૂરિયાત નથી. કથાકારે બધું લઈ લીધું. પછી કહ્યું : પણ મેં પૂછ્યું એનો જવાબ તો આપો !

સંત કહે : આપણા મનમાં જે હોય તે સામાના મનમાં ઊગે. મારા મનમાં અપરિગ્રહ છે. તેથી લોકોના મનમાં અપરિગ્રહની, આપવાની ભાવના થઈ. હવે તમારે જ વિચારવું જોઈએ કે કારણ શું છે ?

કથાકારને ખ્યાલ આવી ગયો કે પોતાની બીજા પાસેથી લેવાની વૃત્તિનું જ એ પરિણમન હતું કે, તેમને આપવાનો ભાવ થતો નહોતો.

• • •

પરિગ્રહ. 'જ્ઞાનસાર' યાદ આવે : 'विडम्बितजगत्त्रयः'... પરિગ્રહ નામનો ગ્રહ ત્રણે જગતના લોકોને નડે છે. દેવોને પણ, મનુષ્યોને પણ, વ્યન્તરાદિને પણ. અપરિગ્રહી મહાત્માઓ જ તેની અસરમાંથી મુક્ત રહી શકે.

પરિગ્રહ. નવે ગ્રહોને ટક્કર મારે તેવો ગ્રહ. એક ભાઈ જોષી પાસે ગયા. જોષીએ કહ્યું : તમને મંગળ નડે છે. પેલા ભાઈ કહે : એ માટે શું

કરવાનું ? જ્યોતિષી કહે : લાલ નંગની વીંટી પહેરો. સોનીને પૂછ્યું : એક હજારની વીંટી થશે તેમ કહ્યું. પાંચસો તો ગમે ત્યાંથી ભેગા કર્યા અને સોનીને આપ્યા. વીંટી થઈ ગઈ. પહેરાઈ ગઈ. હવે બીજા પાંચસો રૂપિયા ક્યાંથી લાવવા ? સોનીને મહિનાનો વાયદો કરેલો. પણ પૈસાનો જોગ થાય નહિ. મહિના પછી સોની રોજ કહે : લાવો, પૈસા... ભાઈ કહે : આપીશ...

બે-એક મહિના પછી જોષી મહારાજ મળ્યા. વીંટી જોઈને પૂછ્યું : હવે કેમ છે ? પેલો કહે : પહેલાં તો એકલા મંગળ મહારાજ નડતા હતા, હવે તો સોની મહારાજ પણ નડે છે !

• • •

હા, પરિગ્રહ ગ્રહ નડતો હોય અને અપરિગ્રહી મહાત્માને એની નડતર દૂર થાય એ માટે માર્ગ પૂછીએ તો ખરેખર એ પીડા નષ્ટ થઈ જાય.

પણ, ખરેખર આપણને પરિગ્રહ નડે છે ? પરિગ્રહની પરેશાની અનુભવાય છે ?

પદાર્થોમાં મારાપણાની બુદ્ધિ હશે ત્યાં સુધી પરિગ્રહની પરેશાની નહિ અનુભવાય. આ પૃષ્ઠભૂ પર કડીને મમળાવીએ : 'મૂઢાતમસું તે પ્રબળ, મોહે છાંડિ શુદ્ધિ; જાગત હૈ મમતા ભરે, પુદ્ગલમેં નિજ-બુદ્ધિ...' આત્મભાવ સુષુપ્ત હોય છે ત્યારે મોહ વ્યક્તિની સુધ-બુધ હરી લે છે. પછી તેવા મનુષ્યો પુદ્ગલમાં પોતાપણાની બુદ્ધિ રાખી મમત્વના પૂરમાં વહ્યા કરે છે.

મમત્વ. મારાપણું. પરમાં પોતાનાપણાની બુદ્ધિ તે જ પરિગ્રહ.

કેમ નીકળે આ પરિગ્રહ ? પદાર્થોમાં અને વ્યક્તિઓમાં થતી પોતીકાપણાની લાગણીને દૂર કરવા શું કરી શકાય ?

આનંદઘનતાનો અનુભવ. અને આ બધું છૂ ! માણસ પદાર્થોને ભેગા કેમ કરે છે, કે અનેક વ્યક્તિઓ જોડે સંપર્કો કેમ વિસ્તારે છે ? એ પોતે પોતાને અપૂર્ણ તરીકે અનુભવે છે. અને એથી પૂર્ણત્વ મેળવવાનાં ફાંફાં રૂપે એ પરમાં પોતાની ચેતનાને વહાવે છે.

જે ક્ષણે એ અહેસાસ કરે કે પોતે તો પૂર્ણ છે; તો પછી બીજા કોઈની, કશાની એને જરૂરિયાત જ ક્યાં છે ?

એમ, સાધક પોતાની જાતની પૂર્ણતાને અનુભવે તો એ પરમાં પોતાની ચેતનાને કેમ જવા દે ?

■

## ૫૩
## આધાર સૂત્ર

*તાકું બોધન-શ્રમ અફલ,*
*જાકું નહિ શુભ યોગ;*
*આપ આપકું બૂઝવે,*
*નિશ્ચય અનુભવ ભોગ...(૫૩)*

જે જીવને શુભ યોગ પ્રગટ્યો નથી, પોતાના સ્વરૂપ વિષે જેને રુચિ થઈ નથી, તેને બોધ કરવાને શ્રમ કરવો તે નિષ્ફળ છે. નિશ્ચયથી જોતાં તો પોતે જ પોતાના આત્માને સમજાવી શકે છે. (અનુભવાત્મક ભોગ જ સ્વરૂપ ભણી લઈ જાય છે.)

[તાકું = તેને]
[જાકું = જેને]

# ૫૩

આકાશને કોણ
ચીતરી શકે ?

શંકરાચાર્ય પાંચ વર્ષની વયે માને કહે છે : મારે સંન્યાસ લેવો છે. મા કહે : સંન્યાસ શું છે એ તને ખબર છે ? તેં ક્યાં જીવન જોયું છે ? શંકર કહે : મેં જોયું છે.

તેઓ પહોંચ્યા જંગલમાં ગૌડપાદ ગુરુ પાસે. ગૌડપાદ ગુફામાં હતા. શંકર ગુફાના દ્વાર પાસે જઈ તેમને બોલાવે છે. ગૌડપાદ કહે : કોણ ? શંકર : હું શંકર. હું આપનું પ્રતિબિંબ છું. 'કેમ આવ્યો છે ?' 'બિમ્બને જોવા માટે.' ગૌડપાદ ગુફામાંથી બહાર આવ્યા અને કહે છે : 'સરસ. જીવનમાં જે મેળવ્યું છે, તેને અભિવ્યક્ત કરવાનો અવસર આવ્યો છે.'

જન્માન્તરીય સંસ્કારોની પ્રબળ અનુભૂતિ પર વહેતી આ ઘટના છે. શંકર કહે છે મા-ને : મેં જીવનને જોયું છે. જરૂર, આ જન્મમાં નહિ, ગત જન્મોમાં.

પ્રશ્ન થાય કે જીવનને કઈ રીતે જાણવું ? કઈ રીતે જાણી શકાય ?

ઉત્તર પૂજ્યપાદ આનંદઘનજી મહારાજની એક હૃદયંગમ પંક્તિમાંથી મળે : 'નાસી જાસી, હમ થિરવાસી, ચોખે વ્હૈ નીખરેંગે...'

જે નાશવંત છે, તે જશે... અમે સ્થિર રહીશું. શરીર આદિ છે નાશવંત, હું છું સ્થિર. નાશવંત છે તે તો નાશ પામશે જ. અને હું રહીશ સ્થિર...

આ શાશ્વતીનો બોધ...

• • •

અષ્ટાવક્ર ગીતા યાદ આવે :

स्वमसङ्गमुदासीनं, परिज्ञाय नभो यथा ।
न श्लिष्यते यतः किंचित्, कदाचिद् भाविकर्मभिः ॥

કેવો છે આ આત્મા ? અસંગ, ઉદાસીન. આકાશ જેવો. આકાશમાં તમે ઘણાં બધાં દ્રવ્યો લાવીને મૂકો. આકાશ કોનાં સંગમાં ? કોઈનાંય નહિ.

તેમ આત્મા છે અસંગ.

સંગમાં તો જાય છે વૈભાવિક ચેતના. પરમાં જે રસ છે, તે સંગ બનાવે છે. જ્યાં પરનો રસ જ છૂ થયો ત્યાં... ? મઝા જ મઝા.

મઝાની વાત તો એ છે કે પર દ્રવ્યને તમે સારું કે ખોટું જ્યારે કહો છો ત્યારે ખરેખર એને સારું કે નરસું કહેનાર કોણ હોય છે ?

એક ભારતીય મનુષ્ય ચાને સારી ક્યારે કહેશે ? એ કડક, મીઠી હશે ત્યારે. પણ જપાનમાં લીંબુ નીચોવેલી, મીઠું નાખેલી ચા પીવાય છે તો ત્યાંના લોકોને તે સારી લાગે છે.

તો, ચા સારી છે એનો માપદંડ શો ?

સમાજે કહ્યું કે આ ચા સારી છે. નાનપણથી એ રીતે પીવા લાગ્યા. હવે મનમાં ગ્રંથિ બંધાઈ કે આવી ચા સારી છે.

'પાસપોર્ટની પાંખે'માં ડૉ. રમણલાલ ચી. શાહ લખે છે કે જપાનની કોઈ ફેક્ટરીમાં તેમના સ્વાગતમાં લીંબું, મીઠું નાખેલી ચા આપવામાં આવી ત્યારે શિષ્ટાચાર ખાતર તેઓ પીતા ગયા; પણ કડવી દવાને પીતા હોઈએ તેમ...

તો, 'ચા સારી છે' એવા વિધાન પાછળ તમારું પોતાનું કોઈ મંતવ્ય નથી એમ માની શકાય. સામાજિક ખ્યાલો, વર્ષોની ટેવ આ બધાને આધારે આવી માન્યતા નિષ્પન્ન થાય છે.

• • •

અચ્છા, તો કોઈ વ્યક્તિને ખરાબ માનવામાં આવે ત્યાં શું હોય છે ?

એ વ્યક્તિનું કો'ક કૃત્ય તમને ન ગમ્યું, એથી તમે એ વ્યક્તિને ખરાબ કહો છો એવું જ છે ને ?

એ વ્યક્તિએ તમારી નિંદા કરી; તમને એ કૃત્ય ન ગમ્યું. તમે એ કૃત્યને આધારે એ વ્યક્તિને ખરાબ તરીકે કલ્પો છો.

અહીં અલગ માપદંડ ન સ્વીકારી શકાય ?

જે નિંદાના કૃત્યને કારણે તમને એ વ્યક્તિ બરોબર ન લાગી; એ કૃત્યનો કર્તા એ વ્યક્તિ કે તમારું પૂર્વકૃત કર્મ ? પૂર્વકૃત કર્મને જ જ્યારે આપણે ખલનાયક તરીકે સ્વીકારી લઈએ ત્યારે એ વ્યક્તિ ખરાબ લાગશે જ કેમ ?

દરેક વ્યક્તિ અનંત ગુણોથી પરિપૂર્ણ છે જ. નિંદારૂપ કૃત્યનો કર્તા એ વ્યક્તિ નથી. એ વ્યક્તિ છે અનંત ગુણોનો માલિક. બોલો, હવે ગુસ્સો કોના પર રહે ? ખરાબ કોણ છે ?

• • •

'स्वमसङ्गमुदासीनं, परिज्ञाय नभो यथा...' પોતે છે અસંગ. આકાશ જેવો. 'જ્ઞાનસાર' યાદ આવે : તમે આકાશને શી રીતે ચીતરી શકો ? કુશળ ચિત્રકાર કેન્વાસ કે લાકડા વગેરે પર ચિત્રો દોરે, આકાશને કોણ રંગી શકે ?[૧]

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

'તાકું બોધન-શ્રમ અફળ,<br>
જાકું નહિ શુભ યોગ;<br>
આપ આપકું બૂઝવે,<br>
નિશ્ચય અનુભવ ભોગ...'

(૧) चित्रव्योमाञ्जनेनेव...

જેને શુભ યોગ નથી થયો; સત્સંગ કે સ્વાધ્યાય દ્વારા જેણે પોતાના સ્વરૂપની આછી સી ઝલક નથી મેળવી; તેને બોધ આપી કેમ શકાય ? જેને 'હું' એટલે આત્મા એ ખ્યાલ નથી, એ વ્યક્તિને આત્મતત્ત્વ પરક બોધ કઈ રીતે ગમે ? એને તો શરીર કેમ સ્વસ્થ રાખવું એ વાત જ ગમશે ને !

અત્યારે ઘણે સ્થળે યોગનો મહિમા થયો છે. યોગની એકાદ શિબિર માટે લોકો તગડી ફી પણ ચૂકવે છે. પરંતુ એ યોગ દ્વારા ઘણા બધા લોકો જે મેળવવા માંગે છે, તે ભણી નજર કરીએ તો નિરાશા જ સાંપડે. યા તો શરીર-સ્વાસ્થ્ય માટે યા માનસિક શાંતિ માટે જ યોગના આશ્રય લેનાર ઘણા જોવા મળે.

સાધક એ જ યોગને ઘૂંટશે, ધ્યાન અને કાયોત્સર્ગને આત્મસાત્ કરશે. પણ એનો ઉદ્દેશ હશે આત્મિક નિર્મળતા. એના માટે યોગ (જોડાણ) વાસ્તવિક રૂપમાં પોતાના સ્વરૂપ સાથેનું અનુસંધાન જ હશે. 'આપ આપકું બૂઝવે, નિશ્ચય અનુભવ ભોગ...'

જ્યાં સ્વરૂપાનુભૂતિની કે સ્વગુણાનુભૂતિની આછી સી ઝલક મળી; બોધ થઈ ગયો. હવે વહેવાનું અનુભૂતિની ધારામાં...

■

# ૫૪
# આધાર સૂત્ર

*પરકો કિસ્યો બુઝાવનો[1],*
*તૂં પરગ્રહણ ન લાગ;*
*ચાહે જૈમેં બૂઝનો,*
*સો નહિ તુજ ગુણભાગ...(૫૪)*

બીજાને કઈ રીતે બુઝાવવો ? તું બીજાને બોધ પમાડવાની ઈચ્છા ન રાખ.

જેને તું બોધ આપવા ઈચ્છે છે, તે બાહ્ય મન, તારા ગુણોને ભોગવનાર નથી. કારણ કે આત્મા સ્વસંવેદન વડે જ ગ્રાહ્ય છે.

ત્યાં અનુભૂતિ એ જ માર્ગ છે.

[કિસ્યો = કઈ રીતે]

૧. બુઝાવતો, B

# ૫૪

## બાહિર નૈનાં ક્યોં ખોલે ?

સંત કબીર એક પદમાં કહે છે : 'તેરા સાહિબ હૈ ઘટમાંહિ, બાહિર નૈનાં ક્યોં ખોલે ? કહે કબીર સુનો ભાઈ સાધો, સાહિબ મિલ ગયે તિલ ઓલે...'

ભાઈ, બહાર આંખો ખોલીને તું શું જુએ છે ? પૂછે છે સંત જિજ્ઞાસુને. બહાર છે શું ? તારે જોઈએ છે પ્રભુ. તો પ્રભુ અંદર છે. એ બાહ્ય જગતમાં ફેલાયેલી આંખો દ્વારા શી રીતે મળશે ?

પ્રભુ મળે શી રીતે ? 'સાહિબ મિલ ગયે તિલ ઓલે...' અહંકારના પડદાની પાછળ, અહંકારના તલની પાછળ તો એ હતા ! અહંકાર હતો, ત્યારે પ્રભુ દૂર હતા. અહંકાર ઓસર્યો ને પ્રભુ - આત્માનું, નિર્મળ સ્વરૂપ - દેખાવા લાગ્યું.

• • •

આત્મસ્વરૂપને પામવાની વિધિનાં ચરણો પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે સુવિધિનાથ પ્રભુની સ્તવનામાં બતાવ્યાં છે :

દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો હો લાલ,
ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વિસર્યો હો લાલ;
સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ,
સત્તા સાધન માર્ગ ભણી એ સંચર્યો હો લાલ...

સમાધિ રસથી સભર પ્રભુનું દર્શન, આત્મસ્વરૂપનું સ્મરણ, વિભાવોથી મનનું હટવું અને આત્મસત્તા પ્રાપ્ત કરવા ચાલી નીકળવું; આ ચાર ચરણો અહીં છે.

• • •

સમાધિ...

સહજો બાઈ કહે છે : 'ધ્યાતા થાકે ધ્યાનમેં, ધ્યાન ધ્યેય કે માંહિ; જનમ મરન મિટે સહજિયાં, ઉપસે વિનસે નાંહિ.'

ધ્યાતા ધ્યાનમાં એટલો ઊંડો ઊતરી જાય કે એની ચેતના ધ્યેયાકાર બની જાય... શુદ્ધ આત્મદ્રવ્યનું ધ્યાન કરતાં ચેતના તદ્રૂપ બને. અને એ વખતે પોતે અવિનાશી છે એવો એક અનુભવ સાંપડે. 'અંશે હોય ઈહાં અવિનાશી...' સ્થિરા દૃષ્ટિના વર્ણનમાં એટલે તો આ વાત કહેવાઈ.

• • •

સંત કબીરની પ્રસ્તુતિ યાદ આવે : 'મન લાગ ઉન્મન સૌ, ઉન્મન મનહિં વિલગ્ગ; લૂણ વિલગ્ગા પાણિયા, પાણી લૂણ વિલગ્ગ...'

મન અને ઉન્મની અવસ્થાનો સમાગમ તે સમાધિ. પાણી અને મીઠું જે રીતે એકબીજામાં ઓતપ્રોત થઈ જાય તેમ મન અને મનને પારની અવસ્થા બેઉ એકાકાર થઈ રહે.

ઉન્મનીભાવની વ્યાખ્યા આપતાં 'યોગ પ્રદીપ' ગ્રન્થ કહે છે :

मनोव्यापारनिर्मुक्तं, सदैवाभ्यासयोगतः ।
उन्मनीभावमायातं, लभते तत्पदं क्रमात् ॥ ६३ ।

અભ્યાસ ઘૂંટાવાને કારણે ઉન્મનીભાવમાં પહોંચેલ સાધક ક્રમસર પરમ પદને - મોક્ષને પામે છે.

વિચારોની શૃંખલા છૂટે શી રીતે ?

વિષયાસક્તિ, કષાય વગેરે શિથિલ બને ત્યારે.[1]

---

(૧) विमुक्तविषयासङ्गं, सन्निरुद्धं मनो हृदि ।
यदायात्युन्मनीभावं, तदा तत्परमं पदम् ॥ ६४ ॥ – योगप्रदीप

વિચારોની શૃંખલાથી મુક્ત, ઉન્મનીભાવને પામેલ ચિત્ત જ્યારે કંઈપણ વિચારતું નથી ત્યારે, તે દશાને નિરાકાર, મહાસૂક્ષ્મ, મહાધ્યાન કહેવાય છે.[૨]

ઉન્મનીકરણનો એક અર્થ છે સમરસતા.[૩]

એ સમરસની નીપજનાં મૂળિયાં તરફ ઈશારો આ રીતે થયો છે : જ્યારે મન સંકલ્પ-વિકલ્પથી મુક્ત બને છે, રાગદ્વેષની શિથિલતાવાળું બને છે ત્યારે આનંદની ધારામાં મન લીન બને છે... અને મનની એ અવસ્થાને સમરસ કહેવામાં આવે છે.[૪]

આ સમરસ-અવસ્થાને સામાયિકની દશા સાથે સાંકળતાં યોગપ્રદીપ ગ્રન્થ કહે છે : જે મન ભૂત અને ભવિષ્યકાળમાં વિચરણ નથી કરતું, (વર્તમાનકાળમાં ઉદાસીન ભાવે રહે છે) તે સામાયિક છે. પવન વગરના સ્થાનમાં રહેલ દીપ સતત જળ્યા કરે છે, તેમ આત્મદીપ અહીં સતત સ્વભાવદશામાં સ્થિર રહે છે.[૫]

આત્મસ્વરૂપમાં મનને સ્થિર કરવાની વાત અહીં કાવ્યાત્મક રૂપે કહેવાઈ છે : જ્ઞેય - જાણવા યોગ્ય - આત્મતત્ત્વ શબ્દાતીત છે; જ્ઞાન - તેને જાણનાર

---

(૨) न किञ्चिच्चिन्तयेच्चित्त - मुन्मनीभावसङ्गतम् ।
निराकारं महासूक्ष्मं, महाध्यानं तदुच्यते ॥ ७३ ॥ - योगप्रदीप

(૩) उन्मनीकरणं तद् यद् मुनेः शमरसे लयः ॥ - योगसार

(૪) सङ्कल्प-कल्पनामुक्तं, रागद्वेषविवर्जितम् ।
सदानन्दलये लीनं, मनः समरसं स्मृतम् ॥ ८९ ॥ - योगप्रदीप
ध्यातृध्यानोभयाभावे, ध्येयेनैक्यं यदा व्रजेत् ।
सोऽयं समरसीभाव - स्तदेकीकरणं मतम् ॥ ६५ ॥ - योगप्रदीप

(૫) अतीतं च भविष्यच्च, यन्न शोचति मानसम् ।
तं सामायिकमित्याहु - र्निर्वातस्थानदीपवत् ॥ ९० ॥ - योगप्रदीप

મન છે; (જ્ઞાન અને જ્ઞાનીમાં કથંચિદ્ અભેદ છે એ વિધાનને સામે રાખીને આ વાત કહેવાઈ છે.) હવે જ્ઞાનને જ્ઞેયસમ - જ્ઞેયાકાર બનાવી દો, તો એ જ થઈ ગયો મોક્ષપથ. કેટલી સચોટ અભિવ્યક્તિ છે : **'नान्यो मोक्षपथः पुनः....'** આના સિવાય કોઈ મોક્ષનો માર્ગ નથી.[૬]

જ્ઞાનને જ્ઞેયાકાર બનાવવું એટલે ધ્યાનમાં જઈને ધ્યાતા પોતાના ઉપયોગને ધ્યેયાકાર બનાવી દે તે.

ધ્યાતાનું ધ્યેયમાં ડૂબી જવું તે જ સમાધિ.

● ● ●

'દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો હો લાલ, ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વિસર્યો હો લાલ...'

પ્રભુના સમાધિ રસનું અલપઝલપ અનુભવન અને સાધકનું પોતાની ભીતર ઊતરી જવું; બેઉ ઘટના એક પછી એક ઘટશે. થશે કે આવું અનુભવન તો ક્યાંક કર્યું છે.

ક્યાં... ? ક્યાં... ?

પોતાની ભીતર જ તો ! બીજે ક્યાં, વળી ?

એ સમાધિનું ભીતરી આસ્વાદન અને વિભાવોની ઉપાધિમાંથી મનનું હટી જવું. ત્યારબાદ એ સમાધિ રસને પામવા માટેની યાત્રાએ નીકળી જવાનું થશે.

● ● ●

---

(૬) ज्ञेयं सर्वपदातीतं, ज्ञानं च मन उच्यते ।
ज्ञानं ज्ञेयसमं कुर्या - न्नान्यो मोक्षपथः पुनः ॥ - योगप्रदीप

આ પૃષ્ઠભૂ પર કડીને ખોલીએ :

પર કો કિસ્યો બુઝાવનો,

તૂં પરગ્રહણ ન લાગ;

ચાહે જેમેં બૂઝનો,

સો નહિ તુજ ગુણભાગ...

પરને બોધ આપવાનો શો મતલબ ? મઝાની હિતશિક્ષા : તારે પરની દુનિયામાં જવાનું નથી. તું જે પર સુધી - પર વ્યક્તિ કે તારું બાહ્ય મન - તારા બોધને રેલાવવા તૈયાર છે, ત્યાં ગુણભોગ થવાનો છે ? ગુણોનો ભોગ તો તારી આન્તર દુનિયામાં છે. તો, બહાર શબ્દો વહાવવાનો શો અર્થ ?

પરમાંથી પરમની દુનિયામાં જવાનું કેવું તો મઝાનું સૂત્ર અહીં મળે છે !

સૂત્રનો / કડીનો સાર આટલો છે : સાધક ગુણાનુભૂતિની દુનિયામાં ઊંડો ઊતરે ! જ્ઞાતાભાવ, દ્રષ્ટાભાવ, ઉદાસીનભાવ... ક્ષમા, વીતરાગતા... કેવો અનૂઠો છે આ આતંરિક વૈભવ !

■

## ૫૫
## આધાર સૂત્ર

*જબલોં પ્રાની નિજ મતે,*
*ગ્રહે વચન-મન-કાય;*
*તબલોં હિ સંસાર થિર,*
*ભેદજ્ઞાન મિટી જાય...(૫૫)*

મનુષ્ય જ્યાં સુધી મન, વચન અને કાયાને વિશે આત્મબુદ્ધિ ધારણ કરે છે, ત્યાં સુધી તેનો સંસાર સ્થિર જાણવો. અને એ ત્રણેથી આત્મા ભિન્ન છે એવું ભેદ-જ્ઞાન થતાં સંસાર મટી જાય છે.

[જબલોં = જ્યાં સુધી]
[તબલોં = ત્યાં સુધી]

# ૫૫

સૂકા પાંદડા જેવું આ વ્યક્તિત્વ !

અષ્ટાવક્ર ગીતા એવા એક યોગીનું સ્વરૂપ આપણી સામે મૂકે છે, જે આ જગતમાં હોવા છતાં જગતમાં નથી : સામાન્ય જનની જેમ વર્તવા છતાં જે

ધીર સાધક લોકપરાઙ્મુખ છે, તે સમાધિ દશા, વિક્ષિપ્ત દશા (ચળ-વકળ મનની સ્થિતિ) કે લેપ બધાથી પર છે.[૧]

અસમાધિ દશાની સામે અહીં સમાધિ દશાને વિચારાઈ છે અને તેથી યોગીને સમાધિ અને અસમાધિ બન્નેથી પર કહેવાયેલ છે. (આત્મગુણરૂપ સમાધિ રસને અહીં લેવો નથી.)

યોગીના ચિત્રમાં મઝાના રંગો આ રીતે પુરાયા છે : જે સાધકે આત્મા બ્રહ્મ છે એવું નક્કી કર્યું અને તે સિવાયના બધા પદાર્થો આદિને કલ્પિતના ખાનામાં મૂકી દીધા; તેવો સાધક શું જાણે, શું બોલે, શું કરે ?[૨]

કેવી રીતે તે આપણી વચ્ચે રહે છે ?

મઝાનું ચિત્ર અપાયું છે : પવનથી ઊંચકાયેલ, ફેંકાયેલ સૂકું વૃક્ષનું પાંદડું જે રીતે પવને મૂક્યું હોય તેમ રહે છે; એની પોતાની કોઈ ઇચ્છા ઊંધા, ચત્તા કે તીરછા રહેવાની હોતી નથી. આવું જ યોગી માટે છે. 'क्षिप्तः संसारवातेन, चेष्टते शुष्कपर्णवत्'. કર્મસ્થિતિ જે રીતે તેને રાખે છે, એ રીતે તે રહે છે. રોગયુક્ત શરીર હોય તો એ સ્થિતિ, રોગમુક્ત શરીર હોય તો એ પરિસ્થિતિ; જે પણ પરિસ્થિતિમાં એને રખાય તે પરિસ્થિતિમાં એ રહે છે. શી મઝાની છે આ ઉદાસીન દશા ![૩]

---

(૧) धीरो लोकविपर्यस्तो, वर्तमानोऽपि लोकवत् ।
न समाधिं न विक्षेपं, न लेपं स्वस्य पश्यति ॥ १९४ ॥ अष्टा.गी.

(२) आत्मा ब्रह्मेति निश्चित्य, भावाभावौ च कल्पितौ ।
निष्कामः किं विजानाति, किं ब्रूते च करोति किम् ॥ १८४ ॥ अष्टा.गी.

(३) निर्वासनो निरालम्बः, स्वच्छन्दो मुक्तबन्धनः ।
क्षिप्तः संसारवातेन, चेष्टते शुष्कपर्णवत् ॥ १९७ ॥ अष्टा.गी.

આ ઉદાસીન દશાને કર્તૃત્વ જોડે બિલકુલ સંબંધ નથી એ બતાવતાં કહે છે : જે વ્યક્તિત્વમાં અહંકાર હોય છે, તે કર્મ નથી કરતો, છતાં કર્તા છે. જ્યારે નિરહંકારી વ્યક્તિત્વે કર્મ કર્યું હોવા છતાં તેને કૃતિત્વનો લેપ લાગતો નથી.[૪]

મહાત્મા બુદ્ધ માટે કહેવાય છે કે તેઓ બોધિ પછી ચાલીસ વર્ષ બોલ્યા; અને છતાં તેઓ બોલ્યા નથી. કારણ કે બોલાયું છે, શબ્દો વપરાયા છે; પણ ભીતર કોઈ રેખા દોરાઈ નથી. આ સંદર્ભે, એક પ્રસિદ્ધ સુભાષિતને સહેજ ફેરવીને હું કહેતો હોઉં છું : गुरोस्तु व्याख्यानं मौनम्, शिष्यस्तु छिन्नविकृतिः। ગુરુનું પ્રવચન મૌનમાં ચાલે અને ગુરુની આભા - aura માં બેઠેલ શિષ્યના વિકારો ગેરહાજર થઈ જાય.[૫]

• • •

આવા યોગીપુરુષનું મન ન તો ધ્યાન કરવા પ્રવૃત્ત થાય છે કે ન કોઈ કાર્ય કરવા. અને છતાં, કોઈપણ કારણ વિના તે ધ્યાન પણ કરે છે અને ચેષ્ટા પણ કરે છે.

મતલબ એ થયો કે સહજ રીતે ધ્યાન થયા કરે છે. સહજ રીતે જ કોઈ કાર્ય પણ થયા કરે છે.

---

(૪) यस्यान्तः स्यादहङ्कारो, न करोति करोति सः ।
निरहङ्कारधीरेण, न किंचिद्धि कृतं कृतम् ॥ २०५ ॥ अष्टा. गी.

(૫) गुरोस्तु मौनं व्याख्यानं, शिष्यस्तु छिन्नसंशयः । ગુરુનું મૌન જ પ્રવચન છે અને એથી શિષ્યના સંદેહો દૂર થાય છે.

ભૂખ લાગી છે, પણ તે યોગી ખાય છે એવું તમને પણ ન લાગે. ખાવાની ક્રિયા ચાલતી હોય. કૃતિત્વ ત્યાં ન લાગે.[૬]

કેવી આ ભવ્યતા !

• • •

સંત દદામી યાદ આવે. સિકંદરે એમને કહેલું : મારે દેશ ચાલો ! સંત ભારતની ભૂમિમાં સાધના કરી રહેલા. વિદેશ જવાની એમણે ના પાડી. સિકંદરે તલવાર મ્યાનમાંથી બહાર કાઢી : મારું કહ્યું નહિ માનો તો આ તલવાર જોઈ છે ? માથું અને ધડ અલગ થઈ જશે !

સંતે હસીને કહ્યું : તમે શું અલગ કરશો ? સંન્યાસ ગ્રહણ કર્યો એ જ ક્ષણે માથું હાથમાં લઈ લીધું છે !

શું બોલે સમ્રાટ ?

• • •

અને એવા જ એક અલગારી સંત.

સમ્રાટે કહ્યું : તમારી શું સેવા કરું ? હું સમ્રાટ છું. આપ કહો તે કરી આપું. સંતે કહ્યું : આ એક માખી મારા શરીર પર બેસે છે અને મારું ધ્યાન એ બાજુ જાય છે. તું સમ્રાટ છે ને ! તારું કહ્યું તો બધા જ માને એવું તું માને છે ને ? તો, આ માખીને કહી દે કે અહીંથી બીજે જતી રહે.

સમ્રાટ કહે : માખી મારું કહ્યું ન માને...

---

(૬) निर्ध्यातुं चेष्टितुं वाऽपि, यच्चित्तं न प्रवर्तते ।
निर्निमित्तमिदं किन्तु, निर्ध्यायति विचेष्टते ॥ २०७ ॥ अष्टावक्र गीता

સંત કહે : એક માખી પણ તારું કહ્યું માને નહિ અને તું અહંકાર લઈને બેઠો છે કે દુનિયાનો હું માલિક છું !

સમ્રાટનો અહંકાર નીતરી ગયો.

આ બળ માત્ર સંતના શબ્દોનું ન હતું, શબ્દોની પાછળ રહેલી આધ્યાત્મિકતાનું હતું. પોતાના શુદ્ધ અસ્તિત્વ સિવાય કશું જ બીજું એમને ખપતું નહોતું. આ ભૂમિકા પરથી આવેલ આ બળ હતું.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને ખોલીએ :

જબલોં પ્રાની નિજ મતે,<br>
ગ્રહે વચન-મન-કાય;<br>
તબલોં હિ સંસાર થિર,<br>
ભેદજ્ઞાન મિટી જાય...

મન-વચન-કાયાના યોગોને સાધક માત્ર સહાયક તરીકે સ્વીકારી શકે. યોગ એ આત્માનું સ્વરૂપ નથી. આત્મા અયોગી છે. હા, મન-વચન-કાયાને શુભમાં મૂકી શકાય અને એ રીતે એમને પ્રવાહિત કરી શકાય. પણ એ પોતાનું સ્વરૂપ તો નથી જ.

પૂ. ચિદાનન્દજી મહારાજ 'અધ્યાત્મ બાવની'માં કહે છે : 'પુદ્‌ગલ ખલ સંગી પરે, સેવે અવસર દેખ; તનુ અશક્ત જ્યું લાકડી, જ્ઞાન ભેદ પદ લેખ...' લાકડીનો ટેકો કોણ લે ? જેનું શરીર અશક્ત હોય તે. એમ સાધક પણ શબ્દ કે વિચારરૂપ પુદ્‌ગલોનો સંગ પણ ક્યારે લે ? એના વગર ન ચાલે ત્યાં સુધી. સ્વરૂપ દશામાં આવ્યા પછી ન શબ્દ છે, ન વિચાર છે.

તો, મન, વચન, કાયાના યોગોને આત્મસ્વરૂપથી ભિન્ન ગણ્યા તો સંસારની તાકાત ઘટી જશે. 'ભેદજ્ઞાન મિટી જાય.' જ્યાં યોગોથી હું ભિન્ન છું એવું જ્ઞાન થયું કે સંસારની શક્તિ શિથિલ બનતી જાય.

અષ્ટાવક્ર ગીતા, આથી જ, શુભ અને અશુભને પેલે પાર રહેલ આત્મતત્ત્વમાં ડૂબવાની વાત કરે છે. હૃદયંગમ પ્રસ્તુતિ છે : મૂઢ પુરુષની દૃષ્ટિ આ શુભ અને આ અશુભ એમાં અટકેલી છે; જ્ઞાની શુભ અને અશુભને જાણે પણ છે અને એ બેઉને પેલે પાર હું છું તેમ પણ એ જુએ છે.[૭]

■

(૭) भावनाभावनासक्ता, दृष्टिर्मूढस्य सर्वदा ।
भाव्यभावनया सा तु, स्वस्थस्या दृष्टिरूपिणी ॥ २३९ ॥ अष्टावक्र गीता

## ૫૬

## આધાર સૂત્ર

*સૂક્ષ્મ ઘન જીરન નવે,*
*જ્યું કપરે ત્યું દેહ;*
*તાતેં બુધ માને નહિ,*
*અપની પરિણતિ તેહ...(૫૬)*

પાતળું કે જાડું વસ્ત્ર પહેરવાથી હું પાતળો કે જાડો છું તેવો વિચાર નથી આવતો. એ જ રીતે જૂનાં કે નવાં કપડાં પહેરવાથી હું વૃદ્ધ છું અથવા હું યુવાન થઈ ગયો એવો ભાવ થતો નથી.

એ જ રીતે શરીરના જાડાપણા કે પાતળાપણા જોડે અને જૂનાપણા કે નવાપણા જોડે પોતાની સ્થિતિને - 'હું'ને - તે સાંકળતો નથી.

[કપરે = કપડામાં]
[તાતેં = તેથી]

# ૫૬

## ભીતરી આનન્દ : કેવો તો મધુર !

જ્ઞાનયોગના માહાત્મ્યને બતાવતાં 'અધ્યાત્મસાર'માં મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજ કહે છે કે જ્ઞાનયોગ એ આત્મરતિ રૂપ શુદ્ધ તપ છે. ત્યાં, તે સ્થિતિમાં, માત્ર આત્મિક આનન્દને પ્રાપ્ત કરવાની જ અભીપ્સા

હોય છે, તેથી તે મોક્ષસુખનો પ્રાપક છે. મોક્ષસુખ : પોતાની ભીતર હોવાનું સુખ. સ્વરૂપસ્થિતિનો આનંદ.

સ્વરૂપસ્થિતિને પામવાની ઇચ્છા સ્વરૂપસ્થિતિની પ્રાપ્તિમાં ફેરવાય છે. હા, એ ઇચ્છા બળુકી જોઈએ. ઇન્દ્રિયના વિષયો પરથી મન દૂર દૂર સરી ગયેલું હોય એવી સ્થિતિમાં રહેલી ઇચ્છા. પ્રત્યાહાર : જે ધ્યાનમાં ફેરવાશે.[૧]

આત્માનન્દમાં ડૂબકી લગાવવાથી શું થાય એની વાત સરસ રીતે કહેવાઈ છે : આત્માનન્દની આછી સી ઝલક અને પરથી છૂટકારો. પર પદાર્થો કે વ્યક્તિઓ પરની આછી સી પ્રતિબદ્ધતા પણ અહીં રહેતી નથી.[૨] એટલે ભિક્ષાચર્યા આદિ આવશ્યક કાર્ય પણ અહીં થયા કરે છે; સહજ રૂપે. ભીતરની ધારા, એ સમયે પણ, મઝાથી ચાલ્યા કરે છે.[૩]

મહોપાધ્યાયજી પોતાની આત્માનુભૂતિની કેફિયત વર્ણવતાં કહે છે : આત્મસ્થ કે આત્મજ્ઞ સાધક આત્મદશાને પામે તેમાં શી નવાઈ છે ? આત્મજ્ઞોના વચનને સાંભળવાથી ને અનુપ્રેક્ષવાથી અમે પણ આત્માનુભૂતિને માણીએ છીએ.[૪]

---

(૧) ज्ञानयोगस्तपः शुद्धमात्मरत्येकलक्षणम् ।
इन्द्रियार्थोन्मनीभावात्, स मोक्षसुखसाधकः ॥ ४९९ ॥ अध्यात्मसार

(२) न परप्रतिबन्धोस्मिन् - नल्पोऽप्येकात्मवेदनात् ।
शुभं कर्मापि नैवात्र, व्याक्षेपायोपजायते ॥ ५०० ॥ अ.सा.

(३) देहनिर्वाहमात्रार्था, यापि भिक्षाटनादिका ।
क्रिया सा ज्ञानिनोऽसंगान्नैव ध्यानविघातिनी ॥ ५०५ ॥ अ.सा.

(४) ब्रह्मस्थो ब्रह्मज्ञो, ब्रह्म प्राप्नोति तत्र किं चित्रम् ।
ब्रह्मविदां वचसाऽपि, ब्रह्मविलासाननुभवामः ॥ ९१४ ॥ अ.सा.

મઝાનું ચિત્ર આવા જ્ઞાનયોગીનું 'અધ્યાત્મસાર' ગ્રન્થ આપે છે : ભૂતકાળનું સ્મરણ જેણે છોડી દીધું છે, ભવિષ્યકાળ માટેની કોઈ ઇચ્છા જેની ભીતર નથી; તે યોગી શારીરિક અને માનસિક અનુકૂલન કે પ્રતિકૂલનને સમદૃષ્ટિએ નિહાળ્યા કરે છે. ઠંડી અને ગરમી કે સુખ અને દુઃખ બેઉ એને માટે સમાન છે. અને સન્માન કે અપમાનમાં એને સહેજ પણ ફરક લાગતો નથી.[૫]

રમણ મહર્ષિને પુછાયેલું કે લોકો તમારા કંઠમાં ફૂલની માળા આરોપે ત્યારે તમને શું લાગે ?

તેમણે હસીને કહ્યું : ભગવાનના રથને જોડેલ બળદના ગળામાં લોકો ફૂલહાર નાખે તો બળદ માટે એ ભારથી વધુ શું હોય ?

સુરેશ દલાલને જયા મહેતાએ પૂછેલું : તમે જ્યાં જાવ ત્યાં લોકો તમને ઘેરી લેતા હોય છે. પ્રશંસકોના વૃન્દથી ઘેરાયેલ રહેવું કેવું લાગે ?

સુરેશ દલાલે કહેલું : હું સંત નથી કે અહંકાર મને નથી થતો એવું હું કહું. પણ એવું લાગે કે નાહતી વખતે પાણી શરીર પરથી દદડી રહેલું હોય અને આપણને એનો ખ્યાલ ઓછો હોય – વિચારોમાં ખોવાયેલ હોવાને કારણે અને રોજિંદી ઘટના હોવાને કારણે - એવું અહીં બને. રોજનું હોવાને કારણે કોઠે પડી ગયેલું હોય.

• • •

જ્યારે દૃષ્ટિ ભીતર પડે છે અને ભીતર રહેલી સમૃદ્ધિનો સાક્ષાત્કાર થાય છે ત્યારે બહાર નજર પડતી જ નથી સાધકની.[૬]

---

(૫) अनुस्मरति नातीतं, नैव काङक्षत्यनागतम् ।
शीतोष्णसुखदुःखेषु, समो मानापमानयोः ॥ ५४२ ॥ अ.सा.

(६) पश्यन्नन्तर्गतान् भावान् – पूर्णभावमुपागतः ।
भुञ्जानोऽध्यात्मसाम्राज्य – मवशिष्टं न पश्यति ॥ ५४९ ॥ अ.सा.

ખરેખર તો, અંદરની સમૃદ્ધિનો અનુભવ નથી થતો, ભીતર ખાલીપો વરતાય છે ત્યારે જ સાધક બહાર ફાંફાં મારે છે.

એક સાધકે સાધનામાર્ગ સ્વીકાર્યો. પણ પછી એ કોઈક તીર્થના કાર્યમાં લાગી ગયો. વ્યવસ્થાના ભાર નીચે તેણે સાધનાને વિસારી મૂકી.

એક મુમુક્ષુએ એક ગુરુને આ વિશે કહ્યું ત્યારે ગુરુનું સરસ નિરીક્ષણ આવ્યું. એમણે કહ્યું : જેને પણ પોતાની ભીતરની પૂર્ણતાનો ખ્યાલ નથી આવ્યો એ બહારથી એ પૂર્ણતાને મેળવવા ફાંફાં મારશે જ. પછી કોઈ આ રીતે. કોઈ આ રીતે. બીજાઓ દ્વારા પોતે સ્વીકૃત બને અને એ રીતે પોતાના અહમ્‌ના તુષ્ટિકરણ વડે એ પોતાને પૂર્ણ મનાવવાની ભ્રમણામાં પડે છે. પછી એનું ગણિત આ હોય છે : 'પેલા, પેલા લોકો પણ મારા કાર્યને અને મને બિરદાવે છે, માટે હું સારો હોવો જોઈએ. કેવું દ્રાવિડ પ્રાણાયામ !'

અને મઝાની વાત હોય છે કે જે પેલા લોકો આને પ્રશંસતા હોય છે, એ પોતે પ્રમાણિત નથી હોતા કોઈથી. પણ પોતાની પ્રશંસા કરે છે માટે તે લોકો વિશેષ બની જાય છે. કેવો આ ચકરાવો !

• • •

એક માણસ જંગલમાં ગયેલો. ત્યાં એક જગ્યાએ એણે રંગબેરંગી પથ્થરોનો ઢગલો પડેલો જોયો. થયું કે દીકરાઓને રમવા કામ આવશે. એક થેલી એની પાસે હતી, તેમાં એ પથ્થર એણે ભર્યા. થોડેક આગળ જતાં એણે સોનામહોરોનો ઢગલો જોયો.

હવે ?

થેલી એક જ છે. પથરાને ખાલી કરીને તે સોનામહોરો થેલીમાં ભરે છે. થોડેક આગળ જતાં હીરાનો ઢગલો જોવાયો. સોનામહોરો છોડી દેવાઈ. રત્નો લેવાઈ ગયા...

પથ્થર, સોનામહોર છૂટી જાય છે, છોડવા નથી પડતા.

એ જ રીતે, ભીતરની સમૃદ્ધિનો અનુભવ... બહારનું બીજું બધું છૂટી જાય છે.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને મમળાવીએ :

સૂક્ષ્મ ઘન જીરન નવે,
જ્યું કપરે ત્યું દેહ;
તાતેં બુધ માને નહિ,
અપની પરિણતિ તેહ...

કપડું ઝીણું હોય કે જાડું, જૂનું હોય કે નવું; એ પહેરવાથી હું પાતળો કે જાડો છું અથવા હું ઘરડો કે યુવાન છું આવો વિચાર કોઈને આવતો નથી. તો પછી, વસ્ત્ર અને આત્મા જેટલા ભિન્ન છે; એટલા જ દેહ અને આત્મા ભિન્ન છે. તો દેહની રોગથી ઘેરાયેલી પરિસ્થિતિમાં હું માંદો છું આવો ભાવ કેમ સ્પર્શે છે ?

એકવાર બૌદ્ધિકોની સંગોષ્ઠિમાં મેં આ પ્રશ્ન પૂછેલો. મેં પૂછેલું કે તમને બધાને ખ્યાલ છે કે દેહો બદલાતા રહ્યા છે... ક્યારેક માખી કે ક્યારેક હાથીના શરીરમાં પણ આપણે અવતરેલા. શરીરોની આ સતત બદલાહટનો ખ્યાલ હોવા છતાં શરીર તે હું આ ભાવ કેમ સ્પર્શેલો રહે છે ?

જવાબ માટે શ્રોતાઓએ મારી સામે જોયું. તેઓ મારી વાત સાથે સહમત હતા, પણ તેમની પાસેય ઉકેલ નહોતો.

મેં કહ્યું : કપડું તે તમે નથી એ ભાવ દૃઢ થયો છે. કારણ કે કપડાંને વારંવાર પહેરાય છે, કઢાય છે. મેં ઉમેર્યું : દેહને ભલે આ રીતે કાઢવો કે પહેરવો શક્ય નથી. પરંતુ દેહભાવને તો વારંવાર કાઢી શકાય. 'હું તે દેહ નહિ' આવું ભેદ જ્ઞાન ભીતર ઉતાર્યા કરાય તો...?

તો ખરેખર પરિણામ મળે.

■

## ૫૭
## આધાર સૂત્ર

*હાનિ વૃદ્ધિ ઉજ્વલ મલિન,*
*જ્યું કપરે ત્યું દેહ;*
*તાતેં બુધ માને નહિ,*
*અપની પરિણતિ તેહ...(૫૭)*

જેમ કપડું ટૂંકું કે લાંબુ થવાથી પોતામાં લંબાઈ કે ટૂંકાપણાનું અનુમાન નથી થતું; તેમજ કપડું ઊજળું કે મેલું હોય એટલે મારામાં ઉજાશ કે મારામાં મલિનતા આવી એવો વિચાર આવતો નથી.

એ જ વાત, દેહ પ્રત્યે હોવી જોઈએ. દેહ નાનો કે મોટો થયો કે દેહ ઊજળો કે મલિન થાય એની જોડે પોતાને કયો સંબંધ છે ? કોઈ જ નહિ.

# ૫૭

## સાધનાનું પ્રવેશદ્વાર

હું કોણ ? આ પ્રશ્ન અન્તરંગ સાધનાનું પ્રવેશદ્વાર છે.

'અધ્યાત્મોપનિષદ્'માં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ 'હું'નાં

અશ્રાન્ત/સાતત્ય પૂર્ણદર્શનની વાત કરે છે. ચિન્માત્ર લક્ષણતા વડે 'હું' નું આવું દર્શન થઈ શકે છે. જ્ઞાનમાં સ્થિર હોવું એટલે કે સ્વમાં સ્થિર હોવું એ થઈ 'હું'ની પહેચાન.[1]

ડુઈંગ - કર્તૃત્વ એ છે આભાસી હુંનો સંસાર. બીઈંગ - અસ્તિત્વ એ છે વાસ્તવિક હુંની દુનિયા.

• • •

ઉપયોગ ક્યાં છે આપણો ? પરમાં કે સ્વમાં ? પરમાં ઉપયોગ જાય છે, સતત વહ્યા કરે છે ઉપયોગ એ બાજુ; ચાલો, એથી શું મળ્યું ? સિવાય કે પીડા.

ઉપયોગને દેહ પર કેન્દ્રિત કરાશે તો દેહમાં થતી પીડાનો બોધ તમારા સુખને હવામાં ઉડાડી દેશે. ઉપયોગ વિકલ્પોમાં જશે તો...? સતત ફરતા રહેતા વિકલ્પો... શું મળે આનાથી ?

ધારો કે, નિમિત્ત એક મળ્યું. કો'કે કહ્યું કે તમે બરોબર નથી. આ ક્ષણે ઉપયોગ એ ઘટનામાં, એ શબ્દોમાં જશે તો એના કારણે કેટલા વિકલ્પો ચાલશે ? 'એ વ્યક્તિ છે જ એવી. એને હું ખૂંચું છું. એ બધી જગ્યાએ મારો વિરોધ જ કરશે...' વગેરે વગેરે.

હવે આ વિકલ્પોમાં ઉપયોગ રહેવાથી શું થાય ? પીડા જ કે બીજું કાંઈ ?

એને બદલે, ઉપયોગ શુદ્ધ હું તરફ ફંટાય તો...? ખ્યાલ આવે કે પેલી વ્યક્તિએ જે કહ્યું તે નામધારી, દેહધારી મને ઉદ્દેશીને કહ્યું છે. પણ હું તો

---

(૧) चिन्मात्रलक्षणेन अन्यव्यतिरिक्तत्वम् आत्मनः ।
प्रतीयते यदश्रान्तं, तदेव ज्ञानमुत्तमम् ॥ २/१५ ॥

નામને પેલે પારની ઘટના છું. હું તો દેહને પેલે પારની ઘટના છું. મારે અને આ શબ્દોને શી લેવા-દેવા ?

હવે પીડા કેવી ?

• • •

રાબિયા બીમાર હતાં.

બે ફકીર તેમને જોવા આવેલા : હસન અને મલિક.

હસન કહે : ફકીરને કોઈ ફરિયાદ હોતી નથી. તે ચૂપચાપ સહન કરે છે. મલિક કહે : ફકીર ફરિયાદમાં તો માનતો જ નથી, પણ મળેલ દંડમાં તે ખુશી માને છે.

રાબિયા થોડીવાર મૌન રહ્યાં. પછી તેમણે કહ્યું : પ્રભુને મેં જ્યારથી જાણ્યા છે ત્યારથી મને દંડ જેવી કોઈ ચીજની પ્રતીતિ નથી. તો ફરિયાદ કેવી ? સહેવું કેવું અને ખુશી કેવી ?

બીમારી દુ:ખરૂપ કોના માટે ? જેને સુખની આકાંક્ષા છે એને માટે. રાબિયા ફક્ત બીમાર છે. નથી એ બીમારી દુ:ખરૂપ. નથી એ સુખરૂપ. બીમારી બીમારી છે. મલિક બીજી અતિમાં છે. દંડમાં એ ખુશી માને છે પણ બીમારીને દંડરૂપ, દુ:ખરૂપ તો એ માને જ છે.

આખી વાત ઉપયોગ પર કેન્દ્રિત થઈ.

ઉપયોગ માત્ર બીમારી પર રાખો, તો એ પકડાશે માત્ર. પણ એની સાથે આપણી જે કલ્પનાઓ ભળેલી છે એની સેળભેળ થશે તો ? બીમારી

ખરાબ અવસ્થા, તંદુરસ્તી સારી અવસ્થા આ સમીકરણ જો નિશ્ચિત થયું અને ઉપયોગ એ પ્રમાણે ચાલ્યો તો...?

• • •

એક સંત હતા.

એમનું નામ તો બીજું હતું, પણ તેઓ પ્રહારી બાબાને નામે પ્રસિદ્ધ બનેલા. બન્યું એવું કે એકવાર કો'ક વ્યક્તિએ તેમને હેરાન કર્યા, તેમણે એને એક પથ્થર માર્યો... 'કાગને બેસવું ને ડાળને પડવું' એ ન્યાયે પેલો તવંગર બની ગયો. એને શ્રદ્ધા બેઠી કે બાબાએ પથરો માર્યો, તેથી પોતાની ભાગ્યદશા ખૂલી ગઈ !

આ માન્યતા વિસ્તરી. પછી તો લોકો એ સંતનો પ્રહાર ઝીલવા માટે ખાસ જતા, એ આશાએ કે એથી પોતાની દરિદ્રતા શ્રીમંતાઈમાં ફેરવાશે. પ્રહાર આપે તે પ્રહારી. આમ બાબાનું નામ પ્રહારી બાબા પ્રસિદ્ધ થયું.

પણ બાબાને ગુસ્સે કેમ કરવા ? બાબા ગુસ્સે થાય તો જ પથ્થર મારે ને ! બાબા ભોજન કરીને સૂતા હોય અને દર્શનાર્થીઓ આવે : બાબાજી, કેમ છો ? બાબા કહે : હમણાં નહિ આવવાનું. મોડા આવજો. પણ પેલા લોકોને તો બાબાને ગુસ્સે કરવા છે... વારંવાર પૂછે : બાબા કેમ છો ? બાબા કેમ છો ? બાબા ગુસ્સે થઈને પથ્થર મારે. જેને પથ્થર લાગે તે પોતાની જાતને બડભાગી માને.

પથ્થર લાગવાની ઘટનાને સંબંધ પીડાનો સામાન્યતયા હોય. પરંતુ અહીં એ સુખદ ઘટના રૂપે આવે છે. કેમ ? ઉપયોગમાં એ પીડા દ્વારા સુખ મળે છે આવી કલ્પના સ્થિર થઈ છે.

• • •

હું કોણ ? આ પ્રશ્નનો ઉત્તર જાગૃત મન આપશે ત્યારે અલગ હશે. સુષુપ્ત મન આપશે ત્યારે અલગ હશે.

જાગૃત મન દેહ, નામ વગેરેને પેલે પાર જશે અને આનન્દસ્વરૂપ હું-ને હું તરીકે સ્વીકારશે. અજાગૃત મન રતિ-અરતિનાં દ્વન્દ્વમાં ફસાયેલ વૈભાવિક હુંને હું તરીકે સ્વીકારે છે.

હુંનો અનુભવ. શુદ્ધ આત્મદ્રવ્યનો અનુભવ. જિનગુણદર્શન કે જિનસ્વરૂપદર્શન દ્વારા સાધક આખરે તો નિજગુણદર્શન કે નિજસ્વરૂપદર્શન કરે છે ને !

રવીન્દ્રનાથ ટાગોરને તેમની 'ગીતાંજલિ' પર નોબલ ઇનામ મળ્યું. ઠેકઠેકાણે તેમના માટે સમારોહો યોજાયા. તેઓ જ્યાં ઊતરેલા ત્યાંથી નજીકમાં એક બુદ્ધપુરુષ રહેતા હતા. તેઓ નોબલ-ફોબલની વાતોથી પ્રભાવિત થાય તેમ નહોતા. મૉર્નિંગવૉકમાં રવીન્દ્રનાથ મળી જાય તો પેલા બુદ્ધપુરુષ તેમને પૂછતા : ઈશ્વરનો અનુભવ થયો ? પૂછવાનું કારણ એ હતું કે ગીતાંજલિ શ્રેષ્ઠ પ્રાર્થનાઓનો સંગ્રહ છે; પણ એ માત્ર અભિવ્યક્તિ જ છે, માત્ર શબ્દોનો ખેલ જ છે કે એમાં અનુભૂતિ પણ વણાયેલી હતી ?

રવીન્દ્રનાથને જ્યાં સુધી અનુભવ નહોતો થયો ત્યાં સુધી તે વ્યક્તિથી તેઓ ગભરાતા રહ્યા. એક રાત્રે અનુભવ થયો. બીજી સવારે મૉર્નિંગવૉકમાં એ બુદ્ધપુરુષ મળ્યા. રવીન્દ્રનાથે તેમને ગળે લગાડ્યા. પેલા ભાઈ ટાગોરની આંખોમાં આંખો ઊંડેલીને કહે છે : વાહ ! અનુભવ થઈ ગયો !

• • •

વિચારો ખરી પડે અને સંવેદન તીક્ષ્ણતાએ પહોંચે. મોહનીયનું જોર હટે અને અનુભવ થઈ રહે.

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

હાનિ વૃદ્ધિ ઉજ્વલ મલિન,
જ્યું કપરે ત્યું દેહ;
તાતેં બુધ માને નહિ,
અપની પરિણતિ તેહ...

આત્માનુભૂતિ થયા પછી દેહમાં હુંપણાનો અનુભવ રહેતો નથી. વસ્ત્ર જે રીતે દેહથી અલગ છે, એ જ રીતે દેહ આત્માથી ભિન્ન છે એવો અનુભવ થઈને રહે.

■

## ૫૮

# આધાર સૂત્ર

*જૈસે નાશ ન આપકો,*
*હોત વસ્ત્ર[1]કો નાશ;*
*તૈસે તનુકે નાશતેં,*
*ચેતન અચલ અનાશ...(૫૮)*

જેમ વસ્ત્રોનો નાશ થવાથી પોતાનો નાશ થતો નથી, તેમ શરીરનો નાશ થવાથી આત્માનો નાશ થતો નથી. ચેતન તો અચલ અને અવિનાશી છે.

૧. વસ્તુ, D - F

# ૫૮

## આપીડન, પ્રપીડન, નિષ્પીડન

પરમપાવન આચારાંગ સૂત્રમાં સાધનાના ત્રણ તબક્કા અપાયા છે : આપીડન, પ્રપીડન, નિષ્પીડન.

આપીડન આદિના તબક્કામાં જતાં પૂર્વે બે સજ્જતાઓ દર્શાવી છે :

પૂર્વસંયોગનો ત્યાગ અને ઉપશમની પ્રાપ્તિ. આ સજ્જતાઓ પછી મુનિ કર્મશરીરનું આપીડન, પ્રપીડન અને નિષ્પીડન કરે છે.[1] ક્રમશઃ ત્રણે તબક્કા દ્વારા કર્મનો હ્રાસ થોડો, વધુ, ઘણો વધુ થાય છે.

• • •

પૂર્વસંયોગનો ત્યાગ. દીક્ષિત થયેલ મુનિને પૂર્વસંબંધોની સ્મૃતિ પણ નથી હોતી. મુનિજીવનનો આનંદ એવો પ્રગાઢ હોય છે કે એ આનન્દાનુભવમાં જ સતત ઉપયોગ રહ્યા કરે. પછી ગૃહસ્થજીવનની ઘટનાઓનું સ્મરણ ક્યાંથી થાય ?

ગુણસાગર શ્રેષ્ઠિપુત્ર છે. મુનિરાજને જોતાં પૂર્વનું મુનિજીવન સાંભર્યું. કેવો આનન્દ માણ્યો હશે શ્રામણ્યનો કે અહીંનાં કહેવાતાં બધાં સુખો એમને તણખલાં જેવાં લાગે છે. હવે તો એક જ રઢ લાગી છે : ક્યારે મુનિજીવન મળે ?.

માતા-પિતાના આગ્રહથી લગ્નની હા પાડવી પડી. પણ સામે નક્કી થયું કે લગ્નની બીજી સવારે ગુણસાગર દીક્ષા સ્વીકારે તો માતા-પિતા ના નહિ પાડે.

લગ્નનો વરઘોડો નીકળ્યો. અને ગુણસાગરના હૃદયમાં શ્રામણ્યનો આનંદ ઉલ્લસિત થવા લાગ્યો : કાલે દીક્ષા... કેવો આનંદ, પછી ! ગુરુસેવાનો આનંદ. અધ્યયનનો આનંદ... આજ્ઞાપાલનનો આનંદ... આનંદ જ આનંદ...

લગ્નની ચોરીમાં શુક્લધ્યાનની ધારા અને કેવળજ્ઞાન...

---

(૧) आवीलए पवीलए णिप्पीलए; जहित्ता पूव्वसंजोगं हिच्चा उवसमं ॥ १४३ ॥

'આત્મનિન્દા દ્વાત્રિંશિકા'માં જે ક્રમ આપ્યો છે સાધનાનો, એ ક્રમે સાધના આગળ ધપી હશે એમ માની શકાય. એ ક્રમ આવો છે : આજ્ઞાપાલનના આનંદ દ્વારા આપ્તતત્ત્વતા, મમત્વાદિનો ત્યાગ, આત્મૈકસારતા...[2]

આજ્ઞાપાલનના આનંદની સ્મૃતિ, તીવ્ર સ્મૃતિ... એથી મળે આપ્તતત્ત્વતા. આત્મતત્ત્વની અનુભૂતિ. આંશિક અનુભૂતિ અને શરીર વગેરે પરના મારાપણાનો ત્યાગ. એનાથી આત્મસ્વરૂપની અનુભૂતિ. આ અનુભૂતિ શુક્લધ્યાનમાં પરિણમે...

• • •

યાદ આવે મૃગાપુત્ર. પૂર્વજન્મની મુનિજીવનની સ્મૃતિ એમને સંસાર-ત્યાગ ભણી દોરી ગઈ. એમના સંસારત્યાગની ક્ષણોનું રોચક વર્ણન ઉત્તરાધ્યયન સૂત્રમાં આવ્યું : વસ્ત્ર પર લાગેલ ધૂળને કપડાં પરથી ખંખેરી કોઈ ચાલે તેમ મૃગાપુત્ર સંસારને / વિભાવને મનમાંથી ખંખેરીને ચાલી નીકળ્યા.

• • •

પૂર્વસંયોગનો ત્યાગ અને ઉપશમની પ્રાપ્તિની પૃષ્ઠભૂ પર શરૂ થાય છે સાધનાનો પ્રથમ તબક્કો : આપીડન.

રત્નત્રયીની સાધનાની પૃષ્ઠભૂ પર અહીં શાસ્ત્રીય અધ્યયન પ્રારંભાય છે. શાસ્ત્રોને હૃદયસ્થ કરવાની એક હૃદયંગમ આ વિધિ.

---

(૨) कदा त्वदाज्ञाकरणाप्ततत्त्व - स्त्यक्त्वा ममत्वादिभवैककन्दम् ।
आत्मैकसारो निरपेक्षवृत्ति - र्मोक्षेऽप्यनिच्छो भविताऽस्मि नाथ ! ॥ - आत्मनिन्दा द्वात्रिंशिका

જેમ કે, જ્ઞાનસાર પ્રકરણમાં સમભાવની વ્યાખ્યા કરતાં કહેવાયું :

विकल्पविषयोत्तीर्णः, स्वभावालम्बनः सदा ।

ज्ञानस्य परिपाको यः, सः शमः परिकीर्तितः ॥

જ્ઞાનની પરિપક્વતા તે સમભાવ. કેવી રીતે જ્ઞાન ભીતર ગયેલું હોય તો એ પરિપક્વ કહેવાય ?

બે વિશેષણો અહીં અપાયાં છે : વિકલ્પના વિષયને પેલે પાર ગયેલ હોય અને સ્વભાવના આલંબનમાં હંમેશ માટે ડૂબેલ હોય જ્ઞાન તો તે પરિપક્વ કહેવાય.

હવે સાધક પોતાના જ્ઞાનને વિકલ્પો વગરનું બનાવવા યતશે. અને નિર્વિકલ્પતાની પૃષ્ઠભૂ પર સ્વભાવની ધારામાં વહેશે.

શાસ્ત્રની પંક્તિને હૃદયસ્થ બનાવવાની આ મઝાની પદ્ધતિ. વિકલ્પો છૂટતા જાય, સમભાવની ધારામાં વહેવાનું થાય.

• • •

સાધનાનો બીજો તબક્કો : પ્રપીડન. આ તબક્કે કર્મનો હ્રાસ/શિથિલીકરણ ઝડપથી થાય છે.

આ તબક્કો વિનિયોગનો તબક્કો છે. સાધના આત્મસાત્ કર્યા પછી હવે સાધક બીજાઓને સાધના આપે છે.

સદ્ગુરુ પાસે શિષ્ય માત્ર શબ્દો લેવા નહિ, સાધના લેવા જાય છે.

સદ્ગુરુ સાધના કઈ રીતે આપે છે એની એક મઝાની વાત.

શિષ્ય ગુરુ પાસે આવ્યો.

ઘણા સમય બાદ એ સદ્‌ગુરુ પાસે આવ્યો છે અને થોડા સમયમાં જ એને ગુરુ પાસેથી વિદાય લઈને જવું છે...

એણે ગુરુને વંદના કરીને વિનંતી કરી : ગુરુદેવ ! મને હિતશિક્ષા આપો...

ગુરુ કશું જ બોલતા નથી.

શિષ્યને વિદાયનો સમય થયો. એની આંખોમાં આંસુ. ગુરુદેવ ! કંઈક આપો... ગુરુ ન જ બોલ્યા. શિષ્ય નિરાશ થઈને ચાલે છે.

ખરેખર, ગુરુને નથી બોલવું એવું નથી. પણ એવા શબ્દો આપવા છે; જે અસ્તિત્વ સુધી ફેલાયેલ બને. એ શબ્દ શબ્દ ન રહે, જીવનવ્યાપિની સાધના બની જાય.

૧૫-૨૦ ડગલાં શિષ્ય ચાલ્યો અને ગુરુએ કહ્યું : ઊભો રહે, પાછો ફર ! શિષ્ય ખુશ થઈ પાછો આવે છે. ગુરુ હસે છે... અને ત્યારે શિષ્યને થાય છે કે ઓહ ! ગુરુએ તો જીવનવ્યાપિની સાધના બે જ વાક્યોમાં આપી દીધી : ઊભો રહે, પાછો ફર ! તું પર તરફ જઈ રહ્યો છે; પણ હવે ઊભો રહે ત્યાં જ. અને સ્વ તરફ પાછો ફર...

કેવી મઝાની સાધના સદ્‌ગુરુએ આપી !

• • •

ત્રીજો તબક્કો સાધનાનો : નિષ્પીડન. જ્યારે સાધકને લાગે કે શરીર હવે સાધના માટે સક્ષમ નથી રહ્યું. અને એથી અનશન આદિ સ્વીકારી લે... અત્યારે જ્યારે અનશનની અનુજ્ઞા નથી ત્યારે બધા જ સંપર્કોને છોડીને એકાંત અને મૌનની સાધનામાં તે લાગી જાય.

લાગે કે શરીર છૂટું, છૂટું થઈ રહ્યું છે ત્યારે સાધકને કેવું લાગે ? પ્રસ્તુત કડી સાધકની ભાવસૃષ્ટિને ખોલે છે :

જૈસે નાશ ન આપકો,

હોત વસ્ત્રકો નાશ;

તૈસે તનુકે નાશતેં,

ચેતન અચલ અનાશ...

વસ્ત્ર નષ્ટ થઈ જાય એથી પોતાના સ્વરૂપની કાંઈ હાનિ થતી નથી. એમજ દેહનો નાશ થતો સાધક જુએ ત્યારે પણ એ માને છે કે હું તો અચલ, શાશ્વત છું.

■

## ૫૯
## આધાર સૂત્ર

*જંગમ જગ થાવર પરે,*
*જાકું ભાસે નિત્ત[1];*
*સો ચાખે[2] સમતા સુધા,*
*અવર નહિ જડચિત્ત...(૫૯)*

હાલતું, ચાલતું જગત (શરીર આદિ) જેને નિત્ય પથ્થર જેવું જડ લાગે છે; તે જ સાધક સમતાના અમૃતને ચાખી શકે છે. બીજા જડબુદ્ધિવાળા લોકો સમતાને પામી શકતા નથી.

૧. મિત્ત, B     ૨. પામે, A

# ૫૯

## શો અર્થ આ દોડનો ?

ગુરુ પાસે સાધક આવ્યો. પૂર્વાભ્યાસ એનો થઈ ગયો છે. જો ગુરુ તેને પ્રમાણિત કરે તો તેને આગળના શાસ્ત્રાધ્યયનમાં મૂકી શકાય.

સાધકે ગુરુનાં ચરણોમાં વંદના કરી. નતમસ્તકે તે ઊભો રહ્યો. ગુરુએ એને બારી બહાર શું દેખાય છે એ વિશે પૂછ્યું.

સાધકે કહ્યું : પહાડ, વૃક્ષ, ઝરણાં...

ગુરુએ કહ્યું : છ મહિના પછી તું આવજે.

સાધકને ખ્યાલ આવી ગયો કે પોતે નાપાસ થયો છે. હવે એણે મન્થન કરીને શોધવાનું હતું કે પોતે ક્યાં ચૂક્યો છે.

છ મહિના પછી ફરી એ ગુરુના સાન્નિધ્યમાં હાજર થયો. ગુરુએ ફરી એ જ પ્રશ્ન પૂછ્યો : શું દેખાય છે ? સાધકે કહ્યું : કશું નહિ. ગુરુએ કહ્યું : છ મહિના પછી આવજે.

સાધકને એમ લાગેલું કે બહાર દેખાતી વસ્તુઓનું કોઈ મૂલ્ય નથી, તેથી પહેલીવાર ગુરુએ પોતાને નાપાસ કર્યો હશે. એટલે કશું નથી એમ કહ્યું એણે. પણ એમાંય તે નિષ્ફળ ગયો. હવે ?

ફરી છ મહિને એ ગુરુ પાસે ગયો. ગુરુએ એ જ પ્રશ્ન દોહરાવ્યો. એણે કહ્યું : પર્વત, વૃક્ષો, ઝરણાં...

ગુરુ હસ્યા. ઓ.કે. ! તને હવે આગળના ગ્રન્થો વંચાવવામાં આવશે.

પહેલીવારમાં અને ત્રીજીવારમાં જવાબ એક જ હતો સાધકનો. ફરક ક્યાં પડ્યો ? પહેલીવાર સાધકે કહ્યું : પર્વત આદિ છે ત્યારે તેના ચહેરા પર ગુરુએ જોયેલું. બધું વાસ્તવમાં હોય તેવા ભાવ એના ચહેરા પર હતા. ત્રીજીવારે જવાબ તો એ જ હતો પણ ચહેરા પર ભાવ એ હતા કે આ બધાનો શો અર્થ ? ભીતરની દુનિયામાં જવું તે જ સાર્થક. બીજું બધું નિરર્થક છે.

• • •

આ પૃષ્ઠભૂ પર કડી આવી;

જંગમ જગ થાવર પરે,

જાકું ભાસે નિત્ત;

સો ચાખે સમતા સુધા,

અવર નહિ જડચિત્ત...

હાલતું-ચાલતું જગત જેને સ્થિર લાગે, મતલબ કે અર્થહીન લાગે તે જ સમત્વની દુનિયામાં પ્રવેશી શકે ને ! નહિતર તો દુનિયાના એક એક પદાર્થમાં આકર્ષણ થશે તો...? તો સમત્વ ક્યાં રહેશે ? રાગ જ રાગ... અને એ પદાર્થની પ્રાપ્તિમાં કોઈ અવરોધક હશે તો થશે દ્વેષ જ દ્વેષ.

પૂજ્યપાદ સાધનામનીષી પંન્યાસપ્રવર ભદ્રંકર વિજયજી મહારાજ સાહેબ કહેતા : આપણે બે અપરાધો પ્રભુના કર્યા છે : જડ પ્રત્યે રાગ અને ચેતના પ્રત્યે તિરસ્કાર. એના શીર્ષાસન માટે હવે આમ થવું જોઈએ : જડ પ્રત્યે ઉદાસીનભાવ અને ચેતના પ્રત્યે મૈત્રીભાવ.

• • •

'જંગમ જગ થાવર પરે...' સન્દર્ભ અર્થહીનતાનો છે. શો અર્થ આ ગતિનો ?

ગુરુએ બ્રહ્મવિદ્યા લેવા આવનાર એક સાધકને પૂછેલું : તું આખું નગર વીંધીને અહીં આવ્યો આશ્રમમાં; તેં નગરમાં શું જોયું ? સાધકે કહ્યું : ગુરુદેવ ! માટીનાં પૂતળાં માટી માટે દોડતાં હતાં તે મેં જોયું.

શો અર્થ હતો આ દોડાદોડનો ?

દોડાદોડ સાધકને વ્યર્થ લાગેલી. ગુરુએ એને બ્રહ્મવિદ્યાના અધિકારી તરીકે પ્રમાણિત કર્યો.

પર માટેની દોડાદોડ જેને વ્યર્થ લાગે, પદ માટેની, સંપત્તિ માટેની, યશ માટેની; એ સમત્વને પામી શકે. જે દોડમાં જ મહાલે છે તે રાગ-દ્વેષમાં અથડાય છે.

■

## ૬૦

## આધાર સૂત્ર

*મુગતિ દૂર તાકું નહિ,*
*જાકું સ્થિર સંતોષ[1];*
*દૂર મુગતિ તાકું સદા,*
*જાકું અવિરતિ[2] પોષ...(૬૦)*

જે સાધક પાસે સંતોષની સ્થિરતા છે, તેને માટે મોક્ષ દૂરની ઘટના નથી... મોક્ષ દૂર તેના માટે જ છે, જેના મનમાં વિરતિ (પાપોનો અટકાવ) નથી.

[જાકું = જેને]
[તાકું = તેને]

૧. યા કું થિર સંતોષ, F     ૨. અવિરત, A - F

# ૬૦

## જીવન્મુક્તિ ભણી

'પંચવિંશતિકા'માં મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે જીવન્મુક્ત દશાનું વર્ણન કરતાં કહ્યું છે :

जाग्रत्यात्मनि ते नित्यं,
बहिर्भावेषु शेरते ।
उदासते परद्रव्ये,
लीयन्ते स्वगुणामृते ॥

આત્મભાવમાં સતત જાગૃતિ, બહિર્ભાવમાંથી ઉપયોગને હટાવી લેવાની પ્રક્રિયા, પર પદાર્થોમાં ઉદાસીનભાવ અને સ્વગુણોની ધારામાં લીનતા આવે ત્યારે જીવન્મુક્ત દશા સ્પર્શેલી કહેવાય.

ક્રમશઃ ચારે ચરણોને જોઈએ.

• • •

પહેલું ચરણ : આત્મભાવમાં સતત જાગૃતિ.

અત્યારે ત્રણ અવસ્થા તો આપણી પાસે છે જ : જાગૃતિ, સ્વપ્ન, નિદ્રા.

આપણી કહેવાતી જાગૃતિમાં પણ વિકલ્પોનું ઘોડાપૂર ચાલતું હોય છે. સ્વપ્નમાં પણ વિકલ્પો... એ રીતે, જાગૃતિ અને સ્વપ્ન બેઉ અવસ્થાઓ સમાન થઈ. નિદ્રા અવસ્થામાં હોશ જ ચુકાયેલ હોય છે.

વિશુદ્ધ અવસ્થા છે ઉજાગર. એ તેરમા ગુણસ્થાનકે હોય છે. પરંતુ એનું નાનકડું સંસ્કરણ સાધક પાસે હોઈ શકે.

ઉજાગરની વ્યાખ્યા આવી છે : નિર્વિકલ્પતાની પૃષ્ઠભૂ પરની સ્વરૂપસ્થિતિ. હોશ.

આપણે આનું નાનકડું સંસ્કરણ શી રીતે કરી શકીએ ?

આ રીતે તે કરી શકાય : નાનકડા પદનો જાપ લ્યો. તેનું આવર્તન ઝડપથી થવું જોઈએ. જેથી એકાગ્રતા થઈ શકે. ૧૦ કે ૧૫ મિનિટે જ્યારે લાગે કે મન માત્ર જપના પદ પર કેન્દ્રિત બન્યું છે ત્યારે એ પદમાંથી ઉપયોગને હટાવી તમારી અંદર જે શાન્તિ/આનંદ છે, ત્યાં ઉપયોગને લઈ જાવ. વિકલ્પોમાંથી ઉપયોગ હટ્યો હોઈ ભીતરની શાન્તિ પકડાશે. કદાચ મન વિચલિત થઈ

જાય તો ફરી જપનું પદ પકડી તેમાં મનને એકાગ્ર કરી ફરી મનને ભીતર લઈ જવું.

આમાં અભ્યાસ જેટલો વધશે તેટલું પરિણામ મળશે.

અને ત્યારે થશે કે વિકલ્પો તો ચાલુ હોય છે; પણ એમાં ઉપયોગને મૂકીને આપણે કેટલું ગુમાવ્યું ? વિકલ્પો આવે તો પણ એમને જોવાના હોય...

• • •

સોહેઈએ ગુરુ સુબીને પૂછ્યું : બોધિધર્મ ગુરુ ચીનમાં ગયેલા. ત્યાં તેમણે ધર્મપ્રચાર પણ સારો કરેલો. છતાં તેઓ ભારત પાછા કેમ આવ્યા ?

ગુરુ મનમાં હસ્યા. સદીઓ પહેલાંની આ ઘટના... પણ સાધક તરીકે સોહેઈને આ ઘટના જોડે શો સંબંધ હોઈ શકે ? બોધિધર્મ ચીનમાં રહ્યા હોત તો એની સાધનામાં કયું પરિવર્તન આવવાનું હતું ? અને બોધિધર્મ ભારતમાં આવ્યા તો એની સાધના કઈ રીતે બદલાઈ ?

સાધકને સંબંધ માત્ર ને માત્ર પોતાની સાધના સંબંધે હોઈ શકે : સાધના કઈ રીતે ઉચકાશે ? કઈ રીતે તેમાં અવરોધ આવશે.

ગુરુ સુબીએ સોહેઈને કહ્યું : હું એકાન્તમાં હોઉં ત્યારે મને આ પ્રશ્ન પૂછજે. સોહેઈને લાગ્યું કે પોતાનો પ્રશ્ન ખરેખર મૂલ્યવાન હશે... જેથી એકાન્તમાં એનો જવાબ મેળવવા ગુરુએ કહ્યું છે.

પણ હવે જ મુશ્કેલી આવી. આવા મોટા ગુરુ... ભક્તવૃન્દથી, શિષ્યવૃન્દથી વીંટળાયેલા; એકાન્તમાં તેમને કેમ કરીને મેળવવા ? છેવટે

સોહેઈએ રસ્તો શોધી કાઢ્યો. ગુરુ પ્રાતઃભ્રમણ માટે એકલા નીકળે છે. એ વખતે એમની સાથે જવું અને પૂછી લેવું.

બીજી સવારે જ મોકો મળી ગયો. ગુરુ સાથે સોહેઈ ચાલ્યો. મઝાના વાંસના વનમાં ગુરુ ચાલી રહ્યા છે. સોહેઈએ કહ્યું : મારા પ્રશ્નનો ઉત્તર...

ગુરુ કહે છે : આ વાંસના વૃક્ષોને તું જો. વાંસ જેવો તું થઈ જા. શું વાંસના એક પણ વૃક્ષને સવાલ થતો હશે કે સવારના પહોરમાં આ બે જણા કેમ અહીં ફરે છે ? તેઓ મૌનમાં ઊભા છે. તારી સાધનાને આગળ વધારવી હોય તો તું મૌનમાં પ્રતિષ્ઠિત થા. વિકલ્પોનો સાધનામાર્ગમાં પ્રવેશ જ નથી.

• • •

બીજું ચરણ : બહિર્ભાવમાં સુષુપ્તિ.

જ્યાં આત્મભાવ ગમ્યો, તેમાં વહેવાનું થયું; બહિર્ભાવમાં કેમ જવાશે ?

બહિર્ભાવમાં અત્યારે સતત જવાય છે, તો એનું કારણ છે બહિર્ભાવમાં જવાનો અનાદિકાળનો અભ્યાસ. બાહ્ય જગત પાસે એક સાધકને આકર્ષી શકે તેવું શું છે ? કશું જ નહિ. માત્ર ટેવાયેલું મન એ બાજુ સર્યા કરે છે. પરંતુ મનને એક મઝાનો વિકલ્પ અપાય તો... ? તો એ બાહ્ય જગત ભણી નહિ જાય. આન્તર જગતના આનન્દ સાથે જે ક્ષણે આપણો સંપર્ક થયો; બહારની દુનિયા છૂટી જવાની છે.

• • •

આત્મભાવમાં જાગૃતિ થઈ; પરભાવમાં સૂવાનું થયું. હવે એનો કોઈ અર્થ લાગતો નથી : પરભાવમાં જવાનો. કો'કે કંઈક કહ્યું. સારું કહ્યું કે નરસું કહ્યું. શો અર્થ સાધકને માટે એનો ?

ન કંઈ બોલવાની પણ ઈચ્છા થાય. પૂ. દેવચન્દ્રજી મહારાજ અષ્ટપ્રવચન માતાની સજ્ઝાયમાં કહે છે : 'ભાષા પુદ્ગલ વર્ગણા, ગ્રહણા નિસર્ગ ઉપાધ સલુણા; કરવા આતમવીર્યને, શાને પ્રેરે સાધ ?...'

ભાષા વર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરવા, આત્મસાત્ કરવા અને છોડવા માટે સાધક આત્મશક્તિને શા માટે પ્રેરે ?

• • •

બહિર્ભાવમાં સુષુપ્તિ. પણ પરદ્રવ્યોમાં ઉદાસીનભાવ. શરીરને ટકાવવા માટે પર દ્રવ્યો - ભોજનનાં દ્રવ્યો, વસ્ત્ર આદિ - જોઈશે; એ દ્રવ્યોનો ઉપયોગ પણ થશે; પરંતુ એમાં આસક્તિ નહિ હોય. આ ત્રીજું ચરણ.

• • •

ચોથું ચરણ : સ્વગુણોની ધારામાં લીનતા. જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણોમાં પ્રવેશવું અને પછી એ ગુણોની ધારામાં લીન બનવું. એકાકારતા.

• • •

આ ચાર ચરણો જીવન્મુક્ત દશામાં આવે છે. મુક્તિ તો દૂર છે, પરંતુ જીવન્મુક્તિ, સશરીરમુક્તિ અત્યારે મળી શકે.

આત્મગુણોમાં સ્થિત થવાના સુખ માટે કલિકાલસર્વજ્ઞ આચાર્યપ્રવર શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજા કહે છે :

मोक्षोऽस्तु माऽस्तु यदि वा,

परमानन्दस्तु वेद्यते स खलु ।

यस्मिन् निखिलसुखानि,

प्रतिभासन्ते न किञ्चिदिव ॥[1]

મોક્ષ ભલે દૂરની ઘટના હોય, ધ્યાનાવસ્થામાં એવો પરમાનન્દ મળે છે કે જ્યારે બધાં જ સુખો અકિંચિત્કર લાગે છે.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને મમળાવીએ :

મુગતિ દૂર તાકું નહિ,
જાકું સ્થિર સંતોષ;
દૂર મુગતિ તાકું સદા,
જાકું અવિરતિ પોષ...

જેની ભીતરી ધારા સ્થિરતાને સ્પર્શનારી બની, અન્તસ્તોષમાં પલટાઈ; તેના માટે મુક્તિ ક્યાં દૂર છે ? મુક્તિ તો એના માટે દૂર છે, જે ગુણોને સ્પર્શી શક્યો નથી. જેણે દોષોનો / પાપોનો અટકાવ (વિરતિ) નથી કર્યો.

મોક્ષ ક્યાં દૂર છે ?

ગુણોમાં સ્થિરતા, લીનતા તે મોક્ષ.

■

---

૧. યોગશાસ્ત્ર, ૧૨મો પ્રકાશ, ૫૨

# ૬૧
## આધાર સૂત્ર

*હોત વચન મન ચપળતા,*
*જન કે સંગ નિમિત્ત;*
*જન-સંગી હોવે નહિ,*
*તાતેં મુનિ જગમિત્ત...(૬૧)*

મનુષ્યોના સંસર્ગથી વચન અને મનની ચપલતા થાય છે. તેથી જગન્મિત્ર મુનિ જનસંગ ન કરે.

# ૬૧

## 'ગુરુ નિરંતર ખેલા...'

તત્ત્વજ્ઞ ઈકહાર્ટ જંગલમાં એક વૃક્ષ નીચે બેઠેલા. મઝાની અનુપ્રેક્ષા ચાલતી હતી. એકાદ મહામનીષીની પંક્તિને લઈને તેઓ દૂર-સુદૂર નીકળી ગયેલા. કેવો તો દિવ્ય આનંદ !

અનુપ્રેક્ષામાં આટલો આનંદ. તો અનુભૂતિમાં તો કેવોય આનંદ હોય !

ઈકહાર્ટ પોતાની ભીતર મગ્ન હતા. ત્યાં તેમના જ ગામનો એક ભાઈ ત્યાંથી પસાર થઈ રહેલો, તેણે ઈકહાર્ટને જોયા. તે ત્યાં આવ્યો અને એણે ઔપચારિક વાતો શરૂ કરી. શિષ્ટાચાર એવી વસ્તુ છે કે તમે કોઈને ઉઠાડી શકો નહિ. ઈકહાર્ટને પરાણે વાતોમાં જોડાવું પડ્યું.

એક કલાકે પેલો ઉઠ્યો અને એણે કહ્યું : તમે એકલા બેઠા હતા ને, એટલે તમને કંપની આપવા હું બેઠેલો !

તેની સમક્ષ બોલવાનો કોઈ અર્થ નહોતો; પણ ઈકહાર્ટ સ્વગત બોલ્યા : ભાઈ, તમે તો મારી કંપની તોડાવી ! હું મારી પોતાની કંપનીમાં જ હતો !

યુરોપમાં, ત્યાંની સંસ્કૃતિને અનુરૂપ એક મઝાની વાત છે : Two is the company, and three is the crowd. (બે એટલે કંપની / મિત્રાચારી, ત્રણ એટલે ટોળું.)

ભારતીય સભ્યતામાં આ વાત આ રીતે બદલાશે : One is the company, and two is the crowd.

• • •

એકાંતનો વૈભવ જ્યારે ખીલેલો હોય, તમે એકલા તમારી જાતને પરિપૂર્ણ તરીકે અનુભવતા હો ત્યારે આનંદ જ આનંદ હોય છે. એકાંત સાથે મૌન તો હોય જ. પણ એ મૌન વિચારોનું હોય તો દિવ્ય આનંદનો અનુભવ થાય.

મને એક સાધક મળેલ. તેઓ એક મૌન આશ્રમમાં જઈ આવેલા. તેમણે મને ત્યાં થયેલ અનુભવની વાત કરી હતી. તેમના શબ્દોમાં : 'ત્યાં એક

રૂમ મને આપવામાં આવેલો. જે ટોયલેટ-અટેચ્ડ હતો. ન કોઈ છાપું કે પુસ્તક અંદર લઈ જઈ શકાય. ન મોબાઈલ લઈ જવાય. સવારે નાસ્તાના સમયે એક નાનકડી બારીમાં વેઈટર ચા-નાસ્તાની ટ્રે મૂકી દે. એની બાજુ બારણું બંધ થાય, પછી મારી બાજુ ખિડકી ખૂલે. આવું જ બપોરે અને સાંજે ભોજન સમયે. અઠવાડિયું હું ત્યાં રહ્યો. ન કોઈ વ્યક્તિનો સંપર્ક, ન કશું વાંચવાનું... મારી તો સાધનામાર્ગમાં એવી કોઈ પ્રવૃત્તિ નહોતી; પણ લાકડાં ખૂટી જતાં અગ્નિ ઓલવાઈ જાય તેમ શબ્દ કે પ્રવૃત્તિનું પૃષ્ઠબળ ન હોવાથી વિચારો પણ શાંત થતા ગયા.'

• • •

એકાંત અને મૌનને ઘૂંટ્યા પછી સાધક બાહ્ય દુનિયામાં આવે છે ત્યારે એ, દેખીતી રીતે ભીડમાં હોવા છતાં, અંદરથી એ હોય છે એકાંતમાં. પોતે કોરી કાઢેલું પોતાનું વૈભવી એકાંત.

એકાંતમાં હોવા છતાં ભીડમાં આવવું પડે ત્યારે સાધક કેવી રીતે આવે એની વાત સંત કબીરજીએ કરી છે : 'કબીરા બેઠા બાજાર મેં, લિયે લકુઠી હાથ; જો ઘર બારે આપના, વો ચલે સંગ હમાર...' કબીરજી બજારમાં બેઠા છે. લાકડી છે હાથમાં. કહી રહ્યા છે : ચાલો, ભીતરની યાત્રાએ જવું હોય તો મારી સાથે આવો. ટેકા માટે આ લાકડી તમને આપીશ. પણ શરત આટલી જ છે : જે વિભાવના ઘરને બાળવા તૈયાર હોય તે મારી સાથે આવે.

ગુરુ તરીકેની ભૂમિકા પર જ્યારે કોઈ વ્યક્તિ પ્રતિષ્ઠિત થયેલ હોય ત્યારે તેણે આ કાર્ય કરવું પડે છે. ભીડમાં જવું. લોકોને પોતાની તરફ ખેંચી, વિભાવમાંથી સ્વભાવ ભણી દોરી જવા.

શા માટે સદ્‌ગુરુ આ કાર્ય કરે છે ?

નિ:શંક, પ્રભુની આજ્ઞા છે માટે.

આ સંદર્ભમાં એક વિધાન યાદ આવે : પરમશક્તિ પરમસક્રિય, ગુરુચેતના પરમનિષ્ક્રિય. અને વચલી ચેતનાઓ સક્રિય હોય કે નિષ્ક્રિય એનો કોઈ મતલબ નહિ.

પરમશક્તિની પરમ સક્રિયતાની વાત કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય મહારાજે વીતરાગ સ્તોત્રમાં આ રીતે કહી : પ્રભુ ! તારી કૃપાથી જ હું આ મનુષ્યત્વની પગથાર સુધી આવ્યો છું. સાધનાને સ્પર્શી શક્યો છું.[1] મહોપાધ્યાય શ્રીમદ્‌ યશોવિજય મહારાજ સ્તવનામાં આ વાત લઈ આવ્યા : ઈતની ભૂમિ પ્રભુ ! તુમ હિ આણ્યો...

સદ્‌ગુરુને જે પણ કરવું છે, તે પ્રભુની આજ્ઞાથી કરવું છે. એટલે તેમાં તેમની ઈચ્છા નથી ભળતી. કર્તૃત્વ પણ નથી.

કર્તૃત્વ નથી સદ્‌ગુરુમાં એનો ખ્યાલ એ રીતે આવે કે ત્યાં કાર્ય હોવા છતાં થાક નથી. કારણ કે કાર્યને ત્યાં પરિણામ જોડે સાંકળવામાં આવતું નથી. સામાન્ય મનુષ્યનું કાર્ય પરિણામલક્ષી હોય છે અને એટલે જો પરિણામ ઈચ્છિત આવ્યું તો તેને રતિભાવ ઊપજે છે. પરિણામ અણધાર્યું આવ્યું તો તેને અરતિભાવ થાય છે.

આથી જ, પૂજ્ય આનંદઘનજી મહારાજે કહ્યું : 'ગુરુ નિરંતર ખેલા...' જે સતત ખેલની ભૂમિકામાં હોય તે ગુરુ.

• • •

---

૧. भवत्प्रसादेनैवाहमियतीं प्रापितो भुवम् ॥

એકાંત અને મૌનની ભૂમિકા સાધકને કઈ રીતે સ્વપ્રતિષ્ઠિત કરે છે તે આપણે જોતા હતા. એ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

હોત વચન મન ચપળતા,
જન કે સંગ નિમિત્ત;
જન સંગી હોવે નહિ,
તાતેં મુનિ જગમિત્ત...

સાધનાના પ્રારંભસમયની આ વાત છે, જ્યારે લોકોના સંસર્ગને કારણે સાધકના મન અને વચનમાં ચપળતા આવે.

કો'કે કહ્યું : તમે બહુ સરસ બોલ્યા. આ શબ્દો રતિભાવનાં મોજાં ભીતર નહિ ઉછાળે ? અહંકાર ઉદ્દીપ્ત નહિ થાય ?

તો શું કરવું જોઈએ ? આવા સાધકે જનસંસર્ગથી દૂર, જંગલમાં રહેવું જોઈએ. જરૂર, આવો સાધક જગન્મિત્ર છે. કોઈના પણ પ્રત્યે એને અપ્રીતિ નથી. પરંતુ પોતાની સાધનાને પ્રગાઢ બનાવવા માટે તે જનસંસર્ગથી દૂર રહે છે.

■

## ૬૨
## આધાર સૂત્ર

*વાસ નગર વન કે વિષે,*
*માને દુવિધ અબુધ;*
*આતમદર્શીકું વસતિ,*
*કેવલ આતમ શુધં[1]...(૬૨)*

નગરમાં હું વસું છું અથવા વનમાં હું વસું છું એવું તો અજ્ઞાની માને. આત્મદર્શી સાધક તો માત્ર શુદ્ધ આત્મતત્ત્વમાં જ રહે છે.

૧. શુદ્ધિ, B - C

# ૬૨

## આત્મદર્શિતાથી આત્મરમણતા સુધી

એક આશ્રમના દરેક સાધક પાસે આઈડેન્ટિટિ કાર્ડ હતું. આશ્રમની વિશેષતાને અનુરૂપ આઈ૦ કાર્ડ પણ વિશિષ્ટ હતું. તેના પર લખ્યું હતું : Nameless, Choiceless. (અનામી, નિરીહ સાધક.)

એક સાધક પાસે આવું પરિચય પત્ર નથી તે જોઈ એક મુલાકાતીએ પૂછ્યું : તમારું પરિચય પત્ર ક્યાં ?

એ સાધકે પોતાના ખિસ્સામાંથી પડીકી કાઢી, જેમાં રખ્યા હતી. સાધકે કહ્યું : આ છે મારું પરિચય પત્ર ! પોતાનું શરીર રાખમાં ફેરવાવાનું છે અને પોતે અમર છે; આથી વધારે પરિચય કયો આપવાનો હોય એક સાધકે ?

• • •

સાધકની આત્મદર્શિતાનો આ મઝાનો પરિચય હતો.

યાદ આવે પરમપાવન આચારાંગ સૂત્ર : જે સાધક આત્મદર્શી છે, તે આત્મરમણશીલ છે અને જે આત્મરમણશીલ છે તે આત્મદર્શી છે.[1]

આત્મદર્શિતા આત્મરમણતામાં ફેરવાય છે. અને આત્મરમણતા ઊંચી જાતની આત્મદર્શિતામાં ફેરવાય છે. કેવું મઝાનું આ વર્તુળ ! જે સાધકે નિર્મળ આત્મદ્રવ્યનું દર્શન કર્યું, તે બીજે ક્યાંય કેમ રમી શકે ? અને જેણે આત્મરમણતાનો આનંદ અનુભવ્યો તેને આત્મતત્ત્વની વિશેષ વિશેષ, ઊંડી અનુભૂતિ વિના બીજે ક્યાં જવું ગમે ?

એક સાધકને એક મુમુક્ષુએ કહેલું : આપ જે માર્ગે થઈને પસાર થવાના છો, એ માર્ગમાં વચ્ચે એક આશ્રમ આવે છે. જ્યાં રહેતા સંત આત્મતત્ત્વની એવી તો અભિવ્યક્તિ આપે છે કે આપણે મુગ્ધ થઈ જઈએ. જો આપની ઈચ્છા હોય તો હું તે સંત સાથેની આપની મુલાકાતનું ગોઠવું.

જવાબમાં સાધકે જે કહ્યું તેથી મુમુક્ષુને એક નવી જ દિશા મળી. તેમણે કહ્યું : આત્મતત્ત્વની આંશિક, અલપ ઝલપ અનુભૂતિ મળી એ પછી માત્ર

---

૧. जे अणण्णदंसी से अणण्णारामे, जे अणण्णारामे से अणण्णदंसी ।

ને માત્ર એ અનુભૂતિમાં વધુ ને વધુ ઊંડે ઊતરવાનો ભાવ રહ્યા કરે છે. શબ્દોની દુનિયાનું હવે કોઈ આકર્ષણ રહ્યું નથી.

• • •

ન શબ્દોની દુનિયાનું આકર્ષણ, ન વિચારોની દુનિયાનું આકર્ષણ... ખેંચાણ માત્ર આત્મતત્ત્વની અનુભૂતિનું.

એક સંત એક ગામની બહાર આવેલ મંદિરની ધર્મશાળામાં ઊતર્યા. ગામથી થોડે દૂર, નિર્જન સ્થળમાં આવેલ આ જગ્યા સાધના માટે એમને બહુ જ સરસ લાગી.

તેઓ ત્યાં સાધના કરવા લાગ્યા. લોકોને થયું કે કોઈ મોટા જોગંદર છે આ તો. લોકોનાં ટોળેટોળાં ત્યાં આવવા લાગ્યાં. સંતને થયું કે પોતાનું એકાંત લૂંટાઈ ગયું આ તો ! આના આવા ભીડભડાકામાં સાધનાની મઝા કેવી આવે ?

એમણે લોકોને કહ્યું : મારા પર જેને પ્રેમ હોય તે રોજ એક એક કાંકરો લઈને આવે. એ કાંકરાનો એમણે ઢગલો કરાવ્યો. પોતે એના પર જઈ બેઠા. ઢગલો મોટો થવા લાગ્યો તેમ લોકોથી દૂરી વધતી ચાલી. લોકો આવતાં ઓછા થયા. પછી બંધ થયા...

• • •

આત્મદર્શી સાધક.

પરમાં અવરુદ્ધ થયેલી દૃષ્ટિ એકવાર સ્વ ભણી જશે. પછી તો, પરમાં જવાનું થશે જ નહિ. આત્મદર્શી સાધક રહેશે માત્ર સ્વમાં.

આ પૃષ્ઠભૂ પર કડી આવી :

વાસ નગર વન કે વિષે,
માને દુવિધ અબુધ;
આતમદર્શીકું વસતિ,
કેવલ આતમ શુધ...

નગરમાં કે વનમાં વાસ તો હશે શરીરનો. આત્મદર્શી સાધક ક્યાં રહેશે ? માત્ર પોતાની ભીતર.

પરમપાવન આચારાંગ સૂત્રમાં નૌકા ઉત્તરણ વિધિ આવે છે. ગંગા આદિ મોટી નદીઓને હોડી દ્વારા ઊતરવી પડે ત્યારે મુનિ કેવી રીતે ઊતરે ?

એક ક્ષેત્રમાં વધુ સમય રહેવાય નહિ, અને તે સમયે દેશ નદીઓથી ભરપૂર. તો, મોટી નદી હોડીથી ઊતરવી પડે. એના માટે આખી વિધિ છે. હોડીમાં બેસતાં પહેલાં મુનિ શરીરને પૂંજી લે છે. હોડીમાં બેઠા પછી મૌનમાં ડૂબેલ હોય છે મુનિ.

ક્યારેક એવું બને કે નાવ ભંવરમાં ફસાઈ જાય કે એવું કંઈક થાય-અને નાવમાં બેઠેલા લોકો કહે કે આ સાધુ બેઠા છે અંદર, માટે આ તકલીફ આવી છે. સાધુને જ ઊચકીને નદીમાં ફેંકી દો... આવું સાંભળવા છતાં મુનિના એક રૂંવાડે પણ ભય ફરકતો નથી. લાગે કે બધા જ એક મત થઈ ગયા છે અને પોતાને નદીમાં ફેંકવા તૈયાર થઈ ગયા છે, ત્યારે મુનિ કહે : તમે મને નદીમાં નહિ ફેંકતા, હું મારી મેળે નદીમાં જતો રહીશ.

કરુણાનો કેવો તો વિસ્તાર અહીં જોવા મળે ! લોકો પોતાના શરીરને નદીમાં ફેંકે તો અપ્કાયના જીવોની કિલામણા થાય ને ! પોતે નદીમાં ધીરેથી

જાય અને પ્રવાહમાં ગયા પછી ન હાથ હલાવે, ન પગ હલાવે; (અપ્કાયના જીવોની વિરાધના ન થાય તે માટે) નદીનો પ્રવાહ એના શરીરને જ્યાં લઈ જાય ત્યાં જવા દે. નદી છાલક મારીને દેહને કાંઠે ફેંકે તો પણ એ નદીના કાંઠે ત્યાં સુધી ઊભા રહે, જ્યાં સુધી વસ્ત્રો કે દેહમાંથી પાણી ટપકતું હોય. પાણીને પાણીમાં ભળવા દે. કુદરતી રીતે શરીર કોરું થતાં આગળ વિહાર કરે.

આત્મદર્શિતા પર તરફ - પોતાના શરીર તરફ પણ - કેવી ઉદાસીનતા લાવી શકે છે એનું આ રોમહર્ષક દૃષ્ટાન્ત છે ને !

એ મુનિ ન તો નદીના પ્રવાહમાં છે, ન નાવમાં છે, ન કાંઠે. 'આત્મદર્શીકું વસતિ, કેવલ આતમ શુધ...'

■

## ૬૩
# આધાર સૂત્ર

*આપ-ભાવના દેહમેં,*
*દેહાન્તર ગતિ હેત;*
*આપ-બુદ્ધિ જો આપમેં,[1]*
*સો વિદેહ પદ દેત...(૬૩)*

દેહમાં આત્મબુદ્ધિ કરવી તે ભવપરંપરાનું કારણ છે, પણ આત્મામાં જ જો આત્મબુદ્ધિ થાય તો તે વિદેહ પદ - દેહરહિત અવસ્થા (મોક્ષ)ના કારણરૂપ થાય છે.

૧. આપ ભાવના બુદ્ધિ જો, B - F

# ૬૩

## ભીતરી મહાવિદેહ

વિદેહ-અવસ્થા એટલે દેહથી પર - દેહાતીત અવસ્થા; એ જ રીતે દેહાધ્યાસથી પર અવસ્થાને પણ વિદેહ અવસ્થા કહેવાય.

અને, દેહાધ્યાસથી અત્યંત પર થયેલ અવસ્થા તે મહાવિદેહ.

સાધક દેહમાં રહેવા છતાં દેહાધ્યાસથી / દેહ પ્રત્યેની આસક્તિથી અત્યંત પર હોય તો તે તેની મહાવિદેહ અવસ્થા છે.

કેવું મઝાનું આ ભીતરી મહાવિદેહ !

• • •

પૂજ્યપાદ જ્ઞાનવિમલસૂરિ મહારાજની મનાતી એક રચનામાં નવી જ વિભાવના લેવામાં આવી છે. વિભાવના એવી છે કે મહાવિદેહ હોય, તેનો વિજય નામનો પ્રદેશ હોય અને તેમાં આવેલી પુંડરીકિણી આદિ નગરીઓ હોય તો પ્રભુ સીમંધર ત્યાં સમવસરે જ ને !

કડી આવી છે : 'વિજય છે શુદ્ધ મુજ ચેતના, ભક્તિ નગરી નિરુપાધિ; તિહાં વસે છે મુજ સાહિબો, જિહાં સુખ છે સહજ સમાધિ...'

મહાવિદેહ એટલે દેહાધ્યાસથી અત્યંત વિમુક્ત થયેલ સાધક. વિજય એટલે શુદ્ધ ચેતના. નિરુપાધિકા ભક્તિ તે પુંડરીકિણી આદિ નગરી. ત્યાં મારા પ્રભુ રહે છે. અને મારા પ્રભુ રહે ત્યાં હોય સહજ સમાધિ !

ક્રમસર ચરણોને જોઈએ.

• • •

મહાવિદેહ. દેહાધ્યાસથી અત્યંત ઉપર ઊઠેલી ઘટના. ત્રણસો વર્ષ પહેલાં એક મહાત્મા થયા. નામ એમનું મણિઉદ્યોતજી. પીઠમાં પાઠું થયેલું. જીવડાં માંસને કોરી રહ્યાં હોય રાત-દિવસ. કેવી વેદના હોય ! કલ્પના કરતાં પણ ધ્રૂજી જવાય. પણ તેઓ તો પોતાની સાધનામાં બરોબર ઓતપ્રોત. રાત-દિવસ સ્વાધ્યાય, ધ્યાન આદિ ચાલ્યા જ કરે.

એક વખત તેમની સાધના જોઈને પ્રભાવિત થયેલ એક દેવ તેમની પાસે આવે છે અને વિનવે છે કે આપના આ દર્દને દૂર કરવાની મને રજા આપો !

મહાત્માએ ના પાડી.

દેવે પૂછ્યું : આપ કેમ ના પાડો છો ?

મહાત્માએ કહ્યું : આ પીડાને કારણે તો સાધનામાં મારી અપ્રમત્તતા બહુ સરસ રીતે રહે છે. આ પીડા જતી રહે અને રાત્રે ઊંઘ આવી જાય તો... ? પીડા તો છે વરદાયિની.

બીજી વાત પણ મહાત્માએ સમજાવી : સાધનામાં મારો ઉપયોગ તીવ્રતાથી જાય છે, ત્યારે પીડા જેવું ક્યાં કંઈ હોય છે ?

• • •

એક હિન્દુ સંતને આવી જ રીતે પીઠના પાઠામાં કીડાઓ પડેલા. એકવાર એક જીવડું નીચે પડી ગયું. તેને પ્રેમથી હાથમાં ઊંચકીને એ સંતે કહ્યું : તુઝે તો પ્રભુને યહાં ભેજા હૈ ન ? પડા રહે વહાં. ઔર મેરે માંસ કી મિજબાની ઉડાવ ! પ્રેમથી એ કીડાને સંતે પાઠામાં મૂકી દીધું.

• • •

મહાવિદેહ.

દેહાધ્યાસથી અત્યંત દૂરી.

આ માટે સાધકોએ કેવા ભિન્ન ભિન્ન ઉપાયો શોધેલા હોય છે ! આપણે જાણીને આશ્ચર્યચકિત પણ બનીએ અને એવા ઉપાયોના અમલીકરણનો વિચાર આપણી ભીતર ઘેરો પણ બને.

એક સંત.

તેમની સાથે એક ઝોળી; જેને તેઓ કાયમ સાથે જ રાખે. કોઈ મુમુક્ષુ, પ્રવાસમાં એ ઝોળી ઉપાડવા માગે, તો પણ તેઓ ના પાડે. પોતે બેઠેલ હોય ત્યારે પણ તેમની જોડે જ એ ઝોળી પડેલી હોય.

એકવાર તેઓ બહાર ગયેલા - સ્નાનાદિ માટે અને ઝોળી તેમના આસન પાસે પડેલી. એક મહેમાન વન્દન માટે આવેલ. તેને કુતૂહલ હતું કે ગુરુ ઝોળીમાં શું રાખે છે ? કેમ કોઈને એ ઝોળી અડકવા પણ દેતા નથી ? તેણે ઝોળી ખોલી. જોઈને તે સ્તબ્ધ થઈ ગયો : માણસની ખોપરી તેમાં હતી !

તે જોતો હતો ત્યાં જ સંત આવી ગયા. પેલાએ ક્ષમા માગી : ગુરુદેવ ! આપની આજ્ઞા વિના મેં ઝોળી ખોલી લીધી...

ગુરુ હસ્યા. કહે : કંઈ વાંધો નહિ. હવે પેલા ભાઈએ પૂછ્યું : પણ ગુરુદેવ ! માણસની ખોપરી આપે કેમ રાખી છે ?

સંતે કહ્યું : એકવાર હું સ્મશાનમાંથી પસાર થઈ રહ્યો હતો. ત્યાં આ ખોપરી મેં જોઈ. જોતાં જ મને થયું કે મારા શરીરની પણ દશા આખરે તો આવી જ થવાની છે ને ! તો પછી આ શરીરનું કોઈ સન્માન કરે કે અપમાન કરે, શો ફરક પડે છે ? પણ આ વાત સતત મારા મનમાં ઘૂમરાયા કરે એ માટે આ ખોપરીને - કો' અનામી માનવીની આ ખોપરીને હું મારી જોડે જ રાખું છું. ક્યારેક સહેજ અહંકાર ઉદિત થાય તો તરત એને જોઈ લઉં છું... અહંકાર ચૂર-ચૂર થઈ જાય છે.

• • •

'વિજય છે શુદ્ધ મુજ ચેતના...' અખંડ, અલિપ્ત મારી ચેતના તે વિજય નામનો પ્રદેશ, નૈશ્ચયિક રૂપે શુદ્ધ ચેતના રાગ-દ્વેષથી કે કર્મોથી લિપ્ત નથી. એ આનંદમયી ચેતના છે. સાધક જ્યારે આ રીતે સ્વ-પ્રતિષ્ઠિત બને ત્યારે તે વિજય-પ્રદેશમાં પ્રવેશ્યો.

નગરી કઈ ? 'ભક્તિ નગરી નિરુપાધિ...' નિરુપાધિકા ભક્તિ છે નગરી; જ્યાં પ્રભુનું સમવસરણ રચાય છે.

નિરુપાધિકા ભક્તિને પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ નિર્વિષ પ્રીતિ (ઈચ્છાનું ઝેર જેમાં નથી ઘોળાયેલું એવી પ્રીતિ) કહે છે, પૂ. મહોપાધ્યાયજી યશોવિજય મહારાજ એને અકુંઠિત ભક્તિ કહે છે.

આ ભક્તિ એટલે ભક્તિ માટેની ભક્તિ... ભક્ત ભક્તિ કેમ કરે છે ? ભક્તહૃદયનો જવાબ આ છે : ભક્તિ કર્યા વિના રહી શકાતું નથી, માટે ભક્તિ કરું છું.

• • •

મહાવિદેહ.

વિજય.

નગરી...

હવે પ્રભુ ત્યાં પધારે જ. સમવસરે જ. અને પ્રભુ પધારે ત્યાં હોય સહજ સમાધિ... અનાયાસ ભીતરી સુખ... એક આનંદની અજસ્ર ધારા...

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

આપ-ભાવના દેહમેં,
દેહાન્તર ગતિ હેત;
આપ-બુદ્ધિ જો આપમેં,
સો વિદેહ પદ દેત...

દેહમાં હુંપણાની બુદ્ધિ ભવપરંપરાનું કારણ બને છે. પણ આત્મામાં જો હુંપણાની બુદ્ધિ થાય તો વિદેહ પદ (મોક્ષ)ના કારણરૂપ તે થાય છે.

■

# ૬૪

## આધાર સૂત્ર

*[1]ભવિ શિવપદ દેઈ[2] આપકું,*
*આપહી સન્મુખ હોઈ;*
*તાતેં[3] ગુરુ હૈ આતમા,*
*અપનો ઔર ન કોઈ...(૬૪)*

પોતાનો ભવ્ય આત્મા જ આત્માની સન્મુખ બની મોક્ષ પદ આપે છે. તેથી વાસ્તવિક રીતે, નિશ્ચય રૂપે આત્મા જ આત્માનો ગુરુ છે. બીજો કોઈ ગુરુ નથી.

૧. ભાવ, A ભાવિ, B - F ૨. દિયે B - F ૩. તો હી F

# ૬૪

## આત્માનુભૂતિ ભણી

'જ્ઞાનસાર' પ્રકરણમાં એક સરસ સાધના અપાઈ છે : આત્મા આત્મા વડે આત્માને વિષે રહીને આત્માને[1] નિહાળે.

પહેલી નજરે ઉખાણા જેવું આ લાગે, નહિ ?

---

૧. आत्मात्मन्येव यच्छुद्धं जानात्यात्मानमात्मना ॥ — જ્ઞાનસાર પ્રકરણ

સરસ મઝાનો એનો અર્થવિસ્તાર છે : સાધકરૂપે પ્રતિષ્ઠિત થયેલ આત્મા પોતાના શુદ્ધ આત્મતત્ત્વને નિહાળે. શેના વડે ? આત્મા વડે. ક્યાં રહીને જુએ ? આત્માને વિષે.

ત્રણ તબક્કા આ સૂત્રના થશે : (૧) સાધક તરીકે પ્રતિષ્ઠિત થયેલ આત્મા શુદ્ધ આત્મતત્ત્વને નિહાળે, (૨) આત્મા વડે નિહાળે અને (૩) આત્માને વિષે સ્થિર થઈને નિહાળે.

ક્રમશઃ ત્રણે ચરણો જોઈએ.

પહેલું ચરણ : સાધક તરીકે પ્રતિષ્ઠિત થયેલ આત્મા આત્મતત્ત્વને જુએ, અનુભવે.

સહુથી પહેલાં તો, આત્મતત્ત્વના જ્ઞાન/શ્રવણ દ્વારા એક અદમ્ય અભીપ્સા થશે : હું મારાથી અણજાણ ? એક પ્રશ્ન ઘમ્મરવલોણાની જેમ ભીતર ઘૂમરાશે : હું હું ન હોઉં તો શું હોઉં ? વાસ્તવમાં આનન્દઘન હું. અત્યારે છું હું પીડાઘન. હું આનંદઘન ક્યારે બનું ? ક્યારે... ? ક્યા..રે ?

શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ માટેની સહુથી મોટી સજ્જતા આ છે : એ માટેની તીવ્ર અભીપ્સા.

એક રણઝણાટ... જેના અણસારે, અણસારે અદીઠ ભોમકાની યાત્રા માટે નીકળી પડાય.

• • •

હવે માર્ગની શોધ ચાલે છે. બીજા ચરણની શરૂઆત. આત્મા વડે આત્માને નિહાળવાનો. અહીં 'આત્મા વડે'નો અર્થ છે સ્વગુણાનુભૂતિ વડે.

ગુણ અને ગુણીને કથંચિદ્ અભિન્ન માન્યા છે. એટલે આત્મગુણો પણ આત્મસ્વરૂપ જ થશે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, વીતરાગદશા આદિ ગુણોની અનુભૂતિ સાધક કરવા લાગે તેમ તે શુદ્ધ આત્મસ્વરૂપ ભણી આગળ વધવા લાગે.

કેવી રીતે આ ગુણાનુભૂતિ થાય છે ?

● ● ●

જ્ઞાન.

સાધકના સંદર્ભમાં જ્ઞાતાભાવ.

ઉપયોગી જ્ઞેય - જાણવા યોગ્ય પદાર્થ કે વ્યક્તિ - ને જાણી શકાય. પરંતુ એ જ્ઞેયમાં રાગ, દ્વેષ ન થાય.

જેમ કે, કોઈ મુનિરાજ ગામમાં આવે, ઊતરવા માટે કોઈ મકાન કે ઉપાશ્રય મળે. તેમાં તેઓ ઊતરે. વિરાધના આદિથી બચવા માટે ઉપાશ્રયમાં તેઓ રહે છે. પણ એ ઉપાશ્રય સારો છે - હવાવાળો, પ્રકાશવાળો ઈત્યાદિ - આવો વિકલ્પ તેમને નહિ થાય. કે ખરાબ સ્થાન છે તેવો વિકલ્પ પણ તેમને નહિ થાય. ઉપાશ્રય ઉપાશ્રય છે. નથી તે સારો, નથી તે ખરાબ.

આ છે જ્ઞાતાભાવ.

પદાર્થમાં અનુકૂળતાની બુદ્ધિ થઈ તો એના પ્રત્યે રાગ થશે. પ્રતિકૂળતાની દૃષ્ટિ થઈ તો દ્વેષ થશે. ગમા અને અણગમાના આ વર્તુળથી પર રહીને વસ્તુને માત્ર વસ્તુ તરીકે જોવી તો જ્ઞાતાભાવ.

વ્યક્તિમાં તો દૃષ્ટિકોણ આવો રાખી શકાય : દરેક આત્મા સિદ્ધ ભગવંતના જેવા અનંતા ગુણોથી યુક્ત છે... જેથી કોઈના પ્રત્યે તિરસ્કાર ન થાય.

• • •

દ્રષ્ટાભાવ.

માત્ર જોવાનું.

વસ્ત્ર જેવું પણ મળ્યું, નિર્દોષ; સાધુ પહેરે છે. એને વસ્ત્રના જાડાપણા કે પાતળાપણાનો કોઈ ફરક નથી પડતો. ખરબચડું છે કે સુંવાળું છે એનો પણ એને મન કોઈ અર્થ નથી. વસ્ત્ર વસ્ત્ર છે.

જ્ઞાતાભાવ અને દ્રષ્ટાભાવમાં એક ફરક એ પણ છે કે દ્રષ્ટાભાવ માત્ર વર્તમાન કાળના સંદર્ભમાં ઉપયોજાય છે. તમે જુઓ છો અને ગમા-અણગમાની વિચારણા કરતા નથી. જ્ઞાતાભાવને ત્રણે કાળનો સંદર્ભ છે. ભૂતકાળની ઘટનાનું સ્મરણ થઈ આવ્યું, ત્યાં પણ રાગ-દ્વેષ ન થવા જોઈએ. ભવિષ્યકાળની વિચારણામાં પણ રતિ-અરતિભાવ ન ઊઠવો જોઈએ.

• • •

સાધક ધીરે ધીરે જ્ઞાતાભાવ અને દ્રષ્ટાભાવ ભણી ગતિ કરે છે. ગુણાનુભૂતિ થયા કરે છે.

આ જ રીતે ક્ષમા ગુણનો પણ અનુભવ કરી શકાય...

'આત્મા વડે'... આત્મગુણાનુભૂતિ વડે.

• • •

'આત્માને વિષે સ્થિર થઈને...'

અહીં સ્વરૂપસ્થિતિ ભણી ઈશારો છે. શુદ્ધ આત્માનું સ્વરૂપ - અલિપ્ત, અખંડદશાનું જે છે - તે ભૂમિકા પર સ્થિર થઈને આત્માનુભૂતિ કરવી.

અલિપ્ત અને અખંડ સ્વરૂપમાં પ્રવેશીને...

અખંડ સ્વરૂપ. વિકલ્પોને કારણે સાધકનું ચિત્ત ખંડિત બને છે. રતિભાવનો વિકલ્પ ઊઠ્યો અને ચિત્તમાં રતિની લહેરો ચાલી. થોડીવારમાં વિકલ્પોની દિશા બદલાઈ... અરતિભાવના વિકલ્પો ઊઠ્યા તો અરતિભાવની લહેરો ચાલશે.

આ ચિત્તની ખંડિત દશા વિકલ્પોને કારણે થાય છે. વિકલ્પો જેટલા ઓછા થતા જશે તેમ સાધક અખંડિત દશાનો અનુભવ કરતો જશે...

આ થયું 'આત્માને વિષે...'

• • •

આત્મા આત્મા વડે આત્માને વિષે આત્માને નિહાળે એનો વિસ્તૃત અર્થ આવો થયો : સાધકરૂપે પ્રતિષ્ઠિત થયેલ આત્મા સ્વગુણાનુભૂતિ વડે સ્વરૂપદશામાં સ્થિર થઈને શુદ્ધ આત્મદ્રવ્યનો અનુભવ કરે.

કેટલી મઝાની આ યાત્રા !

• • •

આ પૃષ્ઠભૂ પર કડી ખોલીએ :

ભવિ શિવપદ દેઈ આપકું,<br>
આપહી સન્મુખ હોઈ;<br>
તાતેં ગુરુ હૈ આતમા,<br>
અપનો ઔર ન કોઈ.

પોતાના સ્વરૂપ કે ગુણોની સન્મુખ થઈને સાધક મોક્ષને મેળવે છે. તેથી પોતે જ પોતાનો ગુરુ છે...

• • •

એક લયમાં, વિશેષ લયમાં આ વાત કહેવાઈ છે.

વ્યવહાર સ્તરે ગુરુ જરૂરી જ છે. તેઓ જ આપણને જ્ઞાન આપે છે.

હવે પછી જે સાધના ઘૂંટવાની છે, તેના ભણી ઈશારો આ સૂત્રમાં કરવામાં આવ્યો છે. હવે સાધકે આત્મગુણોના ઊંડાણની સ્પર્શના કરવાની છે. આ સૂત્ર ત્યાંથી શરૂ થાય છે. એટલે કે થોડા ઊંચકાયેલ સાધક માટેનું મઝાનું આ સૂત્ર છે.

• • •

'તાતેં ગુરુ હૈ આતમા...'

સાધકને અંધારી રાતે બહાર જવાનું છે. ગુરુએ તેને ફાનસ આપ્યું. શિષ્યે તે પકડ્યું. ગુરુએ ફૂંક મારી. ફાનસ ઓલવાઈ ગયું. સાધક કહે : ગુરુજી, આપ શું કહેવા માગો છો ? ગુરુ કહે છે : સાધનાના માર્ગે એકલા જ જવાનું હોય છે. એટલે જ બુદ્ધે કહ્યું : 'अप्प दीपो भव...' તું જ તારો દીપક થા ! કબીરે કહ્યું : 'નિરાધાર ભયે પાર...' જે બીજા આધાર વિનાનો છે, તેનો આધાર ખુદ પરમાત્મા છે...

■

## ૬૫
## આધાર સૂત્ર

*સોવત[1] હૈ નિજ[2] ભાવમેં,*
*જાગે તે[3] વ્યવહાર[4];*
*સુતો જે વ્યવહારમેં,[5]*
*સદા સ્વરૂપાધાર...(૬૫)★*

જે નિજ ભાવમાં સૂતેલ છે, તેને જાગતો કહેવો તે વ્યવહાર જગતની ઘટના કહેવાય. પણ જે બહિર્ભાવમાં સૂતેલ છે, તે સ્વરૂપના આધાર સમ આત્મભાવમાં જાગતો છે.

૧. સોચત, A ૨. નિજ નિજ ભાવમેં B ૩. જે A - C
૪. જાગત હૈ વ્યવહાર B ૫. સુતો આતમભાવમેં A - B - C - D
★ સોવત નિજનિજ ભાવમેં
જાગત હૈ વ્યવહાર
સૂતો આતમભાવમે
સદા સ્વરૂપાધાર F - પ્રતમાં

# ૬૫

## પરમ આનંદના લોકમાં

ઔદાસીન્યમાં ડૂબેલ સાધકનું મઝાનું ચિત્ર કલિકાલ-સર્વજ્ઞશ્રીએ યોગશાસ્ત્ર, ૧૨મા પ્રકાશમાં આપ્યું છે. કેટલું તો એ કાવ્યાત્મક છે ! અનુભૂત્યાત્મક તો છે જ.

ઉદાસીનતામાં ડૂબેલ સાધક એટલે પરમ આનંદમાં મગ્ન સાધક. એનું મન બહાર ક્યાંય લાગતું નથી. ભીતરનો રસ આસ્વાદાઈ ગયો, આસ્વાદાવા માંડ્યો; બહાર છે શું ?[1]

અતીતની યાત્રા તરફ નજર માંડતાં હવે એને આશ્ચર્ય થાય છે : આવા નિતાન્ત ક્લેશદાયક બહિર્ભાવમાં પોતે અગણિત જન્મો સુધી શી રીતે રહી શકેલ ?

જવાબ સ્પષ્ટ હતો : એ જન્મોમાં ભીતરી આનંદની કલ્પના પણ નહોતી. આ જન્મમાં એનો અણસાર મળ્યો છે. હવે તો એનો જ આસ્વાદ : ઉદાસીન દશાનો.

ઉદાસીન દશામાં પરમ આનન્દનો અનુભવ થાય છે.

ઉદાસીન શબ્દ બે શબ્દોના જોડાણ વડે બન્યો છે : ઉદ્ + આસીન. ઊંચે બેઠેલ સાધક. ઘટનાની નદીના પ્રવાહથી દૂર, ઊંચે, સાક્ષીભાવના એવા ખડક પર બેઠો છે સાધક; જ્યાં ઘટનાની કોઈ જ અસર થતી નથી.

• • •

ઈ. ૧૮૫૭ના ભારતના નિષ્ફળ સ્વાતંત્ર્ય સંગ્રામ પછીની આ ઘટના. સૈનિકોની એક છાવણીની નજીક, એક વૃક્ષ નીચે, એક રમતારામ સંત આવી ચડ્યા. તેઓ મૌનમાં રહેતા હતા, તેથી લોકો તેમને મૌની બાબા કહેતા.

સાંજના સમયે મૌની બાબા વૃક્ષ નીચે આવીને બેઠા. એક સૈનિકે એમને જોયા. નજીક આવીને પૂછ્યું : બાબા, આપ કૌન હો ? ક્યા હૈ આપ કા નામ ?

---

૧. औदासीन्यनिमग्नः प्रयत्नपरिवर्जितः सततमात्मा ।
भावितपरमानन्दः क्वचिदपि न मनो नियोजयति ॥ १२/३३

સંત તો મૌનમાં જ હતા. જવાબ ન મળવાથી સૈનિકે ફરીવાર પૂછ્યું. એ જ મૌન પ્રત્યુત્તરમાં.

સૈનિકે પોતાના ઉપરીને વાત કરી. અંગ્રેજ અમલદાર આવ્યો. એણે પૂછ્યું : 'ટુમ કૌન હો ? ક્યા નામ હૈ ટુમ્હારા ?' પ્રત્યુત્તરમાં સંપૂર્ણ મૌન.

અમલદારે બંદૂકને તૈયાર કરી સંત તરફ તાકીઃ 'યા તો ટુમ ટુમ્હારા પરિચય દો, વર્ના મૈં ટુમ્હેં શુટ કર દૂંગા.'

સંત મનમાં વિચારે છે : શો ફરક પડે છે કે હું આ શરીરમાં રહીને સાધના કરું કે આગામી જન્મમાં બીજા શરીરમાં જઈ સાધના કરું. જન્મ અને મૃત્યુને જેણે પર્યાયો તરીકે જ જોયા હોય અને નિત્ય આત્મતત્ત્વ પર જેની દૃષ્ટિ સ્થિર બની હોય એ સાધક માટે મૃત્યુ કોઈ ડરાવણી ચીજ તો નથી જ.

સંત ન જ બોલ્યા.

અમલદારે બંદૂકનો ભડાકો કર્યો. ગોળી શરીરની આરપાર નીકળે છે. અને ત્યારે સંત અમલદારને કહે છે : તુમ ભી ભગવાન હિ હો ન !

નવીન જન્મદાતા પ્રભુ હોય છે એ હિન્દુ માન્યતા સાથે પોતાની વાતને વણી શરીરને ગોળી મારનાર અને એ રીતે બીજા જીવન તરફ લઈ જનાર અંગ્રેજને સંતે ભગવાન તરીકે સંબોધ્યા.

સદીઓ પહેલાં ઋષિએ, પરમાત્મસત્તાનો પરિચય કરાવ્યા પછી, શ્વેતકેતુને કહેલું : तत् त्वमसि श्वेतकेतो ! આ ઋષિવાક્યનું જ કેવું મઝાનું આ પુનરુચ્ચારણ હતું !

• • •

યોગશાસ્ત્ર કહે છે : ઉદાસીનતામાં ડૂબેલ સાધકને આત્મતત્ત્વની અનુભૂતિ થાય છે.[2]

સાધક ઉદાસીન બન્યો એટલે પરના સંયોગથી દૂર, સુદૂર નીકળી ગયો. હા, એની સાધનાયાત્રામાં જરૂરી છે એવા પરનો - વસ્ત્ર, પાત્ર આદિનો સંયોગ રહેતો હોય છે, પણ ત્યાં સંગદશા નથી રહેતી. આસક્તિ નથી રહેતી.

• • •

આ પૃષ્ઠભૂ પર કડી ખોલીએ :

સોવત હૈ નિજ ભાવમેં,
જાગે તે વ્યવહાર;
સૂતો જે વ્યવહારમેં.
સદા સ્વરૂપાધાર...

સ્વ-ભાવમાં, ઉદાસીનદશા આદિમાં, ન હોય તેવા સાધકને જાગૃત કેમ કહેવાય ? હા, શરીરના સ્તર પર તે જાગતો છે; પણ સ્વભાવમાં જો તે સૂતેલ છે, તો તેને જાગૃત કેમ કહેવાય ?

બહિર્ભાવમાં સૂતેલ હોય તે સાધકને જ જાગૃત કહી શકાય.

• • •

જાગૃતિ.

અને તે પણ પળ-પળની જાગૃતિ.

---

૨. यदिदं तदिति न वक्तुं साक्षाद् गुरुणाऽपि हन्त शक्येत ।
औदासीन्यपरस्य प्रकाशते तत् स्वयं तत्त्वम् ॥ १२/२२

હોશ - અવેરનેસ ચુકાયો કે અનાદિની સંજ્ઞાઓ સાધક પર હુમલો કરી જ દેશે.

બૌદ્ધિકતા પર જ માત્ર આધાર રાખનાર સાધક પણ સૂતેલો જ છે. સદ્‌ગુરુ પર જ જેણે માત્ર આધાર રાખ્યો, અને પછી સદ્‌ગુરુએ ખોલી આપેલ દિવ્ય દૃષ્ટિ પર; તે જ જાગૃત સાધક છે.

લીચિ નામનો યુવાન સદ્‌ગુરુ પાસે ગયો. સદ્‌ગુરુએ ચહેરો જોઈને તેની સંભાવના પરખી. અને કહ્યું : દીક્ષા ક્યારે લેવી છે ?

લીચિ કહે છે : વિચાર તો દીક્ષાનો છે જ. પણ થોડીક અવઢવ થાય છે. ક્યારે લેવી ? કોના પાસે લેવી ?

ગુરુએ સરસ ફટકો - માસ્ટર સ્ટ્રોક - લગાવ્યો : વાહ ! જે બુદ્ધિએ તને અનન્તા જન્મોમાં નરક, નિગોદમાં ભટકાવ્યો; એ બુદ્ધિને તું સંન્યાસ માટે પૂછે છે ! શી તારી બૌદ્ધિકતા !

લીચિનો પ્રમાદ - સુષુપ્તિ ઊડી જાય છે. તે જાગૃત બની જાય છે. સદ્‌ગુરુને વીનવે છે : આપને હું યોગ્ય લાગતો હોઉં તો મને દીક્ષિત કરો !

ગુરુએ તેને સંન્યસ્ત કર્યો.

■

# ૬૬
## આધાર સૂત્ર

*અંતર ચેતન દેખકે,*
*બાહિર દેહ સ્વભાવ;*
*તાકે અંતર જ્ઞાનતેં,*
*હોઈ અચલ દ્દઢભાવ...(૬૬)*

જેઓ અંદર આત્મસ્વરૂપને નિહાળીને બાહ્યરૂપે દેહસ્વભાવને દેખે છે; તેઓ આન્તરિક જ્ઞાન વડે અચલ અને દ્દઢભાવવાળા થાય છે. (હું એટલે આત્મા જ. એ જ મારું સ્વરૂપ... દેહ તે હું નહિ આવી નિશ્ચલ ધારણા તેમનામાં ઉદ્‌ભવે છે.)

[તાકે = તેને]

# ૬૬

## આન્તરયાત્રા

બૌદ્ધ ધર્મગુરુ બોધિધર્મ ચીન ગયેલા. ચીનના સાયોલિન મઠમાં તેઓ નવ વર્ષ સુધી રહ્યા. સવારથી સાંજ સુધી તેઓ ભીંત સામે મોઢું કરીને જ બેસે. મોટા ગુરુ. લોકો વન્દન માટે આવે. પણ કોઈની સામે જોવાનું જ નહિ, તો બોલવાની વાત કેવી ?

નવ વર્ષ વીત્યા'તા તેમના મઠનિવાસને. ઘણા લોકોને થાય કે ગુરુને વિનંતી કરવી કે અમારી સામે મુખ કરો. અમને ઉપદેશ આપો. પણ આવડા મોટા ગુરુને શી રીતે કહેવાય ?

આ અરસામાં ઈકા નામનો એક સાધક ત્યાં આવે છે. એને અન્તર્મુખ ગુરુ માર્ગદર્શક તરીકે જોઈતા હતા. તેણે ગુરુને કહ્યું : ગુરુદેવ ! અમારી સામે જુઓ ને !

એ જ ક્ષણે, બોધિધર્મ પોતાના મુખને ઈકા સંમુખ ફેરવ્યું. ઈકાના અવાજ પરથી એમને ખ્યાલ આવી ગયેલ કે ખરેખરી સાધનાની જિજ્ઞાસાવાળો આ સાધક છે. ઈકાની સામે પોતાની આંખોને ઠેરવતાં એમણે કહ્યું : મને તારી સંમુખ ફરતાં પાંચ સેકન્ડ પણ ન લાગી. તું મારી સંમુખ કેટલા સમયમાં થઈ શકે ? તારું પૂરું અસ્તિત્વ ગુરુમય બની રહે... તું બિલકુલ મારી સંમુખ તારા હૃદયને, તારા અસ્વિત્વને કરી શકે... કેટલો સમય એમાં લાગે ?

ઈકા ગુરુનાં ચરણોમાં પડ્યો. તે તેમનો શિષ્ય બન્યો...

• • •

બોધિધર્મ અન્તર્મુખ વ્યક્તિત્વના સ્વામી હતા. સાધનાને જ્યારે ભીતર ઘૂંટીએ છીએ ત્યારે ત્રણ દશા આપણને મળે છે : અન્તર્મુખ દશા, અન્તઃપ્રવેશ દશા, અન્તર્લીન દશા.

ક્રમશઃ ત્રણે દશાને - સ્થિતિઓને જોઈએ.

જોઈશું કે અનુભવીશું ?

• • •

પહેલી દશા : અન્તર્મુખ દશા.

જ્યારે સાધકનું હૃદય પોતાની ભીતર રહેલ અપાર સંપદા ભણી વળે છે. અત્યાર સુધીની બહારની દોડને સમાન્તર હવે અંદર યાત્રા શરૂ થાય છે.

બહારનો પ્રવાસ : કેવો તો થકવી દેનારો એ હતો ! દોડ્યા જ કરો, દોડ્યા જ કરો ! એક ક્ષણ ઊભા રહીને વિચારવાની વાત ત્યાં નહોતી કે શા માટે આ દોડવાનું ? એક રેસ લાગેલી. જેમાં થોભવાનું હતું જ નહિ.

એક સુખદ ક્ષણે થોભવાનું થયું. અને દોડ અસાર લાગી.

• • •

એક સજ્જનને દશ લાખ રૂપિયાની લૉટરી લાગી. એ બહાર ગયેલા. પત્ની પાસે રકમ આવી પણ ગઈ. હવે પેલા સજ્જનને વાત શી રીતે કરવી ? સજ્જન ઘરે આવ્યા. એમને ઈનામનો ખ્યાલ નથી. પત્નીને થયું કે એવી સ્થિતિમાં અમે જીવીએ છીએ કે દશ લાખ રૂપિયા મળ્યા છે એ સાંભળતાં આનંદથી એમના હૃદયને આંચકો ન લાગી જાય.

પત્નીએ પોતાના પડોશી સજ્જનને વાત કરી કે અમને દશ લાખની લૉટરી લાગી છે. પણ તમારે એ સમાચાર મારા પતિને એ રીતે ધીરે ધીરે આપવાના કે આનંદને કારણે એમના શરીરને આઘાત ન પહોંચે.

સાંજે પડોશી અને પેલા સજ્જન બેઠેલા. પડોશી કહે કે ધારો કે તમને લૉટરીનું ઈનામ મળે તો... પેલો કહે : આપણું ક્યાં નસીબ જ છે ? પેલા ભાઈ કહે : પણ ધારવામાં શું વાંધો ? લાખ રૂપિયા મળે તો તમે શું કરો ?

એમ કરતાં કરતાં વાતને આગળ વધારી : ધારો કે તમને દશ લાખ રૂપિયા મળે તો તમે શું કરો ? પેલા સજ્જન કહે : મને દશ લાખ મળે તો અર્ધી રકમ તમારી !

પેલા પડોશીને તો દશ લાખનો ખ્યાલ હતો જ. એને આનન્દના અતિરેકથી આંચકો લાગ્યો : મને પાંચ લાખ ! અને એનું હૃદય બંધ પડી ગયું ! જેની કલ્પનાથી આટલી પીડા, તે પ્રાપ્ત થાય ત્યારે શું ન થાય ?

• • •

પરથી ઉત્પન્ન થતું સુખ એટલે કલ્પનાજન્ય સુખ.

શેઠ-શેઠાણી પરદેશ રહેતા દીકરાને ત્યાં પૌત્રને રમાડવા ગયેલા. જ્યારે તેઓ મુંબઈ આવવાના હતા ત્યારે તેમની પેઢીનો મેનેજર તેમને તેડવા માટે એરપોર્ટ પર ગયેલો. શેઠ-શેઠાણી ગાડીમાં બેઠા. મેનેજર પણ જોડે છે. મેનેજરે જોયું કે શેઠાણી ખુશ-ખુશ છે. શેઠ થોડાક ગમગીન છે.

મેનેજરને શેઠ-શેઠાણી જોડે ઘરોબો હતો. તેણે શેઠાણીને પૂછ્યું : બા, તમે ખુશ છો. શેઠ સાહેબ કેમ ખુશ નથી ? શેઠાણી કહે : તારા શેઠ ત્યાં બાબલાને રમાડવા ગયેલા. પણ ધંધાનો જીવડો. ત્યાંય શેર બજારમાં ધંધો કર્યો. દશ લાખ રૂપિયા મળ્યા. સોદો કાપીને અમે ભારત આવવા નીકળ્યા. ને એ શેરમાં તેજી ભભૂકી. શેઠ વિચારે છે કે જો સોદો કાપ્યો ન હોત તો વીશ લાખ રૂપિયા મળત...

મને દશ લાખ મળ્યાનો આનંદ છે. એમને વધુમાં બીજા દશ લાખ ન મળ્યા એનો રંજ છે.

જેની કલ્પના પણ - વધુ પૈસા મળવાની - આટલી પીડા આપે, તે વસ્તુ મળે તો શું ન થાય ?

• • •

અન્તર્મુખ દશા : જ્યારે બહારની દોડ નકામી ભાગે.

બીજું ચરણ : અન્તઃપ્રવેશ. અંદરની વૈભવી દુનિયામાં પ્રવેશ... જ્ઞાન ગુણ અને દર્શન ગુણ... ઉદાસીનભાવ અને વીતરાગદશા... એક એક ગુણમાં પ્રવેશ અને આનંદ જ આનંદ.

• • •

ત્રીજું ચરણ : અન્તર્લીન દશા. એ ગુણોની ધારામાં સાધક એટલો આગળ વધ્યો હોય કે ગુણો એની સાથે આત્મસાત્ થઈ જાય.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને ખોલીએ :

અંતર ચેતન દેખકે,
બાહિર દેહ સ્વભાવ;
તાકે અંતર જ્ઞાનતેં,
હોઈ અચલ દૃઢભાવ...

આન્તરયાત્રામાં આગળ ગયેલ સાધકે આત્મગુણોનો, આત્મસ્વરૂપનો અનુભવ કર્યો છે. તે સાધકની દેહ તરફની દૃષ્ટિ કેવી હશે ? સાધનામાં સહાયક દેહ છે માટે તેને આહારાદિ આપવો આવી ધારણા તેની હોય છે. ન તો દેહને તોડી-મરોડી નાખવો છે; ન એને વિનાકારણે માત્ર પુષ્ટ કર્યા કરવો છે.

દેહને સાચવવા છતાં, દૃષ્ટિ એ છે કે આ દેહ દ્વારા વધુ ને વધુ સાધના કેમ થઈ શકે ?

■

## ૬૭
## આધાર સૂત્ર

*ભાસે[1] આતમજ્ઞાન ધુરી,*
*જગ ઉન્મત્ત સમાન;*
*આગે દૃઢ અભ્યાસતેં,*
*પથ્થર તૃણ અનુમાન...(૬૭)*

આત્મજ્ઞાની સાધકને શરૂઆતમાં જગત ઉન્મત્ત જેવું જણાય છે. પરંતુ સાધનામાર્ગે આગળ ગયા પછી, દૃઢ અભ્યાસથી, જગત તેને પથ્થર અને તણખલાં જેવું જણાય છે.

૧. ભાસિ, D

# ૬૭

## જગતને જોવાની ભિન્ન ભિન્ન દૃષ્ટિઓ

ગુરુએ સાધકને એક નદીને કાંઠે ધ્યાન કરવાનું કહ્યું. (આ આપણી ભાષાગત, વિચારગત નબળાઈ છે : 'ધ્યાન કરવું' જેવો શબ્દપ્રયોગ વાપરવો તે... ધ્યાનમાં તો માત્ર સ્વરૂપે હોવાનું હોય છે. ત્યાં કરવાનું કંઈ હોતું નથી. પૂ. દેવચન્દ્રજી મહારાજ આથી જ

કહે છે કે પરમ ચેતનામાં ન તો વિભાવ-કર્તૃત્વ હોય છે, ન સ્વભાવ કર્તૃત્વ; ત્યાં હોય છે માત્ર અસ્તિત્વ.)

સાધક પૂછે છે : કેટલો સમય પોતે ધ્યાનમાં રહે ? ગુરુ એને કહે છે : નદી જ્યારે તને સ્થિર લાગે અને દૂર રહેલો પેલો પુલ હાલતો-ચાલતો લાગે ત્યારે ધ્યાન પૂરું કરવાનું.

સાધક ધ્યાનમાં લાગી જાય છે.

એક તબક્કે નદી એને સ્થિર લાગે છે. સ્થિર એ અર્થમાં કે એના વેગનો કોઈ અર્થ દેખાતો નથી. દોડ્યા કરે છે, દોડ્યા કરે છે એ. પણ શા માટે ? દોડ નિરર્થક છે એ સંદર્ભમાં એને નદી સ્થિર લાગે છે.

અને પુલ સાધકને હાલતો-ચાલતો દેખાય છે / અનુભવાય છે. પુલના એક એક ભાગમાં પરમાણુઓનો પુંજ ચલાયમાન વરતાય છે.

• • •

જગત કેવું છે ?

યોગસૂત્રમાં મહર્ષિ પતંજલિ કહે છે કે દશ્યમાંથી દ્રષ્ટાનો રસ ગયો; પછી દશ્ય જેવું કંઈ જ નથી. દશ્ય સારું કે નરસું ત્યાં સુધી જ છે, જ્યાં સુધી દ્રષ્ટાને દશ્યમાં રસ છે.[૧]

'જ્ઞાનસાર'માં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે જગતને માત્ર જાણવા જેવું કહ્યું છે.[૨] તમે એના પર્યાયોને જાણો - દરેક દ્રવ્યોના; તો એ

---

૧. तदर्थ एव दृश्यस्यात्मा ॥

૨. मन्यते यो जगत्तत्त्वं, स मुनिः परिकीर्तितः ॥ જ્ઞાનસાર, ૧૩/૧

પર્યાયદૃષ્ટિ તમારા વૈરાગ્યને મુખરિત કરશે. વૃદ્ધાવસ્થા પર્યાય છે શરીરરૂપી પર્યાયનો. હવે જો શુદ્ધ આત્મદ્રવ્ય પર સાધકની દૃષ્ટિ સ્થિર થઈ તો એ પર્યાયોમાં કેમ અટવાશે ? શરીરમાં કેન્સર થયેલું હશે અને એ એને જોતો હશે.

ઉપનિષદ્‌ના ઋષિ કહે છે :

ॐ पूर्णमदः पूर्णमिदं,

पूर्णात् पूर्णमुदच्यते;

पूर्णस्य पूर्णमादाय,

पूर्णमेवावशिष्यते...

આ પણ પૂર્ણ છે અને પેલું પણ પૂર્ણ છે. ઋષિને બધે જ પૂર્ણતા દેખાય છે.

ત્રણ દૃષ્ટિઓ થઈ જગતને જોવાની. જડ જગતને જોવાનું હોય ત્યારે તેના પ્રતિ વૈરાગ્યસભર દૃષ્ટિકોણ જોઈએ. જે યોગસૂત્રે આપ્યો છે. જડ જગતમાંથી રસ ચુકાઈ ગયો, જ્ઞાતાભાવ આવી ગયો; તો જગત સાધક માટે છે જ નહિ.

શરીરને જોવા માટે પર્યાયદૃષ્ટિને ઉપયોજવી જોઈએ. એક પર્યાય છે. પર્યાયને માત્ર જોવાનો.

બીજા આત્માઓને જોતી વખતે પૂર્ણતાનો દૃષ્ટિકોણ લાવવાનો. બધા જ આત્માઓ અનંત ગુણોથી પરિપૂર્ણ છે.

કેટલી સરસ આ દૃષ્ટિઓ !

• • •

અહીંયા પ્રસ્તુત કડીમાં પ્રારંભિક સાધકને જગત કેવું લાગે છે તેની વાત પણ કરાઈ છે અને ઊંચકાયેલ સાધકને જગત કેવું દેખાય છે તેની પણ વાત કરી છે.

ભાસે આતમજ્ઞાન ધુરી,
જગ ઉન્મત્ત સમાન;
આગે દઢ અભ્યાસતેં,
પથ્થર તૃણ અનુમાન...

પ્રારંભિક આત્મસાધકને લોકો દ્વારા થતી ક્રિયાઓ ઉન્મત્ત જેવી, પાગલ જેવી લાગે. પાગલ માણસની ક્રિયાને ફળપ્રાપ્તિ જોડે સંબંધ હોતો નથી; તો અહીં પણ આવું જ છે ને ? જેમ કે, ધન વધ્યું, તેથી સુવિધા કોઈક રૂપે મળી એમ કોઈ માને ત્યાં સુધી હજુ ચાલે; પણ ધનની વૃદ્ધિ સાથે આનંદની વૃદ્ધિને કોઈ સાંકળે તો શું સમજવું ?

ધનની વૃદ્ધિ સાથે સુખની વૃદ્ધિનું કોઈ સમીકરણ છે ખરું ? લાખ રૂપિયાવાળાને જે સુખ છે, તે કરતાં કરોડ રૂપિયાવાળાને સોગણું સુખ હોય જ એવું કહી શકાય ?

તો, પ્રારંભિક સાધકને લોકોની ક્રિયા અર્થશૂન્ય લાગે છે.

ઊંચકાયેલ સાધકને જગતમાં ચાલતા ક્રિયાકલાપો પથ્થર અને તણખલાં જેવા, ફેંકી દેવા જેવા લાગે છે.

• • •

જગતને જોવાની આ દૃષ્ટિ વૈરાગ્યને દૃઢ બનાવે.

એક સત્ય ઘટના યાદ આવે છે.

એક સરકારી અમલદાર.

રાજેન્દ્ર પ્રસાદ તેમનું નામ.

લોકો તેમને રાજાબાબુ કહીને બોલાવે.

નિવૃત્ત થયા પછી તેઓ પોતાના વતનમાં આવ્યા. સારું એવું ઘર હતું. પેન્શન સારું આવતું હતું. સારી રીતે રહેતા હતા. ડાયબીટીસની થોડી તકલીફ હોવાથી ડૉક્ટરે મૉર્નિંગ-વૉક માટે કહેલું.

ગામની બહાર નીકળતાં જ સરસ જંગલ હતું. ફરવા માટે તેઓ ત્યાં જ જતા. જંગલ જ્યાં શરૂ થતું ત્યાં એક ઝૂંપડી હતી, જેમાં એક માજી પોતાના કિશોર દીકરા જોડે રહેતાં. કિશોરનું નામ રાજુ હતું. માજી લાડમાં એને રાજાબાબુ કહેતાં.

એકવાર અમલદાર રાજાબાબુ ફરવા નીકળેલા. તેઓ ઝૂંપડી પાસેથી પસાર થતા'તા, તે વખતે પેલાં માજી પોતાના દીકરાને જગાડતાં હતાં : રાજાબાબુ, જાગો ! રાજાબાબુ, જાગો !

આ રાજાબાબુએ આ સાંભળ્યું. અને ખરેખર તેઓ જાગી ગયા. દુનિયાની અસારતાનો અનુભવ હતો જ. માત્ર એક નાનકડા ધક્કાની જરૂર હતી. આજે એ ધક્કો લાગી ગયો. તેઓ જાગી ગયા... સંન્યાસી બની ગયા.

• • •

પરંપરાની મઝાની કથા યાદ આવે.

ધન્નાજી સ્નાન માટે બેઠા છે. પત્ની સુભદ્રા પીઠી ચોળી રહ્યાં છે. અચાનક ધન્નાજીની પીઠ પર ગરમ પાણી ટપક્યું. જોયું તો પત્ની રડતી હતી. તેનાં અશ્રુબિન્દુઓ પીઠ પર પડતા'તાં.

પૂછ્યું ધન્નાજીએ : તું કેમ રડે છે ? સુભદ્રા કહે છે : મારો ભાઈ શાલિભદ્ર રોજ એક પત્નીનો ત્યાગ કરે છે, બધી જ પત્નીઓનો ત્યાગ બત્રીસ દિવસે થતાં તે દીક્ષા લેશે... મારો ભાઈ દીક્ષા લેશે... હું એના વિરહમાં રડું છું.

ધન્નાજી કહે : ત્યાગ અને તે આ રીતે, ટુકડે ટુકડે ? ત્યાગ તો એક સાથે થાય. સુભદ્રા કહે છે : નાથ ! બોલવું સહેલું છે. કરવું અઘરું છે.

ધન્નાજીએ કહ્યું : લ્યો, હું તમને આઠેને છોડીને દીક્ષા માટે જાઉં છું.

શું હતું આ ?

આ પ્રક્રિયા કંઈક આવી હતી :

એક જગ્યાએ એક ભીંત તોડવાની હતી. સવારથી મજૂરો લાગી પડેલા. બાર વાગ્યા સુધીમાં ભીંત પોલી થઈ, દોદરી થઈ... બાર વાગ્યે મજૂરો જમવા ગયા. બે વાગ્યે એક મજૂર આવ્યો. એને એક ઘણ માર્યો. ને ભીંત જમીનદોસ્ત !

એમ, સ્વાધ્યાય, ભક્તિ, જિનવાણીશ્રવણ આદિ વડે ધન્નાજીની હૃદયની ભૂમિકા વૈરાગ્યવાસિત બનેલી હતી. એક ફટકો પડ્યો અને રાગદશાની ભીંત તૂટી પડી.

■

## ૬૮

## આધાર સૂત્ર

*ભિન્ન દેહતેં ભાવીએ,*
*ત્યું આપહીમેં આપ;*
*જ્યું સ્વપ્નહીમેં નવિ હુએ,[1]*
*દેહાતમ ભ્રમ તાપ...(૬૮)*

દેહથી આત્માને એ રીતે અલગ ભાવિત કરવો છે કે સ્વપ્નમાં પણ દેહ તે આત્મા છે એવો ભ્રમ ન થાય.

[દેહતેં = દેહથી]

૧. જ્યું સુપનહીમેં નહી હોઈ, B - F

# ૬૮

તને ઓળખ,
તને ભૂલી જા !

રવીન્દ્રનાથ ટાગોરના હસ્તાક્ષર એક વિદ્યાર્થીને પોતાની નોંધપોથીમાં લેવા હતા. પણ ટાગોર એ રીતે એકાન્તમાં મળતા નહોતા. વ્યસ્તતા વચ્ચે તેમને કહી શકાય નહિ.

એમાં એકવાર શાંતિનિકેતનના જ પ્રસિદ્ધ વિદ્યાગુરુ ગુરુદયાળ મલ્લિક મળ્યા. વિદ્યાર્થીએ ઑટગ્રાફ-બુક તેમની સામે ધરી. મલ્લિકે લખ્યું : Know thy self. (તારી જાતને ઓળખ.) નીચે પોતાના હસ્તાક્ષર કર્યા.

બે-ત્રણ દિવસ પછી ટાગોર મળી જતાં વિદ્યાર્થીએ તેમની સામે ઑટગ્રાફ-બુક ધરી. ટાગોરે ઉપરનું વાક્ય વાંચ્યું અને નીચે લખ્યું : Forget thy self. (તારી જાતને ભૂલી જા.)

મઝાની સાધના પદ્ધતિ થઈ ગઈ. પોતાને/આત્મતત્ત્વને જાણવાનું, અનુભવવાનું એ લક્ષ્ય સાધકનું. પણ એ માટેનો માર્ગ કયો ? વૈભાવિક સ્વરૂપને ભૂલી જવું તે.

• • •

વિદ્વદ્વર્ય આચાર્યશ્રી રત્નસુન્દરસૂરિજી સુરતથી ઝઘડિયા તીર્થ બાજુ જવાના હતા. તડકેશ્વર ગામના લોકોને ખ્યાલ આવ્યો. તેઓ વિનંતી કરવા આવ્યા કે અમારે ગામ અચૂક પધારો. હિન્દુ ભાઈઓ મોટી સંખ્યામાં વિનંતી કરવા આવેલા. કાર્યક્રમ નક્કી થયો. તે દિવસે સવારે આચાર્યશ્રી આઠ વાગ્યે આવી જવાના હતા. નવ વાગ્યે પ્રવચન રાખેલું.

જે દિવસે આચાર્યપ્રવરશ્રી તડકેશ્વર પધારવાના હતા, તેની આગળની સાંજે એક ગમખ્વાર ઘટના ઘટી. તડકેશ્વર ગામના ૧૮ થી ૨૦ યુવાનો તાપી નદીમાં હોડીમાં જતા'તા. હોડી ઊંધી વળતાં ઘણા યુવાનો ડૂબીને ખતમ થયા. તાપીની રેતમાં એ યુવાનોના મૃતદેહનો સામૂહિક અગ્નિસંસ્કાર થયો.

આચાર્યશ્રીને રાત્રે જ આ ઘટનાનો ખ્યાલ આવી ગયો. કાર્યક્રમ પ્રમાણે તેઓ તડકેશ્વર આવી ગયા. પણ વિચાર્યું કે જે ગામના નવલોહિયા આટલા

બધા યુવાનો એક સાથે ખતમ થયા હોય ત્યાં શોકનું વાતાવરણ કેવું હોય અને ત્યાં પ્રવચન હવે શી રીતે રહે ?

ઉપાશ્રયની રૂમમાં તેઓ નવકારસી વાપરતા હતા અને શિષ્યે કહ્યું: ગુરુદેવ ! પ્રવચન ખંડ તો ચિક્કાર થઈ ગયો છે. નવાઈ પામ્યા તેઓ. સમયસર પ્રવચન શરૂ થયું. પા કલાકમાં એક ચિઠ્ઠી આવી. પ્રવચનમાં આનંદ આવે છે. પણ સ્તર ઊંચકાશે તો વાંધો નથી. આચાર્યશ્રીએ સ્તર ઊંચક્યું. ફરી ચિઠ્ઠી આવી. હજુ ઊંચકાશે સ્તર તોય વાંધો નથી. આચાર્યશ્રી ખૂબ ઊંડાણમાં જઈને બોલ્યા.

પ્રવચન પૂર્ણ થયા પછી બધા બેઠેલા. એક ભાઈએ કહ્યું : આપશ્રીને ગઈ સાંજની ઘટનાનો ખ્યાલ હશે. આગળ બેઠેલા આ ભાઈના બે નવલોહિયા યુવાનો એ દુર્ઘટનામાં ખતમ થયા.

આચાર્યશ્રીએ તેમને પૂછ્યું : આ સમાચાર મળતાં તમને શો પ્રતિભાવ થયેલો ? તેમણે કહ્યું : દાદા પાંડુરંગજી આઠવલેજીનો ભક્ત છું. દાદાનો ફેક્સ તરત આવી ગયો કે પ્રભુએ બંને દીકરાઓને પોતાના કામ માટે બોલાવી લીધા છે... મહારાજશ્રી ! મારો પ્રતિભાવ એટલો જ હતો કે પ્રભુએ પોતાના કાર્ય-માટે મને કેમ ન બોલાવ્યો ?

આચાર્યશ્રીએ પૂછ્યું : પ્રવચનને, તત્ત્વજ્ઞાનને આટલા ઊંડાણપૂર્વક તમે માણી શકો છો એનો મને ખૂબ આનંદ થયો.

લોકોએ કહ્યું : દાદાના સ્વાધ્યાય મિશનમાં અમે જોડાયેલા છીએ. દાદાના તત્ત્વજ્ઞાન પરનાં ઊંચાં પ્રવચનો સાંભળવાને કારણે તત્ત્વજ્ઞાનના ઊંડાણમાં આનંદ આવે છે.

• • •

તત્ત્વજ્ઞાનનું ઊંડાણ...

આત્મતત્ત્વ પરની વેધક જાણકારી ઘટનાના આવા દુઃસહ ભારને પણ સહી શકી.

આત્મતત્ત્વ અને પરતત્ત્વ બે તત્ત્વો છુટ્ટાં પડી ગયાં.

આમ જુઓ તો, સાધકનું કાર્ય કેટલું સરળ છે ! બે જ ખાનાં એની સામે છે : આત્મતત્ત્વ અને અનાત્મતત્ત્વ. આત્મતત્ત્વ ભણી આગળ વધાય એવી જ પ્રવૃત્તિ સાધક કરે છે. અને, જેથી અનાત્મતત્ત્વ તરફ જઈ શકાય એવી પ્રવૃત્તિને તે છોડી દે છે.

સાધક પ્રભુના ઐશ્વર્યની મઝાની વાતો કરતો હોય, શ્રોતાઓ એના વાક્પ્રવાહમાં વહેતા હોય; એમના ચહેરા કહેતા હોય કે તેઓ પ્રવચનકારની અભિવ્યક્તિના માધુર્યમાં ડૂબી રહ્યા છે. એ જ ક્ષણે સાધક બોલવાનું બંધ કરી દે : જો એથી પોતાનો અહંકાર ઉદ્દીપ્ત થતો હોય તો.

સાધક પાસે આ સૂક્ષ્મ જાગૃતિ જોઈશે. જે કારણ દ્વારા રાગ, દ્વેષ કે અહંકાર ઊછળે એવું લાગે; એ કારણથી એ દૂર થઈ જશે.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને ખોલીએ :

ભિન્ન દેહતેં ભાવીએ,
            ત્યું આપહીમેં આપ;
જ્યું સ્વપ્નહીમેં નવિ હુએ,
            દેહાતમ ભ્રમ તાપ...

દેહથી આત્માને એ રીતે અલગ ભાવિત કરવો છે કે સ્વપ્નમાં પણ દેહ તે આત્મા છે આવો ભ્રમ ન થાય.

સરસ અને ધ્યાનાકર્ષક પદ છે 'ભાવીએ.' ભાવિત કરવાની આ વાત છે. માત્ર વાંચવાની, સાંભળવાની કે વિચારવાની આ ઘટના નથી. ભાવન કરવું. અનુભૂતિ.

શરીર અને વસ્ત્ર જેટલાં અલગ છે, એટલું જ અલગાપણું દેહ અને આત્મામાં છે. છતાં એ અલગાવ-બિન્દુ સ્પષ્ટ કેમ નથી બનતું ?

ભાવિતતા નથી માટે.

યાદ આવે શ્રીપાળ રાસ : 'સંશય નવિ ભાંજે શ્રુતજ્ઞાને...' માત્ર શ્રુતજ્ઞાન સંશયને/ભીતરી અંધકારને દૂર કરી શકતું નથી. ભાવિતતા/અનુભૂતિ તેમાં ઉમેરાવી જોઈએ.

કચ્છી સંત ડાડા મેકરણે કહ્યું છે : 'અંદેસડા ન ભાંજીઈ, સંદેસડા કહિંઈ...' માત્ર શબ્દોનું કથન/શ્રવણ સંશયોને દૂર કરી શકતું નથી.

• • •

'ભિન્ન દેહતેં ભાવીએ...' દેહથી આત્માને ભિન્ન અનુભવવો છે. એવી અનુભૂતિ કે સ્વપ્નમાં પણ દેહ તે હું છું આવો ભ્રમ ન થાય.

■

# ૬૯

## આધાર સૂત્ર

*પુણ્ય પાપ વ્રત અવ્રત,*
*મુગતિ દોઉકે ત્યાગ;*
*અવ્રત પરે વ્રત ભી તજે,*
*તાતેં ધરી શિવરાગ...(૬૯)*

પુણ્ય અને પાપ; વ્રત અને અવ્રત; બેઉના ત્યાગથી મુક્તિ છે. તેથી મુક્તિની નજીક રહેલો સાધક અવ્રત તો છોડે જ, વ્રત પણ છોડે.

# ૬૯

## 'નેતિ નેતિ'નો લય

મુક્તિ એટલે સ્વરૂપસ્થિતિ. મુક્તાત્માનું - પરમાત્માનું સ્વરૂપ વર્ણવતાં પંચવિંશતિકા ગ્રન્થે 'નેતિ-નેતિ'ની પદ્ધતિ સ્વીકારી છે.

એ પણ એક મઝાની પદ્ધતિ છે. જ્યારે હકારાત્મક રૂપે આનંદ આદિનું વર્ણન ન કરી શકાય ત્યારે નકારાત્મક રૂપે વર્ણન કરવાની એક પદ્ધતિ છે કે સ્વરૂપસ્થિતિમાં શું શું નથી.

જેવો અનુભવ કર્યો છે યોગીપુરુષે પોતાના આન્તર વૈભવનો, તેનું પણ બ્યાન એ કરી શકતા નથી. તો સંપૂર્ણ સ્વરૂપસ્થિતિનું વર્ણન હકારાત્મક રૂપે કેમ થઈ શકશે ?

હકીકતમાં, શબ્દોમાં એ તાકાત જ નથી કે તે શબ્દાતીત આનંદ આદિને વર્ણવી શકે.

લુહારનો આસિસ્ટન્ટ બીજે કામે જતો રહ્યો. એક હટ્ટાકટ્ટા યુવાનને લુહારે પોતાનો મદદનીશ બનાવ્યો. તેનું કામ શીખવતાં લુહારે કહ્યું : હું લોખંડના ટુકડાને ભઠ્ઠીમાં નાખીશ. લાલચોળ એ થશે ત્યારે હું માથું હલાવીશ. ત્યારે તારે જોરથી એના પર ઘણ ઠોકવાનો.

ઘટના એ રીતે આગળ વધી કે લુહારનું જીવન સમાપ્ત થયું. મદદનીશે અર્થ એવો કર્યો કે લુહાર માથું ધુણાવે ત્યારે એણે માથા પર ઘણ ઠોકવાનો છે. એણે એમ કર્યું.

• • •

ભીતરી આનંદની પ્રાપ્તિ પછી ઘણા સાધકો ગહન ચુપ્પીમાં ખોવાઈ ગયા છે. કારણ કે એ આનંદને વ્યાખ્યાયિત કરી શકે તેવી ઘટનાઓ આ જગતમાં નથી; નથી તેવા શબ્દો.

તો શું કરવું ?

ઉત્તર રૂપે પ્રયોજાય છે 'નેતિ-નેતિ'ની પદ્ધતિ...

પંચવિંશતિકામાં મહોપાધ્યાયજી કહે છે : જ્યાં સ્પર્શ નથી, વર્ણ નથી, ગન્ધ નથી, રસ નથી કે શબ્દ નથી; તે શુદ્ધ જ્ઞાન-ગુણવાળા પરમાત્મા છે.[1]

બહુ જ મઝાની વાતને, આ સંદર્ભમાં, ચર્ચતાં તેમણે આગળ કહ્યું છે : નયપદ્ધતિ પોતાને અભિવ્યક્ત કરવામાં શબ્દો પર આધાર રાખે છે અને એથી નયદૃષ્ટિ જ્યારે પરમાત્માનું વર્ણન આપશે ત્યારે તેમાં શબ્દાલુતા હશે; સામી બાજુ, પરમાત્માનું નિર્વિકલ્પ રૂપ માત્ર અનુભવગમ્ય છે. શબ્દોની ત્યાં પહોંચ નથી.[2]

જ્ઞાનસાર યાદ આવે : નિર્દ્વન્દ્વ બ્રહ્મને / આત્મસ્વરૂપને નિર્દ્વન્દ્વ અનુભવ વિના તમે કઈ રીતે અનુભવી શકો ?[3]

• • •

પૂજ્ય આનંદઘનજી મહારાજે એક પદમાં શુદ્ધ આત્મદ્રવ્યનો પરિચય 'નેતિ-નેતિ'ના લયથી આપ્યો છે :

ના હમ મનસા, ના હમ શબદા,
ના હમ તન કી ધરની,
ના હમ ભેખ ભેખધર નાંહિ,
ના હમ કરતા કરની...

---

૧. यतो वाचो निवर्तन्ते, न यत्र मनसो गतिः ।
शुद्धानुभवसंवेद्यं, तद्रूपं परमात्मनः ॥ ४ ॥
न स्पर्शो यस्य नो वर्णो, न गन्धो न रसः श्रुतिः ।
शुद्धचिन्मात्रगुणवान्, परमात्मा स गीयते ॥ ५ ॥

૨. शब्दोपरक्ततद्रूप - बोधकृन्नयपद्धतिः ।
निर्विकल्पं तु तद्रूपं, गम्यं नानुभवं विना ॥ ९ ॥

૩. पश्यतु ब्रह्म निर्द्वन्द्वं, निर्द्वन्द्वानुभवं विना ।

ના હમ દરસન, ના હમ પરસન,

રસ ન ગંધ કછુ નાંહિ,

આનંદઘન ચેતનમય મૂરત...

• • •

'ના હમ મનસા, ના હમ શબદા, ના હમ તન કી ધરની...' હું છું શબ્દાતીત, વિચારાતીત, દેહાતીત સંઘટના.

શબ્દો અને વિચારો છે પૌદ્ગલિક, હું છું અપૌદ્ગલિક. મને પુદ્ગલોની શી અસર થાય ? કો'કે કંઈક કહ્યું. એ શબ્દો તો પૌદ્ગલિક હતા, અજ્યોતિર્મય; હું છું જ્યોતિર્મય. મને શબ્દો વડે શું થાય ? હા, મહાપુરુષના શબ્દો પ્યારા, પ્યારા મળે ત્યારે તેમાંથી નિષ્પન્ન થતા માર્ગ ભણી ચાલી શકાય.

જ્યોતિર્મય આત્મા, અજ્યોતિર્મય પૌદ્ગલિક સંઘટના. યાદ આવે શ્રી શીતલજિન સ્તવના : 'જ્યોતિસું જ્યોત મિલત જબ ધ્યાવે, હોવત નહિ તબ ન્યારા...' મઝાની વાત આવી અહીં. જ્યોતિર્મય પરમાત્માનું ધ્યાન કરવું છે. શી રીતે કરવું ? જ્યોતિર્મય બનીને જ્યોતિર્મયનું ધ્યાન કરવું એ વિધિ અહીં બતાવી. 'હોવત નહિ તબ ન્યારા.' તો શાશ્વતીના સ્તરનું મિલન થશે.

જ્યોતિર્મયનું ધ્યાન જ્યોતિર્મય બનીને કરવું એટલે શું ? શબ્દ અજ્યોતિર્મય, વિચાર અજ્યોતિર્મય, દેહ અજ્યોતિર્મય... શબ્દ, વિચાર અને દેહાધ્યાસને પેલે પાર અનુભૂતિના ક્ષેત્રમાં જઈને પ્રભુને મળવાનું.

પ્રભુ પરમ સમતામય છે. સાધક સમભાવની અનુભૂતિમાં જાય ત્યારે એવું બને કે એક બાજુ સમભાવનો સમંદર, બીજી બાજુ (સાધકની બાજુ)

સમભાવનું ઝરણું... ઝરણું સમંદરમાં મળી જાય... કેવી મઝાની આ અભેદાનુભૂતિ !

• • •

'ના હમ મનસા, ના હમ શબદા, ના હમ તન કી ધરણી...' પછી કહે છે યોગીરાજ : 'ના હમ ભેખ, ભેખધર નાંહિ, ના હમ કરતા કરની.' હું વેષ પણ નથી અને વેષધર પણ નથી. વેષ તો દેહને હોય; હું દેહાતીત ઘટના છું. વેષને અને મારે કોઈ સંબંધ નથી. વેષને ધારણ કરનાર પણ દેહ છે. હું નથી.

'ના હમ કરતા કરની.' વૈભાવિક દુનિયામાં પરસ્વભાવના કર્તા તરીકે પણ હું નથી કે નથી હું કોઈ જ પરના કાર્ય-સાધન રૂપે.

'ના હમ દરસન, ના હમ પરસન, રસ ન ગંધ કછુ નાંહિ...' પંચ વિંશતિકાના 'નેતિ-નેતિ'ના લયની વાત અહીં યાદ આવશે. હું દશ્ય કે દ્રષ્ટા નથી પરનો, હું પરનો સ્પર્શ કરનાર નથી. ન રસ કે ગંધ મારામાં છે...

હું છું 'આનંદઘન ચેતનમય મૂરત...'

• • •

નેતિ-નેતિના આ લયમાં વહી આવી છે પ્રસ્તુત કડી :

પુણ્ય પાપ વ્રત અવ્રત,
મુગતિ દોઉકે ત્યાગ;
અવ્રત પરે વ્રત ભી તજે,
તાતેં ધરી શિવરાગ...

સ્વરૂપસ્થિતિમાં પાપ તો નથી, પણ પુણ્ય પણ નથી. અવ્રત તો નથી, વ્રતો પણ નથી.

વ્રતો/મહાવ્રતો સાધન કોટિમાં છે. અહિંસા મહાવ્રતની પાલના તમને અહિંસક ભાવનાં મઝાનાં સ્તરો પર મોકલે. નિશ્ચય અહિંસાની વાત કરીએ તો, નિર્વિકલ્પ અવસ્થા તરફ ચાલવું તે નિશ્ચય અહિંસા...

પણ અહીં ચાલવાનું છે.

મંજિલ મળે પછી યાત્રા ક્યાં ?

મોક્ષ / સ્વરૂપસ્થિતિ છે મંજિલ.

■

## ૭૦

## આધાર સૂત્ર

*પરમ ભાવ પ્રાપ્તિ લગે,*
*વ્રત ધરી અવ્રત છોડી;*
*પરમ ભાવ રતિ પાયકે,*
*વ્રત ભી ઈનમેં જોડી...(૭૦)*

પહેલાં, હિંસા વગેરે અવ્રતોનો ત્યાગ કરવો જરૂરી છે. જ્યાં સુધી પરમ વીતરાગભાવ પેદા ન થાય ત્યાં સુધી મહાવ્રતોને ધારણ કરવા જોઈએ. પરમ વીતરાગતા પ્રાપ્ત થાય ત્યારે વ્રતો તેમાં જોડાઈ જાય છે.

# ૭૦

## પરમ ભાવની પ્રાપ્તિ

અઈમુત્તા મુનિ. કાચલી તરાવી પાણીમાં બાળસુલભ ચેષ્ટાથી. ખ્યાલ નથી કે આ ચેષ્ટા દ્વારા અપ્કાયના જીવોની કેટલી વિરાધના થાય.

સાથે આવેલા મુનિવરે જ્યારે આ વાત પર બાળમુનિનું ધ્યાન દોર્યું ત્યારે તેઓ ધ્રૂજી ગયા : આહ ! આટલા બધા જીવોને આવી પીડા મારા દ્વારા પહોંચી !

સમવસરણ સુધીની તેમની યાત્રા પશ્ચાત્તાપ-યાત્રા બની ગઈ. સમવસરણમાં આવ્યા પછી ઈરિયાવહી સૂત્ર પ્રતિક્રમતાં આંખો ચોધાર વરસી રહી. 'જે મે જીવા વિરાહિયા...' બોલતાં તો આંસુનો બંધ તૂટી ગયો.

કોમળતા આત્મૌપમ્યમાં બદલાઈ. પોતાની જાત જેવા જ દરેક આત્માને જોવાના તે આત્મૌપમ્ય.

આત્મૌપમ્યની એક મઝાની હમણાંની ઘટના યાદ આવે છે.

રમણ મહર્ષિના આશ્રમમાં રાત્રે ચોરો આવ્યા. લોકો જાગી જતાં ચોરો પકડાઈ ગયા. રમણ મહર્ષિ પાસે ચોરોને લઈ જવાયા. પૂછવામાં આવ્યું કે એમનું શું કરવું ?

મહર્ષિએ કહ્યું કે તેમને છોડી મૂકો ! શિષ્યો તો આજ્ઞાંકિત હતા. ગુરુની મનોભાવનાને તેઓ સમજતા હતા. પરંતુ જે લોકો નવા મહેમાન તરીકે સાંજે જ આવેલા, તેઓને આ વાત સમજાઈ નહિ. તેમણે મહર્ષિને કહ્યું : આ રીતે તો સમાજની વ્યવસ્થા કેમ ચાલે ? દોષિતને દંડ થવો જ જોઈએ.

મહર્ષિએ પૂછ્યું એ લોકોને : તમે જમવા બેઠા હો અને તમારા દાંતો તળે તમારી જીભ કચરાઈ જાય તો દાંતને શું સજા કરો ?

મહેમાનોએ કહ્યું : દાંત પણ અમારા... દાંતને શું સજા થાય ?

મહર્ષિ કહે છે : આ ચોરો પણ સમાજનું જ એક અંગ નથી ? અને તમારા જેવાઓની ઉપેક્ષાથી એમને આ માર્ગ પર જવું પડ્યું હોય તેમ નથી લાગતું ?

ચોરોની આંખોમાં આંસુ હતા. એમણે મહર્ષિને પગે પડીને કહ્યું : અમે હવે ક્યારેય ચોરી નહિ કરીએ...

• • •

આત્મૌપમ્ય.

અઈમુત્તાજી પાસે હતું આ આત્મૌપમ્ય. એમની કોમળતા સકલ જીવરાશિ સુધી ફેલાઈ.

પરંતુ આ કોમળભાવ પણ સાધનકોટિમાં છે; સાધ્યકોટિમાં નથી. વિસ્તરેલા એ આત્મૌપમ્યને પછી પોતાની આત્મદશામાં કેન્દ્રિત કરવામાં આવ્યું. આત્મગુણોની અનુભૂતિમાં એને લઈ જવામાં આવ્યું.

કઠોરતા જીવરાશિ પ્રત્યે હતી, એને હટાવવા કોમળતા જરૂરી હતી. કઠોરતાને હટાવવા/મિટાવવા માટેનું સાધન તે કોમળતા. એ કોમળતા આત્મસાત્ થઈ ગઈ. હવે ? એ કોમળતારૂપ સીડીનું / પગથિયાંનું કામ નથી.

સાધનામાર્ગના ભટકાવો પૈકીનો એક ભટકાવ આ છે : પગથિયાંમાં ઘર કરી લેવું. નહિ, પગથિયાં તો પહેલા કે બીજા માળ પર જવા માટેનું સાધન છે. પગથિયાંમાં ઘર કરવાનું નથી.

કોમળતારૂપી આત્મૌપમ્ય મળી ગયું. હવે દરેક આત્મા સરખા છે એ ભાવ સ્થાયી થયા પછી દરેક આત્મામાં / તેના ગુણો આદિમાં જવું જરૂરી નથી. હવે પોતાના ગુણોને અનુભવવા ઊંડે જવું છે.

• • •

આ સંદર્ભમાં એક મઝાનો ત્રિકોણ સમજી શકાય : રાગ, વિરાગ, વીતરાગદશા.

રાગના ખાડાને પૂરવા માટે વૈરાગ્યની માટી. અને જમીન સમતળ થઈ તે વીતરાગદશા. તો, વૈરાગ્ય સાધનકોટિમાં છે, વીતરાગદશા સાધ્ય છે.

• • •

આ સાધન અને સાધ્યકોટિના સંદર્ભમાં પ્રસ્તુત કડી આવી :

પરમ ભાવ પ્રાપ્તિ લગે,
        વ્રત ધરી અવ્રત છોડી;
પરમ ભાવ રતિ પાયકે,
        વ્રત ભી ઈનમેં જોડી...

પહેલાં અવ્રતોને છોડીને વ્રતો / મહાવ્રતો સ્વીકારવાના. પરમ-ભાવ, નિર્મળ આત્મભાવને મેળવવા માટે. પરમભાવની પ્રાપ્તિ થતી રહે તેમ વ્રતો પણ છૂટતાં જાય.

નિર્મળ આત્મદશા મેળવવા માટેનાં સાધન છે અહિંસાદિ મહાવ્રતો. નિર્મળ આત્મદશારૂપી મકાન મળી ગયું; હવે સાધનનું પ્રયોજન નથી.

સવાસો ગાથાના સ્તવનની કડીઓ યાદ આવે :

નિશ્ચય દૃષ્ટિ હૃદયે ધરી જી,
પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી,
ભવસમુદ્રનો પાર... ૫/૪

તુરંગ ચઢી જિમ પામીએ જી,
વેગે પુરનો પંથ;
મારગ તિમ શિવનો લહે જી,
વ્યવહારે નિર્ગ્રન્થ... ૫/૫

મહેલ ચઢંતાં જિમ નહીં જી,
તેહ તુરંગનું કાજ;
સફળ નહિ નિશ્ચય લહેજી,
તિમ તનુ કિરિયા સાજ. ૫/૬

મઝાની વાત આ કડીઓમાં કહેવાઈ. નિશ્ચયનયની દૃષ્ટિને હૃદયમાં રાખીને, તેની પ્રાપ્તિ માટે, તેના ઉપાયરૂપે જે આત્માઓ પંચાચારાદિ વ્યવહારને આચરે છે, તે પુણ્યાત્માઓ ભવસમુદ્રનો અંત પામે છે.

ઉદાહરણ આપ્યું આ વાતની પુષ્ટિ માટે : ઘોડા પર ચઢીને કોઈ માણસ ઈચ્છિત નગરના માર્ગ પર ચાલે છે; તે જ રીતે મુનિ વ્યવહાર દ્વારા મોક્ષનો માર્ગ મેળવે છે. નગરના માર્ગે ચાલ્યા પછી, તે નગર આવી ગયું. જેના ઘેર જવાનું હતું તે ઘર પણ આવી ગયું. હવે ? હવે ઘોડાને છોડી દેવાનો છે. ઘોડા પરથી ઊતરી મહેલમાં જવાનું છે. એ જ રીતે અમુક ક્રિયાઓ - કાયા દ્વારા થતી - તે તે મંજિલ (ક્રિયા દ્વારા મેળવવા યોગ્ય મંજિલ) ને મેળવ્યા પછી કરવાની નથી હોતી.

• • •

‘પરમ ભાવ રતિ પાયકે...’ પરમ ભાવનો આનંદ મળ્યો... એ મંજિલને મેળવવામાં સહાયરૂપ સાધનો દૂર થતાં જશે.

બહુ પ્યારી અભિવ્યક્તિ પૂજ્ય ચિદાનન્દજી મહારાજે એક પદમાં આપી છે :

‘અવધૂ ! પિયો અનુભવ રસ પ્યાલા...’

એ અનુભવ રસ શું કરે છે ?

‘અંતર સપ્ત ધાતુરસ ભેદી, પરમ પ્રેમ ઊપજાવે;

પૂરવ ભાવ અવસ્થા પલટી, અજબ રૂપ દરસાવે...’

સાતે ધાતુને ભેદી / વીંધી, ભીતર જઈને તે અનુભવ રસ પરમ પ્રેમની અવસ્થા આપે છે. પહેલાંનો, સાંસારિક પદાર્થો પરના પ્રેમનો ભાવ તો ક્યાંય દૂર ચાલ્યો જાય છે.

‘નખશિખ રહત ખુમારી જાકી...’

એ અનુભવ રસની ખુમારી પૂરી અસ્તિત્વમાં લહેરાય છે.

- ‘જિને એ પિયાલા પિયા તિનકું,

ઔર કેફ રતિ કૈસી ?’

જેણે એ અનુભવ રસનો પ્યાલો પીધો, એને બીજો કેફ કે એના દ્વારા થતો રતિભાવ કેમ હોઈ શકે ?

■

# ૭૧

## આધાર સૂત્ર

*દહન સમે જ્યું તૃણ દહે,*
*ત્યું વ્રત અવ્રત છેદી;*
*ક્રિયા શક્તિ ઈનમેં નહિ,*
*યા ગતિ નિશ્ચય ભેદી...(૭૧)*

જેમ અગ્નિ ઘાસને બાળીને પોતે તેમાં સમાઈ જાય છે. તેમ વ્રત પણ અવ્રતને નષ્ટ કરી પોતે વિલીન થાય છે.

જોકે, નિશ્ચય દૃષ્ટિએ એમ કહેવાય કે અવ્રતને છેદવાની શક્તિ વ્રતમાં નથી. અવ્રતને છેદવાની શક્તિ તો આત્માના સ્વભાવમાં રહેલી છે, વ્રતપાલન તે શક્તિનું ઉદ્દીપન કરે છે.

# ૭૧

## રસ અને રીઝ

પૂજ્ય ચિદાનન્દજી મહારાજ પરમાત્માની અકળ ગુણસૃષ્ટિને બિરદાવતાં કહે છે :

'અકલ કળા જગજીવન ! તેરી...
અંત ઉદધિથી અનંતગુણો તુજ જ્ઞાન મહા,
લઘુ બુદ્ધિ જ્યું મેરી...'

સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ અનંત ગુણું તારું જ્ઞાન છે... અને મારી બુદ્ધિ તો કેટલી નાનકડી !

પ્રભુના સ્વરૂપને, નિર્વિકલ્પતાની પૃષ્ઠભૂ પર જઈને, સ્વરૂપાનુભૂતિ દ્વારા અનુભવી શકાય. એ નિર્વિકલ્પતાની વાત કરતાં કહે છે :

'નય અરુ ભંગ નિક્ષેપ વિચારત,
પૂરવધર થાકે ગુણ હેરી;
વિકલ્પ કરત તાગ નહિ પાયો,
નિર્વિકલ્પ તે હોત ભયેરી...

નય અને નિક્ષેપાના ભાંગાને વિચારતાં ગુણસમૃદ્ધ પૂર્વધર મહર્ષિ પણ થાકી જાય છે. તેઓને લાગે છે કે વિકલ્પો કરતાં તત્ત્વની પ્રાપ્તિ થવાની નથી, તેથી તેઓ નિર્વિકલ્પ થયા.

નિર્વિકલ્પતાની પૃષ્ઠભૂ પર સ્વગુણ-સ્પર્શના. આનંદ જ આનંદ.

પ્રભુને પ્રાર્થે છે પૂજ્ય ચિદાનન્દજી મહારાજ :

'અંતર અનુભવ વિન તવ પદમેં,
યુક્તિ નહિ કોઈ ઘટત અનેરી;
ચિદાનન્દ પ્રભુ કરી કિરપા અબ,
દીજે તે રસ રીઝ ભલેરી...'

આંતર અનુભવ વગર પ્રભુના સ્વરૂપને પામવું તે અગમ્ય છે. પ્રભુ ! એવી કૃપા કરો કે તે રસ - પરમરસ મને મળે !

• • •

'રસ રીઝ.' રસરૂપી કૃપા.

હવે અહીં મઝાનું એક વર્તુળ ચાલુ કરાયું છે : રસ દ્વારા રીઝ. ફરી રીઝ (કૃપા) દ્વારા રસ... આમ વર્તુળ ચાલ્યા કરશે.

પ્રભુગુણની આંશિક અનુભૂતિ દ્વારા હૃદયની નિર્મળતા વધી. એ પૃષ્ઠભૂ પર પ્રભુનો પ્રસાદ વધુ તીવ્રતાથી ઊતરશે. એ પ્રસાદ ફરી ગુણાનુભૂતિમાં પલટાશે.

• • •

'ચિદાનન્દ પ્રભુ કરી કિરપા અબ, દીજે તે રસ રીઝ ભલેરી...' પ્રભુ ! કૃપા કરીને પરમરસનો પ્રસાદ આપો !

આ પૃષ્ઠભૂ પર પ્રસ્તુત કડીને ખોલીએ :

દહન સમે જ્યું તૃણ દહે,
　　　　ત્યું વ્રત અવ્રત છેદી;
ક્રિયા શક્તિ ઈનમેં નહિ,
　　　　યા ગતિ નિશ્ચય ભેદી...

આત્મશક્તિનું માહાત્મ્ય અહીં બતાવ્યું છે. અગ્નિ જેમ ઘાસને બાળીને પોતે વિલીન થઈ જાય છે, તેમ વ્રત અવ્રતને સમાપ્ત કરી પોતે વિલીન થાય છે. નિશ્ચય દૃષ્ટિએ જોઈએ તો અવ્રતને છેદવાની શક્તિ આત્મસ્વભાવમાં પડેલી છે. વ્રત-પાલન તે શક્તિનું ઉદ્દીપન કરે છે.

• • •

સ્વભાવ... આત્મભાવ...

ભગવદ્‌ગીતાનું એક સરસ વિધાન યાદ આવે : 'स्वभावोऽध्यात्ममुच्यते...' સ્વભાવ તે જ અધ્યાત્મ... સ્વભાવ ભણી જવું, ભીતર તરફ ડગલાં માંડવા તે જ અધ્યાત્મ. 'જ્ઞાનસાર' યાદ આવે : 'चारित्रमात्मचरणात्' આત્માને વિષે ચાલવું તે જ ચારિત્ર...

સ્વ તરફ જ ચાલવું છે.

મઝાની યાત્રા...

• • •

વ્રતપાલન તે વ્યવહાર.

આત્માનું સ્વભાવમાં રહેવું તે નિશ્ચય.

વ્યવહાર દ્વારા નિશ્ચય ભણીની આ મઝાની યાત્રા.

■

## ૭૨

## આધાર સૂત્ર

*વ્રત ગુણ ધારત અવ્રતી,*
*વ્રતી જ્ઞાન ગુણ હોઈ;*
*પરમાતમકે જ્ઞાનતેં,*
*પરમ આતમા હોઈ...(૭૨)*

અવ્રતી (વ્રત રહિત આત્મા) વ્રતને પ્રાપ્ત કરીને અને વ્રતી આત્મા જ્ઞાન ગુણ પ્રાપ્ત કરીને અનુક્રમે પરમાત્મજ્ઞાનથી, પરમાત્મદશાની અનુભૂતિ વડે પરમ પદને પામે છે.

# ૭૨

## આત્મભાવ ભણીનું પ્રયાણ

પૂજ્યપાદ ચિદાનન્દજી મહારાજા આત્માનુભૂતિ શી રીતે થાય તેનું બ્યાન કરતાં કહે છે : 'પણ તુમ દરિસન યોગથી, થયો હૃદયે હો અનુભવ પરકાશ; અનુભવ અભ્યાસી કરે, દુ:ખદાયી હો સહુ કર્મ વિનાશ...'

પ્રભુનું દર્શન અને અનુભવનું પ્રકાશી ઊઠવું. આત્માનુભૂતિનું ઝગી ઊઠવું.

પ્રભુના ક્ષમા ગુણનું દર્શન ભીતર કેવી તો લકીરો પેદા કરી શકે ? પ્રભુ મહાવીરસ્વામી ભગવાનના સાધનાકાળનું આ દશ્ય : અનાડી માણસ પ્રભુના કાનમાં ખીલા ઠોકે છે અને પ્રભુની આંખો આંસુભીની બને છે.

આ પ્રભુની દિવ્ય ક્ષમા આપણી ભીતર રહેલી ક્ષમાનો દિવ્ય આસ્વાદ ન આપી જાય ?

અને એને પગલે પગલે એ ગુણની અનુભૂતિ.

• • •

બહુ જ સરસ સૂત્ર અનુભૂતિ માટે આવ્યું : 'અનુભવ અભ્યાસી કરે...' અભ્યાસ જેમ સબળ બનતો જાય તેમ અનુભવ પ્રગાઢ બને.

અભ્યાસને સબળ બનાવવા માટે યોગસૂત્રમાં મહર્ષિ પતંજલિએ આ સૂત્ર આપ્યું છે : 'स तु दीर्घकाल-नैरन्तर्य-सत्कारासेवितो दृढभूमिः'... અભ્યાસ દઢ ત્યારે બને છે, જ્યારે તે લાંબા સમયથી અભ્યસ્ત હોય, નિરન્તરતાપૂર્વક અભ્યસ્ત હોય અને સત્કારપૂર્વક થયેલ હોય.

પહેલું ચરણ : દીર્ઘકાલ-અભ્યસ્તતા. વર્ષોનાં વર્ષો સુધીનો અભ્યાસ. દિગ્ગજ સંગીતજ્ઞોએ કહ્યું છે કે તેમણે 'સારેગમપધની'ના સૂરોમાંથી માત્ર 'સા'ને ઘૂંટવામાં દશ-દશ વર્ષ લીધાં છે.

ભીમસેન જોષીને અનુરાધા પૌંડવાલે પૂછેલું : આપે કયા રાગનું સર્જન કર્યું છે ? દરેક દિગ્ગજ સંગીતકાર પોતાના નામે એક રાગનું સૃજન કરી

જાય છે... એ દિગ્ગજ સંગીતકારની નમ્રોક્તિ આવી હતી : બેટી ! રાગ કે સૃજન કી ક્યા બાત કરતી હો ? હમ તો 'સા' સે 'રે' તક ભી નહીં પહુંચે હૈં !

મને એવા સાધકો જોઈએ છે, જેમણે ઈર્યા સમિતિ આદિને વર્ષો સુધી ઘૂંટી હોય.

• • •

નિરંતર-અભ્યસ્તતા. વર્ષો સુધીનો સાધનાનો અભ્યાસ. પણ એ જોઈએ નિરંતર. વચ્ચે એકાદ દિવસ પણ તે સાધના તૂટેલી ન હોય... અખંડ સાધના જોઈએ.

વર્ષો સુધી સાધના થાય, પણ વચ્ચે વચ્ચે જો એ તૂટી જાય તો તેનો ફૉર્સ / બળ નહિ રહે.

ધારો કે એક મહિનો સાધના ઘૂંટાઈ. ફરી અઠવાડિયું ન થઈ. ફરી થોડો સમય થઈ સાધના. ફરી છૂટી... એક બળ પેદા નહિ થાય. બળ અખંડિત લય દ્વારા પેદા થશે.

• • •

સત્કાર-અભ્યસ્તતા.

સાધનાને આદરપૂર્વક ઘૂંટવી છે. જેમ જેમ સાધના આગળ વધતી જાય તેમ તેમ આનંદ વધતો જાય. સાધનાના ગુણો જેમ જેમ મળતાં જાય તેમ તેમ સાધના પ્રત્યેનો આદર વધતો જાય.

પૂ. માનવિજય મહોપાધ્યાય પરમતારક શ્રી કુન્થુનાથ પ્રભુના સ્તવનમાં કહે છે : 'મિલિયા ગુણકલિયા પછી રે લાલ, બિછુરત જાયે પ્રાણ રે...' ત્રણ ચરણો અહીં બતાવ્યાં : આજ્ઞાધર્મનું મિલન, તે આજ્ઞાપાલન દ્વારા થતા ગુણોનો ખ્યાલ આવવો અને એ પછી આજ્ઞાધર્મ એવો અભ્યસ્ત થઈ જાય કે તેના વિના એક ક્ષણ રહી ન શકાય...

• • •

'અનુભવ અભ્યાસી કરે...' જેમ અભ્યાસ ઘૂંટાતો જાય તેમ અનુભવ સુદૃઢ બનતો જાય.

અભ્યાસ જ્ઞાતાભાવનો,

અભ્યાસ દ્રષ્ટાભાવનો.

જ્ઞાતાભાવ : ઉપયોગી જ્ઞયો જણાય ખરા, પણ ગમા-અણગમાની લાગણી ન રહે. અભ્યાસકાળમાં એવું થશે કે થોડીવાર જ્ઞાતાભાવમાં ઉપયોગ રહે. વળી છૂટી જાય. ફરી ખ્યાલ આવતાં તેનું અનુસંધાન થાય...

અને એ રીતે, દીર્ઘકાલ અભ્યસ્તતા અને નિરંતર અભ્યસ્તતા થશે.

અને એ અભ્યાસ જ્ઞાનગુણની અનુભૂતિમાં ફેરવાશે.

'પણ તુમ દરિસન યોગથી, થયો હૃદયે હો અનુભવ પરકાશ.'

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

વ્રત ગુણ ધારત અવ્રતી,<br>
વ્રતી જ્ઞાન ગુણ હોઈ;<br>
પરમાતમકે જ્ઞાનતેં,<br>
પરમ આતમા હોઈ...

વ્રતરહિત આત્મા વ્રત વડે અને વ્રતી આત્મા જ્ઞાન ગુણ વડે પરમાત્માના જ્ઞાનને અનુભવીને, પરમાત્મદશાની ઝલક મેળવીને પરમ પદને પામે છે.

એક મઝાનો સાધનાનો ગ્રાફ અહીં ઉચકાયો. પહેલાં વ્રતો નહોતાં મળેલાં. સદ્‌ગુરુના માર્ગદર્શનથી અહિંસાદિ વ્રતો / મહાવ્રતો મળ્યાં. એ મહાવ્રતોના પાલન વડે ભીતરી યાત્રા પ્રારંભાઈ.

મહાવ્રતો... ચારિત્ર... નિશ્ચય ચારિત્રની મઝાની આ વ્યાખ્યા થઈ : 'चारित्रमात्मचरणात्'. આત્મભાવમાં ચાલવું તે ચારિત્ર.

અહિંસાની વ્યાખ્યા મઝાની સવાસો ગાથાના સ્તવને આપી :

એકતા જ્ઞાન નિશ્ચય દયા,<br>
  સુગુરુ તેહને ભાખે;<br>
જેહ અવિકલ્પ ઉપયોગમાં,<br>
  નિજ પ્રાણને રાખે...

નિર્વિકલ્પ ઉપયોગમાં રહેવું તે નિશ્ચય અહિંસા. વિકલ્પો દ્વારા વિભાવોમાં જવાય એ જ તો હિંસા છે ને ! નિર્વિકલ્પ ઉપયોગમાં સ્થિતિ એ છે એકત્વાનુભૂતિ. સ્વરૂપદશા સાથેનું એકત્વ.

સ્વરૂપદશાની આ રમણતા, એ પ્રત્યેનું એક અદમ્ય આકર્ષણ સાધકને નિર્મળ અંતરાત્મદશાની પ્રાપ્તિ કરાવશે.

■

## ૭૩

## આધાર સૂત્ર

*લિંગ દેહ આશ્રિત રહે,*
*ભવ કો કારણ દેહ;*
*તાતેં ભવ છેદે નહિ,*
*લિંગ-પક્ષ-રત જેહ...(૭૩)*

લિંગ એટલે ચિહ્ન. સંપ્રદાયના સૂચક ભગવાં આદિ વસ્ત્રો, જટા વગેરે દેહને આધારે છે. અને દેહ તે સંસારનું કારણ છે. તેથી જેઓ વેષ આદિમાં જ આગ્રહ રાખનારા હોય છે, તેઓ મુક્તિને પામી શકતા નથી.

# ૭૩

## ‘વેધકતા વેધક લહે...

જ્યારે દૃષ્ટિ ઊંડી, વેધક બને છે ત્યારે જ તત્ત્વ મળે છે. પૂજ્ય વીરવિજય મહારાજ શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજામાં કહે છે : ‘વેધકતા વેધક લહે, બીજા બેઠા વા ખાય...’ બાહ્યદૃષ્ટિ વ્યક્તિત્વો માત્ર બહાર જ ફર્યા કરવાના.

'જ્ઞાનસાર'ના તત્ત્વદષ્ટિ અષ્ટકમાં, આ સંદર્ભે, મઝાની વાતો થઈ છે. એ કહે છે કે શરીરને બહિર્દષ્ટિ રૂડું, રૂપાળું, મઝાનું છે એમ જોશે. તત્ત્વદષ્ટિ આત્મા ગંદકીથી સભર એ શરીરને જોશે.[1]

શરીર દશ્ય છે. દ્રષ્ટા આત્મા છે. બસ, આ દૂરી સ્પષ્ટ સમજાઈ જાય તો શરીરમાં હુંપણાની બુદ્ધિ કઈ રીતે થશે ?

શરીર છે એક પર્યાય. પર્યાયને માત્ર જોવાનો હોય છે. એમાં ભળવાનું હોતું નથી.

પર્યાયને જોવાનો...

જોતાં આવડે તો, વૈરાગ્ય ઊપજે જ. એક નદીના પ્રવાહમાં એક યુવાન સ્ત્રી વહી ગઈ. બહાર ન નીકળી શકી. નીકળ્યું બહાર તેનું શરીર. કાંઠા પર ફેંકાયેલ એ મૃતદેહને જોઈને ત્યાંથી પસાર થતા એક યોગીપુરુષે વિચાર્યું : શરીર કેવું ક્ષણભંગુર છે ! આ દશ્ય જોઈને વૈરાગ્ય કોને ન ઊપજે ?

હમણાં એક મેડિકલમાં ભણતો વિદ્યાર્થી મને મળેલ. મને કહે : સાહેબ, પહેલાં ઘણાં પ્રવચનો સાંભળવા છતાં જે વૈરાગ્ય મને નહિ ઊપજેલો; આજે મૃતદેહની ચીરફાડ કરતાં ઊપજે છે. મેં મારા સાથીને હમણાં જ કહેલું : શરીરની હાલત તો આ જ છે. શું એના માટે આપણે આ બધી મથામણો કરીએ છીએ ?

---

૧. लावण्यलहरीपुण्यं, वपुः पश्यति बाह्यदृग् ।
तत्त्वदृष्टिः श्वकाकानां, भक्ष्यं कृमिकुलाकुलम् ॥ १९/५ ॥

પેલી યુવાન સ્ત્રીના મૃતદેહને એક બહિર્દષ્ટિ પુરુષે જોયો અને એને રાગદશા ઊપજી.

એક સોનીએ એ સાલંકાર યુવતીના મૃતદેહને જોયો. એની નજર એ સ્ત્રીએ પહેરેલા દાગીના પર ગઈ.

દશ્ય એક. એને જોઈને દ્રષ્ટા વૈરાગ્ય પણ પામી શકે. રાગ પણ.

• • •

બહિર્દષ્ટિ મોટા મહેલને જોઈ આશ્ચર્યચકિત બનશે : આવું અદ્‌ભુત મહાલય ! તત્ત્વદષ્ટિ સાધકને એ મહાલય ઈંટ-પથ્થરના ઢગલા જેવું દેખાશે.[૨]

શરીર પર કોઈએ ભસ્મ ચોપડી હોય કે કોઈએ પોતાના દેહ પર મેલનો થર વળગાડ્યો હોય; બહિર્દષ્ટિની ફૂટપટ્ટી આ સાધનાને મહત્ત્વપૂર્ણ ગણશે. અંતર્દષ્ટિવાળો સાધક તો આટલું જ જોશે : એ તથાકથિત સાધકમાં જ્ઞાનદશાનું ઊંડાણ કેટલું છે ![૩]

• • •

જોકે, પરિષહ-સહન એ પણ વ્યવહારચારિત્ર છે જ. એથી એને સાવ નગણ્ય કહી દેવાનું આપણને પાલવે નહિ. પરંતુ એ વ્યવહાર ચારિત્ર નિશ્ચય ચારિત્રનું પોષક હોવું જોઈએ.

---

૨. गजाश्वैर्भूपभवनं विस्मयाय बहिर्दृशः ।
तत्राश्वेभवनात् कोऽपि, भेदस्तत्त्वदृशस्तु नः ॥ ज्ञान० १९/६ ॥

૩. भस्मना केशलोचेन, वपुर्धृतमलेन वा ।
महान्तं बाह्यदृग्वेत्ति, चित्साम्राज्येन तत्त्ववित् ॥ ज्ञान० १९/७ ॥

પરિષહસહન છે વ્યવહાર ચારિત્ર. નિજગુણસ્થિરતા છે નિશ્ચય ચારિત્ર.

પરિષહ-સહન દ્વારા શરીર સાધના માટે સક્ષમ બને અને એ સાધના સાધકને નિશ્ચય ચારિત્ર ભણી દોરી જાય.

• • •

પણ, નિશ્ચય ચારિત્ર - સ્વગુણસ્થિરતા ભણી લંબાય એવી વ્યવહાર સાધના ન હોય ત્યારે તે વ્યવહારાભાસ બની શકે.

એ સંદર્ભમાં જ પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે સાડા ત્રણસો ગાથાની સ્તવનામાં કહ્યું : 'જો કષ્ટે મુનિમારગ પાવે, બળદ થાય તો સારો...' માત્ર કષ્ટવૃત્તિ વડે જ જો ચારિત્ર મળી જતું હોય તો ઘાંચીનો બળદ કેટલું કષ્ટ સહન કરે છે ?

કષ્ટવૃત્તિરૂપ વ્યવહાર ચારિત્ર નિશ્ચય ચારિત્રમાં પરિણમે તો બરોબર કહેવાય.

• • •

આ સંદર્ભે પ્રસ્તુત કડી જોઈએ :

લિંગ દેહ આશ્રિત રહે,
   ભવ કો કારણ દેહ;
તાતેં ભવ છેદે નહિ,
   લિંગ-પક્ષ-રત જેહ...

વેષ દેહને આધારે છે અને દેહ તો સંસારનું કારણ છે. તેથી જેઓ વેષ આદિમાં જ આગ્રહ રાખનારા હોય, તેઓ મુક્તિને પામી શકતા નથી.

ઝોક, સાધના પર હોય. સાધનાની દૃઢતા પર હોવો જોઈએ. રાગ, દ્વેષ, અહંકારની શિથિલતા એ જ તો સાધના છે. સાધકે એના પર જ મીટ માંડીને સતત ચાલવાનું છે.

■

## ૭૪

## આધાર સૂત્ર

*જાતિ દેહ આશ્રિત રહે,*
*ભવ કો કારણ દેહ;*
*તાતેં ભવ છેદે નહિ,*
*જાતિ-પક્ષ-રત જેહ...(૭૪)*

બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ જાતિઓ દેહને આશ્રિત છે અને દેહ એ સંસારનું કારણ છે. માટે જેઓ જાતિના જ અભિમાનમાં રહે તેઓ મુક્તિને પામી શકે નહિ.

# ૭૪

## ઉપાદાન શુદ્ધિનો
## મઝાનો માર્ગ

મહામના કુમારપાળ મહારાજા 'આત્મનિન્દા દ્વાત્રિંશિકા'માં કહે છે :

हित्वा स्वदेहेऽपि ममत्वबुद्धिं,
श्रद्धापवित्रीकृतसद्विवेकः ।
मुक्तान्यसङ्गः समशत्रुमित्रः,
स्वामिन् ! कदा संयममातनिष्ये ॥

સંયમ પ્રાપ્તિ માટેની ચાર સજ્જતાઓની વાત અહીં છે : દેહને વિષે મારાપણાની બુદ્ધિનો ત્યાગ, શ્રદ્ધા વડે પવિત્ર થયેલ વિવેક, વિભાવોમાં લઈ જાય તેવા સંગનું દૂરીકરણ અને સમશત્રુમિત્રભાવ.

શરૂઆતનું ચરણ છે દેહમાં મારાપણાની બુદ્ધિનો ત્યાગ. હું છું આનંદઘન આત્મા. અને મારા ગુણો છે જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ.

ભ્રમણામાં આથડવાનું આ કારણે થયું : જે હું નથી, તેમાં હું બુદ્ધિ થઈ; જે મારું નથી, તેમાં મારાપણાની બુદ્ધિ થઈ.

• • •

દેહમાં હુંપણાની બુદ્ધિ તે ભ્રમ. આત્મામાં હુંપણાની ધારણા તે શ્રદ્ધા. આ શ્રદ્ધાથી યુક્ત જાગૃતિ એ બીજું ચરણ.

આ જાગૃતિ, વિવેક આવતાં પરનો સંગ છૂટી જાય છે. આ ત્રીજું ચરણ.

અને છેલ્લું ચરણ છે સમશત્રુમિત્રભાવ. જોકે, આ શબ્દ - સમશત્રુમિત્રભાવ - અત્યારની સાધનાની પ્રારંભિક અવસ્થાનો સૂચક છે. સાધનાના ઉપરના પડાવોમાં તો શત્રુ જેવું છે જ કોણ ?

• • •

આહ્લાદક સ્તુતિ છે પાર્શ્વનાથ પ્રભુનાં ચરણોમાં પેશ થયેલી : ‘कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्म कुर्वति; प्रभुस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेऽस्तु वः ॥’

કમઠ પરમાત્માના પરમ પાવન શરીર પર ઉપસર્ગોની ઝડી વરસાવે છે અને ધરણેન્દ્ર પ્રભુની ભક્તિ કરે છે; એ સમયે પ્રભુ સમવૃત્તિવાળા છે.

કઈ રીતે આ બન્યું ?

પ્રભુના છદ્મસ્થકાળની આ ઘટના છે. સ્તુતિકાર કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રસૂરિ મહારાજે પડદા પાછળની વાત આ રીતે કહી :

'स्वोचितं कर्म कुर्वति...' બંને પોતપોતાને ઉચિત કામ કરી રહ્યા છે એમ પ્રભુએ માન્યું.

કેટલી સરસ વાત !

કોણે શું કરવું અને કેમ કરવું એ એ વ્યક્તિ જાણે. પોતાને એની સાથે શી નિસબત ?

અને બીજી વાત : પોતાનો કર્મોદય છે. એ કર્મ ઉદયમાં આવવાનું જ હતું. નિમિત્ત આ વ્યક્તિ બને કે પેલી; શો ફરક પડે છે ?

ઉપાદાનની શુદ્ધિ તરફ દોરી જનારી આ ઘટના નિમિત્તોના જગતથી આપણને બહાર કરી મૂકે છે.

• • •

એક શ્રાવક એક ગામમાં રહે. પ્રભુની ભક્તિ બહુ જ સારી રીતે કરે. પાર્શ્વનાથ દાદા મૂળનાયક તરીકે. રોજ 'कमठे धरणेन्द्रे च'... સ્તુતિ બોલતાં તેમની આંખો છલછલાઈ ઊઠે : દાદા ! આવા ભાવની એક નાનકડી ઝલક તો મને આપજો !

દેરાસરની બાજુમાં એક ઘર. એ ઘરવાળા ભાઈ મુંબઈ રહે. દૂરના ગામડે રહેતા તેમના સંબંધીને આ ઘર તેમણે ભાડે આપ્યું. આ ભાડૂઆતને ધર્મ જોડે કોઈ સંબંધ નહિ, એટલું જ નહિ, ધાર્મિકો પ્રત્યે તિરસ્કાર...

પેલા શ્રાવકજી પૂજા કરવા આવે ત્યારે આ ભાઈ ઘરની બહાર બેઠા હોય અને પટ્ટી ઉતારેઃ વાહ ! આ જ તો ભગવાનને બરોબર છેતરી નાખવાના લાગે છે. ઓહ ! શું ઠાઠ ઠઠારો, શું ભપકો !

રોજ જતાં અને વળતાં પેલા ભાઈ આ શ્રાવકજીની પટ્ટી ઉતારે. પણ શ્રાવકજી એટલા તો ભીના કે આ શબ્દોની કોઈ જ અસર તેમને ન થાય.

ચારેક મહિના આ રીતે વીત્યા હશે. શિયાળામાં શ્રાવકજીના દીકરાએ મુંબઈથી સરસ બદામનું પૅકેટ મોકલ્યું પિતાજી પર. એ પૅકેટ હાથમાં આવતાં શ્રાવકજીને પેલા નિન્દક ભાઈ યાદ આવ્યા. બદામના પૅકેટ પર સ્લિપ ચોડી તે પર એમણે લખ્યું : આપ મને સુધારવા માટે આપની ઘણી શક્તિ વાપરો છો; બદામનું આ પૅકેટ એ આશયથી મોકલું છું કે આપે મારા માટે વહાવેલ શક્તિ કંઈક અંશે આના દ્વારા મળી રહે.

બદામનું એ પૅકેટ પેલા ભાઈને પહોંચાડ્યું. સ્લિપ વાંચતાં એમની આંખો ભીની બની : આવો પણ માણસ હોઈ શકે ? મેં એમના માટે આટલા ખરાબ શબ્દો રોજે વાપર્યા; ને એ મને બદામ મોકલે ! એનું હૃદય પરિવર્તન થયું. એણે શ્રાવકજીની માફી માગી.

• • •

સંયમપ્રાપ્તિ માટેની ચાર સજ્જતાઓમાં પહેલી હતી : દેહ પ્રત્યેના મમત્વનો ત્યાગ.

આ પૃષ્ઠભૂ પર આ કડી જોઈએ :

જાતિ દેહ આશ્રિત રહે,
  ભવ કો કારણ દેહ;
તાતેં ભવ છેદે નહિ,
  જાતિ-પક્ષ-રત જેહ...

બ્રાહ્મણ-ક્ષત્રિય આદિ જાતિઓ દેહને આધારે છે. અને દેહ સંસારનું કારણ છે. તેથી જાતિના પક્ષમાં, અભિમાનમાં રક્ત વ્યક્તિ સંસારને દૂર કરી શકે નહિ.

સાધકની નજર માત્ર ને માત્ર સાધના પર હોય. સાધકનું એક મઝાનું વિશેષણ આ છે : સાધનૈકદષ્ટિ. જેની દષ્ટિ માત્ર સાધના પર છે.

એ દરેક ઘટનામાં એટલું જ જુએ કે આનાથી મારી સાધના વિકસિત થશે કે નહિ.

■

## ૭૫

## આધાર સૂત્ર

*જાતિ-લિંગ કે પક્ષમેં,*
*જિનકું હૈ દૃઢ રાગ;*
*મોહજાલમેં સો પરેં,*
*ન લહે શિવસુખ ભાગ...(૭૫)*

જે મનુષ્યને જાતિ અને લિંગ (વેષ)ના પક્ષમાં જ એકાન્ત રાગ છે, એટલે જાતિ અને વેષને જ મુક્તિનું કારણ માને છે. તે અજ્ઞાની જીવ મોહની જાળમાં ફસાયેલો છે. તે મોક્ષ સુખ પામી શકતો નથી.

# ૭૫

## રાગ, દ્વેષની શિથિલતા

મોક્ષના સુખની વાત કરતાં 'પરમાત્મ પંચવિંશતિકા'માં મહો. યશોવિજયજી મહારાજે કહ્યું : 'વાણી જ્યાંથી પાછી ફરે છે, મનની જ્યાં ગતિ નથી; તે શુદ્ધ અનુભવ વડે જાણી શકાય તેવું મોક્ષનું સુખ છે.[૧]

---

૧. यतो वाचो निवर्तन्ते, न यत्र मनसो गतिः ।
शुद्धानुभवसंवेद्यं, तद्रूपं परमात्मनः ॥ पर० पंच० ४ ॥

શબ્દોને પેલે પારનું આ સુખ. કલ્પનાને પેલે પારનું આ સુખ.

ઘણા લોકો પદાર્થ આદિના સંગથી ઊપજતા સુખને સુખ કે આનંદ કહી દે છે. આનંદની મઝાની વ્યાખ્યા છે અસંગજન્યતાને કારણે ઊપજતો હર્ષ.

સંગજન્ય હર્ષ તે રતિ.

રતિ અને અરતિ એ તો એક સિક્કાનાં બે પાસાં છે. જે સંગથી રતિની કલ્પના થતી હોય, તેથી જ અરતિનો અનુભવ થઈ શકે છે.

સંગીતની સીડી સાંભળી. ગીતો ગમ્યાં. વારંવાર હવે એ રિપીટ કરવામાં આવે તો... ?

પ્રાચીન કથા મને યાદ આવે છે. રાજા જમવા બેઠેલ. ભીંડાનું ભરવું શાક સારું લાગ્યું એને. મંત્રી જોડે બેઠેલ. રાજા કહે : ભીંડો એટલે ભીંડો. શાકમાં રાજા ગણાય એ. એના જેવું એક પણ શાક નહિ. મંત્રી કહે : બરોબર છે વાત. ભીંડા જેવું તો એક પણ શાક નહિ જ.

મંત્રીએ રસોઈયાને કહ્યું કે રાજાજી માટે રોજ ભીંડાનું શાક બનાવવું. રોજ ભીંડાનું શાક સવાર-સાંજ બનવા લાગ્યું. અઠવાડિયામાં તો રાજા કંટાળી ગયા. મંત્રીને કહે : આ શું માંડ્યું છે ? રોજ ભીંડાનું શાક ! બીજું શાક મળતું જ નથી કે શું ? ભીંડો તો સાવ નકામું શાક છે.

મંત્રી કહે : જી, હવે ખ્યાલ રાખીશ. ભીંડો નકામું શાક જ ગણાય. અચાનક રાજાએ પૂછ્યું : પહેલાં તો તમે જ કહેતા'તા કે ભીંડા જેવું એક પણ શાક નહિ.

મંત્રી કહે : સાહેબ, હું તમારો નોકર છું. ભીંડાનો નહિ ! તમે કહ્યું : ભીંડા જેવું એક પણ શાક નહિ, તો મેં એમ કહ્યું. તમે કહ્યું કે એના જેવું નકામું શાક એક પણ નહિ, તો મેં એમ કહ્યું. રાજા હસી પડ્યા.

• • •

તમે જેને સુખ કહો છો, એ વસ્તુમાં કે વ્યક્તિમાં છે કે તમારી કલ્પનામાં છે ? એક વ્યક્તિ માટે ઝૂરી મરનાર વ્યક્તિ એ જ વ્યક્તિને દૂર કરવા માટે પ્રાણોની લડાઈ ખેલી દે, ત્યારે માનવું જ પડે કે સુખ એ વ્યક્તિમાં નહોતું. આની કલ્પનામાં હતું.

વાસ્તવિક સુખ માટે આથી જ, शुद्धानुभवसंवेद्यम् વિશેષણ મૂક્યું છે. તમારો અનુભવ સમાજ કે વ્યક્તિસમૂહો, જેમની વચ્ચે તમે રહો છો, એના આધારે ઘડાયો હોય તો એને શુદ્ધ અનુભવ ન કહી શકાય. હા, એને ઊછીનો અનુભવ કહી શકાય !

તમારો પોતીકો અનુભવ... એ વાત પણ અહીં નથી. તમારો પોતીકો કહેવાતો અનુભવ સમાજ દ્વારા પ્રભાવિત હોય તો એને પોતીકો કેમ કહેવાય ? એ જ રીતે અનાદિની પરિગ્રહ સંજ્ઞાથી પ્રભાવિત અનુભવ હોય તો પણ એને તમારો અનુભવ કેમ કહી શકાય ?

માટે સરસ વિશેષણ આવ્યું : 'शुद्धानुभवसंवेद्यम्' શુદ્ધ અનુભવ દ્વારા અનુભવાય એવું સુખ...

જ્ઞાતાભાવ અને દ્રષ્ટાભાવ કે ઉદાસીનભાવમાં સાધક હશે ત્યારે તો રતિ કે અરતિને એ સ્પર્શશે પણ નહિ. કારણ કે જ્ઞાતાભાવની પળોમાં જે અનુભવ થશે તે શુદ્ધ અનુભવ હશે.

મોક્ષનું આ સુખ...

હવે તો એ જ જોઈએ.

નિષેધાર્થક રીતે આ કડી ખૂલશે :

જાતિ-લિંગ કે પક્ષમેં,
જિનકું હૈ દઢ રાગ;
મોહજાલમેં સો પરે,
ન લહે શિવસુખ ભાગ...

જાતિ અને વેષનું અભિમાન જો આવી ગયું તો મોક્ષસુખ દૂરની ઘટના બની જશે. અહંકાર આવી ગયો ને !

મોક્ષ એટલે રાગ, દ્વેષ, અહંકાર આદિનો વિલય. અને એટલે જ એ માટેની સાધના થશે રાગ, દ્વેષ, અહંકારની શિથિલતા.

■

## ૭૬

## આધાર સૂત્ર

*લિંગ દ્રવ્ય ગુન આદરે,[1]*
*નિશ્ચય સુખ[2] વ્યવહાર;*
*બાહ્ય લિંગ હઠ નય મતિ[3],*
*કરે મૂઢ અવિચાર...(૭૬)*

દ્રવ્યલિંગ આત્મગુણોના સ્વીકારમાં નિમિત્તરૂપ છે. નિશ્ચય નય વડે સાધ્ય મોક્ષસુખમાં દ્રવ્યલિંગ (દ્રવ્ય વેષ) વ્યવહારથી કારણરૂપ છે.

પરંતુ દ્રવ્ય વેષ એકાંતે મોક્ષનું કારણ નથી. તેમ છતાં જે મૂઢ મનુષ્ય કેવળ બાહ્ય વેષમાં જ હઠ-કદાગ્રહ રાખે છે, તે વસ્તુના યથાર્થ સ્વરૂપનો વિચાર કરી શકતો નથી.

૧. આદરિ, D ૨. મુખ, B - D ૩. ગતિ, B - D - F

# ૭૯

## તમે સ્વમાં જ હો...

પરમ તારક શ્રી અરનાથ પ્રભુના સ્તવનમાં પૂજ્યપાદ આનંદઘનજી મહારાજ કહે છે : 'શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે; પર તણી છાંયડી જિહાં પડે, તે પર સમય નિવાસ રે...'

શુદ્ધ આત્મદ્રવ્યનો, શાશ્વતીના લયનો અનુભવ એ જ છે સ્વસમય. પરમાં, વિભાવોમાં જવાયું તો એ પર સમય.

શુદ્ધ આત્મદ્રવ્યનો અનુભવ...

કેવો તો એ અનુભવ હોય છે ? શબ્દોને પેલે પારનો એ અનુભવ.

તમે એને અનુભવી શકો. કહી ન શકો.

• • •

વિકલ્પોમાં ભળવાને કારણે આપણે કેટલું ગુમાવ્યું ? આપણે આપણા સ્વરૂપથી જે ચ્યુત થયા છીએ, તેમાં મુખ્ય ફાળો વિકલ્પોનો છે.

તમે પરમાં છો, માટે સ્વમાં નથી.

પરમાં ન હો તો –

વિકલ્પોમાં ન હો તો...

સ્વમાં જ હો ને !

• • •

મીરપુર (રાજસ્થાન) તીર્થમાં હું ત્રણેક દિવસ માટે ગયેલો. ચાતુર્માસ પાવાપુરી (રાજસ્થાન) તીર્થમાં હતું. પર્યુષણા પછી મીરપુર ત્રણ દિવસ માટે જવાનું થયું.

દિવસે તો પ્રભુની ભક્તિ કરી. રાત્રે પ્રતિક્રમણ કરી સૂવાની તૈયારી થઈ ત્યાં મઝાનો અવાજ શરૂ થયો : ઝરણું પર્વત પરથી પટકાય અને સંભળાય તેવો. રાત્રે વચ્ચે વચ્ચે જાગતો રહ્યો ત્યારે એ નિનાદ સંભળાતો રહ્યો.

આ નાદ સાથે અનુસંધાન થયું ભીતરી નાદનું. એમ લાગ્યું કે ભીતર બજી રહેલ અનાહત નાદનું જ બહારી રૂપ છે આ ઝરણાનો નિનાદ.

સવારે પાંચ વાગ્યે એ નાદ સંભળાતો બંધ થયો. મેં ત્યાંના મેનેજરને પૂછ્યું કે રાત્રે અવાજ આવતો હતો, એ શેનો હતો ? એમણે કહ્યું : આ વર્ષે વરસાદ વધુ પડ્યો છે. પર્વતની ટોચ પર પાણી ઘણું ભરાયું છે. તે ઝરણા રૂપે નીચે પટકાય છે.

મેં પૂછ્યું : સવારે એ નાદ સંભળાતો બંધ કેમ થઈ ગયો ? એમણે કહ્યું : જંગલ શાંત હતું ત્યારે અવાજ સંભળાયા કર્યો. જંગલમાં લોકોની અવરજવર ચાલુ થઈ, જંગલ બોલતું થયું એટલે પેલો નાદ સંભળાતો બંધ થયો.

મને થયું : વિકલ્પોના જંગલનો અવાજ ભીતરના મધુરા નાદને ચૂપ કરી દે છે એવું જ આ તો થયું !

• • •

આ પૃષ્ઠભૂ પર કડી લઈએ :

લિંગ દ્રવ્ય ગુન આદરે,
    નિશ્ચય સુખ વ્યવહાર;
બાહ્ય લિંગ હઠ નય મતિ,
    કરે મૂઢ અવિચાર...

દ્રવ્યલિંગ આત્મગુણોના સ્વીકારમાં નિમિત્તરૂપ છે. નિશ્ચય નય વડે સાધ્ય જે મોક્ષસુખ છે, તેમાં દ્રવ્યલિંગ (બાહ્ય વેષ) વ્યવહારથી કારણ છે. પરંતુ

દ્રવ્ય વેષ એકાંતે મોક્ષનું કારણ નથી. તેમ છતાં જે મૂઢ મનુષ્ય કેવળ બાહ્ય વેષમાં જ કદાગ્રહ રાખે છે, તે વસ્તુના યથાર્થ સ્વરૂપનો વિચાર કરી શકતો નથી.

• • •

પ્રભુના વેષને ગ્રહણ કરીને ચાલતા મહાત્મા માટે એક શબ્દ સૂઝે : વેષ પરમાત્મા. પ્રભુના શ્રામણ્યના સ્વીકારના પ્રતીક સમ પ્યારો પ્યારો વેષ અને એ વેષ ગ્રહ્યા પછી થતી સામાચારીનું પાલન મઝાની સાધના છે.

માત્ર એ વેષ ધારણ કરનાર સાધકની સામે પોતાના અંતિમ લક્ષ્ય રૂપે સ્વરૂપસ્થિતિ ઊભરેલી હોવી જોઈએ. નિશ્ચય સાધના છે સ્વરૂપસ્થિતિની પ્રાપ્તિ. એને લક્ષ્યમાં રાખીને દોડાય છે ત્યારે પ્રભુનો વેષ નિશ્ચય સાધનાનું સાધન બની રહે છે.

અભવ્ય આત્મા પ્રભુના વેષને ધારી રાખે છે. પણ તેના અંતિમ લક્ષ્ય રૂપે ભૌતિક સુખો હોય છે, તેથી ગ્રૈવેયક સુધી, શ્રામણ્યપાલન દ્વારા, એ પહોંચી શકે છે. પરંતુ સ્વરૂપસ્થિતિ પામવી, મુક્તિસુખ મેળવવું એ એનું લક્ષ્ય જ નથી; તેથી એ ચૂકી જાય છે.


■

# સમાધિ શતક

| | | |
|---|---|---|
| ભાગ-૧ | : | કડી ૧ થી ૨૦ |
| ભાગ-૨ | : | કડી ૨૧ થી ૪૭ |
| ભાગ-૩ | : | કડી ૪૮ થી ૭૬ |
| ભાગ-૪ | : | કડી ૭૭ થી ૧૦૪ |

## પ.પૂ.આચાર્ય યશોવિજયસૂરિ મહારાજ દ્વારા લખાયેલ પુસ્તકો

- **દરિસન તરસીએ ..... ભા. ૧-૨ (દ્વિતીય આવૃત્તિ)**
  (ભાગવતી સાધનાની સસૂત્ર વ્યાખ્યા)
- **'બિછુરત જાયે પ્રાણ .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ સિદ્ધર્ષિ મહારાજ કૃત જિનસ્તવના પર સંવેદના)
- **'આતમજ્ઞાની શ્રમણ કહાવે .....'**
  (ઉત્તરાધ્યયન સૂત્રના ૧૫મા સભિક્ખુ અધ્યયન ઉપર સંવેદના)
- **'મેરે અવગુન ચિત્ત ન ધરો .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (કુમારપાળ ભૂપાળ કૃત 'આત્મનિન્દા દ્વાત્રિંશિકા' પર સંવેદના)
- **ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે .....**
  (શ્રી આનંદઘનજી મહારાજની સ્તવનાઓ પર સંવેદના) (સ્તવન-૧ થી ૫)
- **પ્રભુનો પ્યારો સ્પર્શ**
  (પરમ પાવન શ્રી દશવૈકાલિક સૂત્ર (૧ થી ૪) પરની વાચનાઓ)
- **આત્માનુભૂતિ**
  (યોગપ્રદીપ, જ્ઞાનસાર આદિ ગ્રન્થો તથા પૂ. ચિદાનંદજી મહારાજનાં પદોમાં મળતાં સાધના-સૂત્રો પર વિશ્લેષણ)
- **અસ્તિત્વનું પરોઢ**
  (હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા પર સ્વાધ્યાય)
- **અનુભૂતિનું આકાશ**
  (પૂ. દેવચન્દ્રજી મહારાજની અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય પર અનુપ્રેક્ષા)
- **રોમે રોમે પરમસ્પર્શ**
  (દેવાધિદેવ પ્રભુ મહાવીરની સાડાબાર વરસની લોકોત્તર સાધનાની આંતર કથા)
- **પ્રભુના હસ્તાક્ષર**
  (પરમ પાવન ઉત્તરાધ્યયન સૂત્રનાં કેટલાંક સાધનાસૂત્રો પર સ્વાધ્યાય)
- **ધ્યાન અને કાયોત્સર્ગ (દ્વિતીય આવૃત્તિ)**
  (ધ્યાન અને કાયોત્સર્ગ વિશેનો શાસ્ત્રીય સન્દર્ભો સાથેનો સ્વાધ્યાય)
- **પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે**
  (નવપદ સાધના)
- **એકાન્તનો વૈભવ (તૃતીય આવૃત્તિ)**
  (સ્મરણ યાત્રા)
- **રસો વૈ સઃ (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત શ્રી અભિનન્દન જિનસ્તવના પર સ્વાધ્યાય)
- **સાધનાપથ (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત શ્રી સુવિધિનાથ જિનસ્તવના પર સ્વાધ્યાય)
- **પરમ ! તારા માર્ગે (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત પ્રભુ મહાવીર સ્તવના પર સ્વાધ્યાય)
- **પ્રગટ્યો પૂરન રાગ**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત પ્રભુ નેમિનાથ સ્તવના પર સ્વાધ્યાય)






Kirit Graphics-09898490091